Rs. 6/-

શ્રી સ્વામિનારાયણ

November-December' 2008




પુલ્હાશ્રમતીર્થમાં સર્વોપરિ શ્રી નીલકંઠવર્ણીએ ઉગ્ર તપશ્ચર્યા કરી હતી ત્યાં આપણા મંદિર દ્વારા છત્રી- ચરણાવિંદ પધરાવ્યા છે તેની અલૌકિક તસવીર

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧. • Publisher : Shree Swaminarayan Temple, Ahmedabad-1.


















૧ જીરાગઢ-હાલાર (મૂળીપ્રદેશ)શ્રી રોકડીયા હનુમાનજી મહારાજનો અભિષેક કરતા પ.પૂ.મહારાજશ્રી. ૨ જીરાગઢમાં પ્રાસંગિક સભામાં દર્શન આપતા પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી. ૩.નારણધાટ મંદિર શરદોત્સવ પ્રસંગે દર્શન આપતા પ.પૂ.મહારાજશ્રી અને પ.પૂ.લાલજી મહારાજશ્રી ૪. કાંકરીયા મંદિરમાં બાલસ્વરૂપ કષ્ટભંજનદેવનો અભિષેક કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી
૫. નારણધાટ મંદિરમાં શરદોત્સવ પ્રસંગે રાસ રમતા સંત-હરીભક્તો. ૬. અમદાવાદ મંદિરમાં મેડીકલ કેમ્પમાં લાભ લેતા સંતો ૭.ધ.ધુ.આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત **TERF** સ્કુલ ખાતે **S.V.S.** કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શનનુ ઉદ્ઘાટન કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી સાથે પૂ.શા.સ્વા.આત્મપ્રકાશદાસજી ૮.માણસા મંદિરમાં સત્સંગ સભામાં દર્શન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી.



સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭

ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

www.swaminarayanmuseum.com

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)

૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

સ્વામી નારાયણસ્વરૂપદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.

ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.

www.swaminarayan.info

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦

વંશ પરંપરાગત

દેશમાં રૂા. ૫૦૧-૦૦

વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦

છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 2 અંક : 19/20 નવમ્બર/दिसम्बर -2008

અનુક્રમણિકા

૧	અસ્મદીયમ્	૪
૨	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૫
૩	પુલ્હાશ્રમની પાવન યાત્રા	૬
૪	શિખા (ચોટી) શા માટે ?	૯
૫	નવા વર્ષને વધાવીએ	૧૧
૬	આનંદની હેલી : કમલો અને ધમલો	૧૨
૭	પૂ. મોટા મહારાજશ્રીની દિવ્ય વાણીમાંથી ચૂંટેલા પુષ્પો	૧૩
૮	પવિત્ર ધનુર્માસ	૧૪
૯	મનથી સર્વસ્વ મળે પ્રભુ પણ	૧૫
૧૦	શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો અમદાવાદ મંદિર	૧૬
૧૧	રે શ્યામ તમે સાચું નાણું	૧૮
૧૨	સત્સંગનું ફળ	૧૯
૧૩	શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો	૨૦
૧૪	જેશંગભાઈનો માઢ - વહેલાલ	૨૧
૧૫	હવે મારે કાંઈ ન્યુનતા રહી નથી	૨૨
૧૬	મંદિર	૨૪
૧૭	આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે આપેલ પરચા	૨૭
૧૮	સત્સંગ સુરભી	૨૮
૧૯	સત્સંગ બાલવાટિકા	૩૦
૨૦	ભક્તિ સુધા	૩૨
૨૧	પ્રશ્નપેટી	૩૬
૨૨	સત્સંગ સમાચાર	૩૭

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે

શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



His Holiness Acharya Maharaj
Shri Koshalendraprasadji Pande

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

નૂતન વર્ષાભિનંદન

પ.ભ. શ્રી .....

આજથી શરૂ થતા નૂતન વર્ષના મંગલ પ્રભાતે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય અલૌકિક ચરણોમાં શુભ પ્રાર્થના સાથે નૂતન વર્ષના જયશ્રી સ્વામિનારાયણ વાંચવા.

શુભ દિપાવલીના મંગલ પર્વમાં પ્રગટતા દિવડાઓ દેશ-વિદેશમાં વસતા અમારા સર્વે હરિભક્તોના અંતરમાં પૂર્ણ પુરૂષોત્તમ ઈષ્ટદેવ શ્રીહરિની પ્રગટ ઉપાસના દ્રઢ કરાવે, હૃદયમાં શુધ્ધ જ્ઞાનરૂપી દિપક પ્રગટ થાય અને એકાંતિકી ભક્તિની ઉજ્જવલતા પથરાય તેમજ શ્રી નરનારાયણદેવનો વિશેષ મહિમા-માહાત્મ્ય સરળતાથી સમજાય અને સુખ, સંપ, સંપત્તિ તથા સત્સંગમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના સહ ..... શુભાશીર્વાદ.

સર્વે સત્સંગીઓને અનુરોધ

અમારા દાદા આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની ૨૦૦ મી "જન્મ દ્વિશતાબ્દી મહોત્સવ" શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનથી ઉજવવા અમોએ સંકલ્પ કર્યો જેને સમસ્ત સત્સંગ સમાજે વધાવી લીધો છે. જેથી અમને વિશેષ આનંદ થયો છે.

દેશ-વિદેશમાં વસતા આપણા સૌ હરિભક્તોએ આપણા આ મહોત્સવને તન, મન અને ધનથી સહયોગ આપીને સર્વોપરિ શ્રીહરિ તથા શ્રીનગર નિવાસી શ્રી નરનારાયણદેવને રાજી કરવા સર્વે હરિભક્તોને વિદીત કરીએ છીએ, અને આ આપણો મહોત્સવ ભવ્યતાથી ઉજવાય એવી શ્રીજી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

આપ સૌના પરિવારમાં સુહૃદ ભાવ કેળવાય, સૌનું આરોગ્ય સુંદર રહે અને સર્વોપરિ શ્રી નરનારાયણદેવની નિષ્ઠા ઉત્તરોત્તર વધતી રહે તેવા રૂડા શુભાશીર્વાદ સહ .....
જયશ્રી સ્વામિનારાયણ.

(પ.પૂ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી)

(પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી)

(પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી)

Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070

શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.



Shree Swaminarayan Temple
Kalupur, Ahmedabad-380 001.

Phone : (079) 22132170, 22136818 ● Fax : (079) 22176992 E-mail : Sntemple@hotmail.com

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

નૂતન વર્ષાભિનંદન

શ્રીજી મહારાજના લાડીલા પ.ભ. શ્રી .....

નૂતન વર્ષના મંગલ પ્રભાતે સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન આપનું સર્વ પ્રકારે શ્રેય અને મંગલ કરે, આપ સૌના પરિવારમાં સંપ, સહકાર, આત્મીય ભાવ સાથે સત્સંગની દ્રઢતા, સર્વોપરિ શ્રીહરિની ઉપાસના અને શ્રી નરનારાયણદેવ ગાદી પરત્વેની નિષ્ઠામાં ઉત્તરોત્તર વધારો થાય અને સૌનું આરોગ્ય નિરોગી અને સુંદર રહે તેવી પરમ કૃપાળુ સર્વાવતારી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના છે.

ધર્મકુળ વંદના મહોત્સવ અંગે નિવેદન

સહર્ષ જણાવવાનું કે : આપણા શ્રી નરનારાયણદેવ ગાદીના સૌ પ્રથમ આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના પ્રાગટ્યને સંવત ૨૦૬૫ના જેઠ સુદ-૧૧ ના ૨૦૦ વર્ષ પૂર્ણ થાય છે. શ્રી નરનારાયણદેવ પીઠના સૌ પ્રથમ આચાર્યશ્રીની ૨૦૦ મી જન્મ જયંતી "ધર્મકુળ વંદના મહોત્સવ" શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનેથી પૂજ્યપાદ મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ વિદ્યમાન આચાર્ય મહારાજશ્રીની પ્રેરણા અને આશીર્વાદથી સમસ્ત સંત-સત્સંગી સમાજના સહકારથી ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે.

આપણા શ્રી નરનારાયણદેવ ગાદી સ્થાનથી જ્યારે જ્યારે મોટા મહોત્સવો ઉજવવા આયોજન થાય છે ત્યારે સમસ્ત સત્સંગ સમાજ ખભે-ખભા મીલાવીને ખૂબજ ઉત્સાહ અને શ્રધ્ધા ભક્તિથી તન, મન અને ધનથી સેવાનો અવિરત પ્રવાહ રેલાવતા હોય છે. આપ સૌ હરિભક્તો ધર્મકુળના અનન્ય આશ્રિત અને ધર્મકુળની આજ્ઞામાં વર્તવાવાળા છો. જેથી આપને આ "ધર્મકુળ વંદના મહોત્સવ"માં સેવા કરીને શ્રીજી મહારાજ અને ધર્મકુળનો રાજીપો મેળવવાની તીવ્ર ઈચ્છા હોય જ ! આ મહોત્સવમાં દેશ-વિદેશના લાખો હરિભક્તો આ દેવદુર્લભ અવસરમાં લાભ લઈ સેવા કરીને જીવન કૃતાર્થ કરશો તેવી પરમ કૃપાળુ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ચરણોમાં પ્રાર્થના છે.

જા.સ.૨૧૫૪

મહંત સ્વામી
સ્વા. નારાયણસ્વરૂપદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૧.



अस्मदीयम्



સત્સંગીના ઘરમાં મંદિર હોય છે તેમાં સત્સંગીની સમજણ, સત્સંગ, શ્રધ્ધા અને ભક્તિભાવની સ્થિતિનાં દર્શન કરવા હોય તો ઘર મંદિરની પરિસ્થિતિ અને સેવાભાવ પરથી થઈ જાય. જીવના નાનામાં નાનાં આયોજનો પૂર્ણ કરે પણ ઘર મંદિરનું કામ પચીસ વર્ષની યોજનામાં ધકેલાઈ જાય. હરિભક્તનો આહાર જોવો હોય તો ફ્રિઝ જોવું અને ઉપાસના જોવી હોય તો સિંહાસન જોવું. સત્સંગમાં કેટલાક પ્રતિષ્ઠિત-આગેવાન-એકાંતિક હોય કે કહેવાતા હોય અને સત્સંગમાં લાખો રૂપિયાની સેવા કરતા હોય અને જ્યાં પણ સમૈયો થાય ત્યાં તેઓ પ્રથમ હરોળમાં હાજર થઈ જતા હોય. પણ તેમનાં ઘરમાં મંદિરની પરિસ્થિતિ દયાજનક જોવા મળે છે. કેટલાકને તો પંદર વર્ષથી સિંહાસન બાકી રહી જાય છે. બીજું બધું ફર્નિચર થઈ જાય. કેટલાકે સિંહાસન વિશાળ બનાવ્યું હોય તો તેમાં પાંચ પચીસ ભગવાનની મૂર્તિઓ આગળ પાછળ ઉપરા ઉપરી છેવટે જગ્યા ન રહે તો સિંહાસનની ઉપર પણ મુકવા લાગે છે. પણ ભલા આ કાંઈ સુપર માર્કીટ છે ? કે આરાધનાનું કેન્દ્ર છે. આટલા બધા ભગવાન સિંહાસન પર કેમ બિરાજે ? કેમ થાળ જમે ? કેમ પોઢે ? તેનો જરા દયા લાવીને વિચાર કેમ આવતો નથી. ખરેખર આપણે શોભા સાગર મૂર્તિ હૃદિયાનો શણગાર મૂર્તિને નાનકડા ગોખલામાં મૂકીને સેવા કરી કે કુસેવા ? જેના ધામમાં જવું છે તેને તો કેવા ઉત્તમ સાધનો અને શ્રધ્ધા વડે સાચવીએ. જે આપણી પાસે હોય તેથી અધિક જોઈએ. ભગવાનને કેવા જાણીને ઘરમાં રાખ્યા ? ભગવાનને પ્રગટ-પ્રત્યક્ષ-સાક્ષાત્ માનીને ઘરમાં રાખવા અને સેવવા. અને મર્યાદા સાચવવી. આપણી ભક્તિ ભાવનું મુખ્ય પ્રથમ કેન્દ્ર આપણું ઘર મંદિર અને સેવા છે. તેમાં જેટલી આળસ કે કચાશ તેટલી સાધનામાં બરકત આવશે નહિ. અક્ષરધામના સ્વરૂપને અને ઘર મંદિરના સ્વરૂપમાં અણુંમાત્રનો ફરક નથી. ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીએ આપેલું ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ અને શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે શ્રી નરનારાયણદેવની પૂજા અવશ્ય કરવી.

આપણા સંપ્રદાયમાં એભલખાચર જેવા હરિભક્તોના ઘેર ઘર મંદિરની સેવા અને ઘર સભામાંથી દાદા ખાચર જેવા મુક્તો મળ્યા છે. ઘરમાં સવાર-સાંજ ભગવાનની આરતી થાય તેમાં પરિવારના બધા જ માણસોએ દર્શનમાં હાજર થવું. ઘરમાં આરતીના સમયમાં હાજર સભ્યો જો દર્શને ન આવે તો ભગવાનનો અપરાધ થાય છે.

"જેના ઘરમાં પરિવાર સાથે બેસીને ભજન કરી અને સાથે બેસીને ભોજન કરે તો તેના ઘરમાં ક્યારેય કલિયુગ આવે નહિ. એવું ઘર કળશ વિનાનું મંદિર છે. જે કાર્યની સિદ્ધિ માટે રાત્રિ દિવસનો પરિશ્રમ હોય તે કાર્યની તત્કાળ સિધ્ધિ ઘર મંદિરના ઠાકોરજીની સાચી શ્રધ્ધા ભાવથી સેવાથી અચૂક મળે છે. જરા પ્રયાસ કરીને જો જો !!!!

तंत्री श्री (महंत स्वामी)
સાધુ નારાયણસ્વરૂપદાસના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓક્ટોમ્બર - ૨૦૦૮)

૧. શ્રીરામએસ્ટેટમાં મહાપૂજા પ્રસંગે પધરામણી, ઓઢવ.

૨. પ.ભ. હિમંતભાઈ વશરામભાઈને ત્યાં પધરામણી, બોડકદેવ.

૪. પ.ભ. કિરીટભાઈ સવજીભાઈ પટેલને ત્યાં પટેલ મોડલીંગ સ્ટુડીયોના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, ઓઢવ.
પ.ભ. શશીકાંત મહાદેવભાઈ પટેલને ત્યાં પધરામણી, ઓઢવ.
પ.ભ. વિશાલ જી. બ્રહ્મભટ્ટ (ગરવી ગુજરાત) અને ત્યાં શ્રી ભરતભાઈ બારોટ, શ્રી મુકેશ એન. બારોટ અને શ્રી અમર એન. બારોટને ત્યાં પધરામણી, પાલડી.

૫. સુહાગીયા એન્ડ કું.ની ઓફિસના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, નિકોલ ગામ રોડ.

૬. પ.ભ. વિજયભાઈ જયંતીલાલ ઠક્કર (સરોડાવાળા)ને ત્યાં સત્સંગ સભા પ્રસંગે પધરામણી, જીવરાજપાર્ક.

૭. પ.ભ. મહેન્દ્રભાઈ કસ્તુરચંદ ઝિંઝુવાડિયાના "ઝિંઝુવાડિયા બ્રધર્સ જ્વેલર્સ" શોરૂમના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, સી.જી. રોડ.

૮. પ.ભ. સંજયકુમાર મુળચંદદાસ મોદીને ત્યાં પધરામણી.
શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહા વિદ્યાલય જેતલપુર અક્ષર મહોલવાડી સરસ્વતી પૂજન પ્રસંગે પધરામણી.

૯. ૩૬ મો પ્રાગટ્યોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ભવ્યતાથી ઉજવાયો.
પ.ભ. ધનંજયભાઈ કાંતિલાલ ઠક્કરને ત્યાં પધરામણી, સેટેલાઈટ.
પ.ભ. લાલજીભાઈ નટવરલાલ ઠક્કરને ત્યાં પધરામણી, સેટેલાઈટ રોડ.

૧૦. પ.ભ. કાંતિલાલ રણછોડલાલ પટેલને ત્યાં પધરામણી, વિસનગર.
શ્રી મુકેશભાઈ ઠક્કરના ન્યુ સ્વામિનારાયણ ફાર્મસીના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, ગાંધીરોડ.

૧૧. પ.ભ. ભાવિક નાથુભાઈ પટેલને ત્યાં પધરામણી, નિકોલ-નરોડા રોડ.
પ.ભ. જયદિપ હરિભાઈ ગઢીયાને ત્યાં પધરામણી, નિકોલ-નરોડા રોડ.
પ.ભ. મનીષભાઈ રામજીભાઈ સુહાગીયાને ત્યાં પધરામણી, બાપુનગર.

૧૨. મોરબી ગામે શ્રીજી સિરામીકમાં મહાપૂજા પ્રસંગે પધરામણી.

૧૩. પ.ભ. કચરાભાઈ સાંકળચંદ પટેલને ત્યાં સત્સંગ સભા પ્રસંગે પધરામણી, સોજા.

૧૪. પ.ભ. કમલેશભાઈ નારણદાસ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, મણીનગર.
પ.ભ. મિનેષભાઈ પ્રહલાદભાઈ પટેલને ત્યાં પધરામણી, ચાણક્યપુરી.
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અને નારાયણઘાટ મંદિર શરદોત્સવ પ્રસંગે પધરામણી.

૧૬. બાવળા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૭. આનંદપુરા (ડાંગરવા) ગામે યજ્ઞ પ્રસંગે પધરામણી.

૧૮. ગોધાવી ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં (બાઈઓનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી અને મનીપુર ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૧૯. પ.ભ. નવીનભાઈ વિઠ્ઠલદાસ ચોકસીના બી.એન. ફોરેક્ષ પ્રા.લી.ના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, ડ્રાઈવ-ઈન રોડ.
પ.ભ. નરસિંહભાઈ પટેલના ટીમ્બર પોઈન્ટમાં પધરામણી, સેટેલાઈટ.

૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૫. પ.ભ. રમેશભાઈ જેઠાભાઈ કોરીયાને ત્યાં પધરામણી, મોટેરા.

૨૬-૨૭. જીરાગઢ (હાલાર મૂળી પ્રદેશ) શ્રી રોકડીયા હનુમાનજી મહારાજના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૮. સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં સમૂહ શારદા પૂજન પોતાના વરદ્‌ હસ્તે વેદવિધિસર સંપન્ન થયું.

૨૯. નૂતન વર્ષના મંગલ દિને સવારે મંગળા આરતી - શણગાર આરતી અને અન્નકૂટ આરતી સ્વહસ્તે ઉતારી અને બેઠકમાં દર્શન - આશીર્વાદ આપ્યા.





પુલ્હાશ્રમની પાવન યાત્રા

- સાધુ ધર્મકિશોરદાસ ગુરુ સ્વામી નારાયણસ્વરૂપદાસજી

હિમાલયની વિશાળતાને બિરદાવતા બહુજ આનંદ થાય અને આ હિમાલયને તો ધરતી પરના સ્વર્ગની ઉપમા આપવામાં આવે છે, અને આ હિમાલયની પ્રસંશા-વખાણ જેટલા કરીએ એટલું ઓછુંછે.

ભારત, ચીન, નેપાળ એમ ત્રણેય દેશોમાં પોતાનું અસ્તિત્વ ધરાવનાર હિમાલય મોટાને પણ ઈર્ષ્યા કરાવે એવો છે. ભારતમાં બદ્રિનારાયણ સ્વરૂપે નેપાળમાં મુક્તિનાથ (પુલ્હાશ્રમ) સ્વરૂપે અને ચીનમાં કૈલાશ માનસરોવર તરીકે અસ્તિત્વ ધરાવનાર એવો હિમાલય આજે જાણે પ્રભુની પધરામણી કરાવીને જેમ ફૂલ્યો ન સમાતો હોય તેમ જણાય છે. અને એ કોમળ વયે નાની એવી પગલીઓ આ હિમાલયના હૃદયમાં પાડતા હતા ત્યારે તો કેવા સુંદર અને રુડા લાગતા હશે ? હ્વેમ ના લાગે મારો વહાલો તો નીલકંઠ સ્વરૂપે અતિ શોભે એ તો પોતે રૂપના ભંડાર છે એટલે જ તો એમનું સ્મરણ કરતા એવું લાગે કે સમગ્ર સુખ તો પ્રભુનાં સૌંદર્યમાં જ છે, અને આપણા શાસ્ત્રોમાં એવું લખ્યું છે કે ભગવાનનું સ્વરૂપ, સૌંદર્ય, લાવણ્યતાની બરાબર કોઈ ન આવે. હ્વેમ કે પ્રભુ તો સાક્ષાત્ રૂપના ભંડાર છે.

યાત્રામાં પધારેલ સંતોમાં અમદાવાદ મંદિરના મહંત સ્વા. નારાયણસ્વરૂપદાસજી, સ્વામી જગતપ્રકાશદાસજી, શાસ્ત્રી ડી. કે. સ્વામી, સ્વામી ભક્તિવલ્લભદાસજી, સ્વામી વિશ્વવંદનદાસજી આદિ સંતો અને દેશ-વિદેશથી અનેક હરિભક્તોએ આ યાત્રાનો અલૌકિક લાભ લીધો હતો.

તો ભક્તો ! આવો જાણીએ આ દિવ્ય પાવનકારી પુલ્હાશ્રમની યાત્રા વિશે.

તા. ૧૨-૧૦-૦૮ આજનો પ્રભાત સમય જાણે સર્વે યાત્રિક ભક્તો-સંતો માટે સોનાનો સૂર્ય ઉગ્યો હોય એવું દિવ્ય અને રમણીય વાતાવરણ લાગતુ હતું, બધાય-સંતો-હરિભક્તો આપણા પૂજ્ય મોટા મહારાજશ્રી સાથે સવારે ૬-૩૦ વાગે અમદાવાદ એરપોર્ટ ઉપર ભેગા થયા સૌએ પૂ. મોટા બાપજીને ચરણ સ્પર્શ કરી શ્રીહરિને સંભારી ધૂન્ય બોલવા લાગ્યા એવો અનુભવ થતો હતો કે જાણે આજે સાક્ષાત્ શ્રીજી મહારાજ અમારી સાથે આવતા હોય એવું લાગતું હતું. પછી દરેકે ભેગા થઈ બોર્ડિંગ કરાવી કિંગ ફિશરની ફલાઈટમાં બેઠા. ૧-૨૫ કલાક દરમિયાન દિલ્હી ઈન્ટરનેશનલ હવાઈ મથકે પહાંચ્યા, ત્યાંથી જેટ એરલાઈન્સમાં બેસી કાઠમાંડુ, ૨ કલાકે પહોંચ્યા. ત્યાં સારી જગ્યાએ ઉતારો કર્યો, ઉતારે જઈ બધાય ફ્રેશ થઈ આરામ કર્યો. પછી સાંજે સૌએ પૂ. મોટા બાપજી જોડે સત્સંગ, નિયમ, ચેષ્ઠા, ઠાકોરજીને થાળ વગેરે કરી શ્રીહરિને સંભારતા સંભારતા નિદ્રાદેવીને આધિન થયા.



તા. ૧૩-૧૦-૦૮ યાત્રાનો બીજો દિવસ ! અર્થાત એક નવી આશાઓના કિરણો સાથે ઉગતો સૂર્ય જાણે નેપાલની પવિત્ર ભૂમિ પર બધાયને આવકારતો હોય એવું દશ્ય નજર સમક્ષ દેખાતુ હતું.

બધાય શ્રીહરિને યાદ કરીને પથારીમાંથી વહેલી સવારે ઉભા થયા સ્નાન નિત્ય વિધિથી પરવારી હળવો નાસ્તો કર્યો. પછી પૂ. મોટા બાપજી સાથે બેઠા. ત્યાંથી પરવારી ૧૧-૦૦ વાગે પોખરા જવા માટે તૈયાર થયા. ત્યાંથી ૨૫ સીટર પ્લેનમાં બેસી ધૂન્ય બોલતા સવા કલાકે પોખરા પહોંચ્યા. ત્યાંના એરપોર્ટ ઉપર ત્યાંના રાજનેતાઓ પ.પૂ. મહારાજશ્રી અને સંતોનું સ્વાગત કરવા માટે ઉભા હતા. સૌથી પહેલા ત્યાં રહેતા સંતોએ પૂ. મોટા મહારાજશ્રીનું ફૂલહારથી સ્વાગત કર્યું તથા સંસ્કૃત પાઠશાળાના નાના બટુકોએ વેદઘોષ કર્યા. એ દૃશ્ય જોતાની સાથે એમ લાગતું હતું જાણે ફરી એકવાર આ નેપાળની ધરતી પૂજ્ય મોટા બાપજીના ચરણારવિંદનો સ્પર્શ થતા ખુશખુશાલ બની ગઈ હોય ! ત્યાં જઈ ઉતારો કર્યો અને સંતોએ ભોજન બનાવી ઠાકોરજીને થાળ ધરાવી પૂ. બાપજીને જમાડ્યા. સંતો-ભક્તોએ જમી કરી તૈયાર થયા. પ્રભુ નીલકંઠના ચરણારવિંદથી અંકિત થયેલી ભૂમિ ઉપરના પ્રસાદીભૂત સ્થાનોમાં દર્શન કરવા એ તીર્થ સમા ભૂમિ ઉપર ફરતા ફરતા એમ લાગતું હતું કે જાણે આજે પણ શ્રીજી મહારાજ આ ભૂમિઉપર વર્ણીરૂપે વિચરણ કરતા હોય એમ લાગતુ હતું. બધાય ટુરિસ્ટબસમાં બેસી ત્યાંના પ્રસાદીભુત સ્થાન "સેતીગંગા"ના પાવન કિનારે પહોંચ્યા, "સેતી ગંગા" ના નામથી ઓળખાતી શ્વેત ગંડકીના પાવન કિનારે એક શિવાલય અને તેની સામે બિલ્વપત્રુનું મોટું ઝાડ છે, એ શિવાલય ત્રણસો વર્ષ જુનું છે અને જે બિલ્વપત્રના ઝાડ નીચે શ્રીહરિ ત્રણ દિવસ રોકાયા હતા, ત્યાં દરરોજ મહાદેવની પૂજા કરે અને શ્વેત ગંડકીમાં જઈ દરરોજ સ્નાન કરે એ વાત હરિલીલામૃતમાં કરીછે.

"સેતીગંગા વહે છે ત્યાં સારી,
તેમાં નાયા જઈ બ્રહ્મચારી"

અને ત્યાં રહેનારા બ્રાહ્મણો જોડે શાસ્ત્રાર્થ કરતા હતા આજે પણ એજ સ્થિતિમાં શિવાલય છે. ત્યાંની સરકાર પુરાતની મંદિર હોવાથી કંઈ કરવા દેતી નથી. રૂામ ત્યાંથી અનેક સ્થાનોના દર્શન કરતા સાંજે પાછા ઉતારે પધાર્યા. દરરોજની જેમજ બધાય જમી કરી રાત્રી સત્સંગ કર્યો.

તા. ૧૪-૧૦-૦૮ યાત્રાનો ત્રીજો દિવસ એટલે મુક્તિનાથ (પુલ્હાશ્રમ) જવાની તૈયારી કરવા લાગ્યા. સવારે ૭ વાગ્યાના સુમારે પોખરા એરપોર્ટ ઉપર ભેગા થઈ પુલ્હાશ્રમજવા માટે પ્લેનમાં બેઠા. હવે તો દરેકના હૃદયમાં ભક્તિની લહેરો હિલોળા લેતી હતી. કેમકે પ્રભુ નીલકંઠ સાવ નાની ઉંમરમા કોઈ ના કરી શકે એવું કઠીન તપ જ્યાં કર્યું હતું એ જગ્યાના દર્શનની આતુરતા સૌને હતી. ક્યારે પહોંચીશું બસ એજ હૃદયનો ઉદ્‌ગાર. જે લોકો આ તીર્થયાત્રા કરીને આવે પછી મુખે એવું કહે ઓહો .... બહુ જ કઠીન યાત્રા છે.

પણ ભક્તો યાત્રા બહુ જ સરળ અને સુગમ છે. ત્યાં જવા માટે જીપો, બાઈક પણ જાય છે. અમે ટૂંક જ સમયમાં જોમશોમ એરપોર્ટ ઉપર પહોંચ્યા ત્યારે ત્યાં રહેતા આપણા સંત તથા રાજવી લોકોએ ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું.

પછી ત્યાંથી મુક્તિનાથ જવા માટે જીપોમાં બેઠા. બે કલાક જીપની સવારી કરીને મુક્તિનાથ પહોંચ્યા. પછી ત્યાંથી અડધો કલાક ચાલવુ પડે છે, અને બાઈકની સુવિધા પણ છે, પછી મોટા બાપજી જોડે સંતો, ભક્તો, બધાય એકી સાથે કદમથી કદમ મિલાવીને ચઢવા લાગ્યા. પછી જ્યાં "બાલા જોગીએ ૬ મહિના સુધી કોઈ પણ આધાર વગર એક પગે ઉભા રહી કઠોર તપશ્ચર્યા કરી હતી અરે ! શાસ્ત્રો એવું કહે છે કે તનમાં લોહીનું ટીપું પણ રહેવા નોતુ દીધું. તપસ્વીઓ આ દૃશ્ય જોઈને આશ્ચર્ય પામતા અને વિચાર કરતા કે આ કોઈ ભરત, બ્રહ્માના પુત્ર પુલહ ઋષિ કે કોઈ મોટા દેવ તો નથી ને ! આવું વિચારતા એવા ચરણોથી અંકિત થયેલી ભૂમિ ઉપર એક છત્રી શ્રી નરનારાયણદેવ ગાદી સ્થાનથી બનાવેલી છે. ત્યાં બધાયે એક પગે ઉભા રહી શ્રીહરિના મહામંત્રની માળા કરી. પછી પૂ. મોટા બાપજીએ સર્વ પ્રથમ એ જગ્યાની આરતી ઉતારીને પ્રાણ પ્રતિષ્ઠા કરી. પછી ચાલતા-ચાલતા જ્યાં ભગવાન વિષ્ણુનું જુનું મંદિર છે એવા મુક્તિનાથમાં પહોંચ્યા. આ મંદિરનો જુનો ઈતિહાસ એવો છે કે,

ભૃગુ ઋષિએ ભગવાન વિષ્ણુને છાતીમાં પાટું માર્યું હતું એનું એજ નિશાન એ ભગવાનના સ્વરૂપમાં આજે પણ છાતીમાં દેખાય છે, અહીં મુખ્ય મંદિરમાં વચ્ચેનું સ્વરૂપ ભગવાન વિષ્ણુ અને આજુ-બાજુમાં શ્રીદેવી અને ભુદેવી અને ગરુડજી આજે પણ સેવામાં હાજર છે.

આ મુક્તિનાથનું મંદિર ૧૧૦૦ વર્ષ જુનું છે અને સમુદ્રની સપાટીથી ૧૩૦૦૦ ફૂટ ઉંચુ છે અને મંદિરને ફરતી અર્ધ ચદ્રાંકારે ૧૦૮ મુક્તિ ધારાઓ ગોમુખ વડે

વહે છે, આ ધારઓમાં વહેતું જળ ડાયરેકટ કૈલાસ માનસરોવરથી અહીં સુધી આવે છે અને એવો મહિમા છે કે જે એમાં સ્નાન કરે છે એને મુક્તિ મળે છે. એટલે જ એનું નામ મુક્તિધારા છે.

અને આ મુક્તિનાથ મંદિરનો ઈતિહાસ એવો છે કે નેપાળ નરેશ રણબહાદુર શાહના ધર્મપત્ની સુવર્ણપ્રભાએ ૧૭૭૫ થી ૧૮૦૬ દરમિયાન આ મંદિર બનાવ્યું હતું એવો ઉલ્લેખ મંદિરની અંદર શિલાલેખમાં છે. એ જ પવિત્ર ધામમાં અમે સહુ પ.પૂ. મોટા બાપજી સાથે એ ૧૦૮ ધારાઓમાં એક સાથે સ્નાન કર્યું. સ્નાન કર્યા બાદ મંદિરના જ પ્રાંગણમાં દિવ્ય પાવનકારી સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું. એ મહાપૂજા ધર્મકિશોર સ્વામીએ કરાવી. મહાપૂજા વખતે મહારાજની સાક્ષી પૂરવા માટે સાક્ષાત્ સૂર્યનારાયણ દેવ પ્રગટ થયા એવું વાતાવરણ દ્રશ્યમાન થયું. હમણા જાણે હિમવર્ષા થશે. કાલીઘટા ચારે કોર છવાયેલી હતી પણ જ્યાં શ્રીજી મહારાજનું આવાહન કરવામાં આવ્યું કે તરત જ સૂર્યદેવ પ્રગટ થયા.

સહુ ખુશ ખુશાલ બન્યા. અઢી થી ત્રણ કલાક સતત મહાપૂજા ચાલી હતી. પછી બધાય ત્યાંથી પરત ફરી પાછા જોમશોમમાં ઉતારામાં પધાર્યા. પછી બધા ફ્રેશ થઈ ભોજન કરી આરામ માટે પધાર્યા અને આ મંદિરની વિશેષતા તો એ કે આ મંદિર પૈંગોડા આકારમાં બંધાયેલું છે.

તા. ૧૫-૧૦-૦૮ યાત્રાનો ચોથો દિવસ અર્થાત્ શ્રીજી મહારાજના દિવ્ય ચરિત્રોને યાદ કરવાનો દિવસ. આજરોજ સવારે વહેલા જાગી નિત્ય વિધિ પતાવી સર્વ ભેળા મળી. પૂ. મોટા મહારાજશ્રીના સાંનિધ્યમાં બેસી શ્રીનીલકંઠ વર્ણી સ્વરુપને યાદ કરી ધૂનની રમઝટ બોલાવી. આજે સૌ યાત્રિક ભક્તોના હૃદયમાં જાણે પ્રભુ પ્રત્યેનો પ્રેમવધી રહ્યો હોય એમ બધાયને અહેસાસ થતો હતો પછી અમદાવાદ મંદિરના મહંત સ્વામીએ પ્રભુના દિવ્ય સ્મરણ સાથે એ નીલકંઠ પ્રભુની પુલ્હાશ્રમમાં તપશ્ચર્યા વિષે માહાત્મ્ય સમજાવ્યું. જેનાથી સર્વે ભક્તોને લાગતું હતું કે અમારી આ યાત્રા સફળ થઈ, આજે પોખરા જવા માટે ફરી તૈયારી કરી. પોખરા પહોંચી, મંદિરમાં જઈ પૂજ્ય મહારાજશ્રીએ આરતી ઉતારી. ત્યાંના સ્થાનિક ભક્તોને ચરણ સ્પર્શ અને પોતાની અમૃત વાણીનો અનેરો લાભ આપ્યો. પછી થાળ જમી ઉતારે જઈ આરામ કર્યો.

તા. ૧૬-૧૦-૦૮ યાત્રાનો પાંચમો દિવસ અર્થાત્ પોખરાથી કાઠમાંડુ જવાનો દિવસ, સવારે ૧૦ કલાકે ત્યાંથી નીકળી ૧-૨૫ કલાક દરમિયાન કાઠમાંડુ એરપોર્ટ ઉપર પહોંચ્યા. બધાય શ્રી સ્વામિનારાયણ ભગવાનના જયઘોષ સાથે બહાર નીકળ્યા.

ત્યાં સુંદર ઉતારો કરી થાળ જમી બધા પરવારી ગયા પછી જવા માટે તૈયાર થયા. કાઠમાંડુના પવિત્ર સ્થાનોમાં સૌથી પહેલા ત્યાં બાઘમતી નદી વહે છે ત્યાં જળ ચઢાવવા દર્શન કરવા ગયા પછી ત્યાંથી ચાલતા પશુપતિનાથના મંદિરે ગયા. આ મંદિર આખું સોના અને ચાંદીથી મઢેલુ છે. આ મંદિર પૈગોડા આકારનું બનેલું છે. ત્યાં બ્રાહ્મણો સાથે પૂજ્ય મોટા બાપજીના વરદ્ હસ્તે ષોડશોપચાર રૂદ્રાભિષેક વેદ વિધિસર સંપન્ન થયો. પછી ત્યાંથી અનેક નાના-મોટા દિવ્ય સ્થાનોને જોતા જોતા ઉતારે પહોંચ્યા. ઉતારે પહોંચી જમવાનું બનાવી ઠાકોરજીને થાળ ધરાવી પૂજ્ય બાપજીને જમાડી નિત્ય નિયમ કરી ઉતારામાં જઈ અને માનસી પૂજા કરી સૂઈ ગયા.

તા. ૧૭-૧૦-૦૮ યાત્રનો છઠે દિવસ અર્થાત સ્વદેશ પાછા ફરવાનો નરનારાયણદેવના સાંનિધ્યમાં પહોંચવાનો સમય. સવારનો નિત્ય ક્રમ કરીને દરેકે પૂજ્ય મોટા મહારાજશ્રીના દર્શન કર્યા, પછી બપોરે ૨ વાગે કાઠમાંડુ એરપોર્ટ ઉપર આવ્યા. ત્યાં પોલીસના વડા અમારી પાસે આવીને તે ધાર્મિક હતો અને અમારાથી ઘણીય ધર્મની બાબતમાં અને સ્વામિનારાયણ સંપ્રદાય વિષે જાણકારી મેળવીને બધુંય સાંભળી એને આપણા મોટા બાપજી પ્રત્યે ખૂબજ પ્રભાવિત થઈને પ.પૂ. મોટા મહારાજશ્રીના ચરણ સ્પર્શ કરી ખૂબજ લાગણી સભર બન્યા. હવામાનને કારણે ફલાઈટ થોડી મોડી હોવાથી સાંજનો સમય ત્યાં થઈ ગયો. પછી સાંજે એરપોર્ટ ઉપર બધાય ભક્તો સાથે મળી સત્સંગ સભા કરી ને દિલ્હી આવ્યા. દિલ્હીથી અમદાવાદ પહોંચી શ્રીનરનારાયણદેવની જય નાદ સાથે પોત-પોતાના સ્થાને પધાર્યા.

બસ ! આવી દિવ્ય અને અવિસ્મરણીય આ યાત્રા ચિરઃકાળ સુધી યાદ રહી રહી જાય. એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના સહ.....રૂસ્તુ





શિખા (ચોટી) શા માટે ?

- કોઠારી સ્વામી રામાનુજદાસજી

હિંદુ ધર્મની સાથે શિખાનો અતૂટ સંબંધ હોવાના કારણે ચોટી રાખવાની પરંપરા પ્રાચીનકાળથી ચાલી આવે છે. શિખાનું મહત્વ ભારતીય સંસ્કૃતિમાં અંકુશ સમાન છે. આપણા ઉપર આદર્શો અને સિદ્ધાંતનું શિખા એ અંકુશ છે. શિખા રાખવાથી ઉર્જા શક્તિનો વિકાસ થાય છે. વૈદિક સમયમાં મસ્તક ઉપર જટા રાખવામાં આવતી પરંતુ કાળક્રમે જટા ધારણ કરવામાં પડતી અડચણ દૂર કરવા માટે જટાના પ્રતીક રૂપે શિખા (ચોટલી) રાખવાની શરૂઆત થઈ. શિખા બ્રાહ્મણોનું ઓળખ ચિન્હ બની ગઈ છે.

વેદોમાં પણ શિખા ધારણ કરવાનું વિધાન જોવા મળે છે. शिखिभ्यः स्वाहा – શિખા ધારણ કરનારનું કલ્યાણ થાય છે. માટે મસ્તક પર જરૂરથી શિખા ધારણ કરો. સદાય યજ્ઞોપવિત ધારણ કરો. શિખા વિના કોઈપણ સંધ્યા-ઉપાસના ના કાર્યો ન કરવા.

મુનિઓ પણ શિખા રાખતા હતા. નારદ મુનિ તો આપણે જાણીએ છીએ તેમ ઉભી ચોટલી રાખતા હતા. પ્રાચીન સમયે અને અત્યારે પણ શિખા ધારણ કરનાર પોતાને વિશિષ્ટ વ્યક્તિ સમજતા અને સદ્‌વિચારોના કેન્દ્ર સમાન મસ્તકમાં તેજસ્વીતા અને પૃખરતાનો વિકાસ કરી દૈવી ભાવનાઓનો પ્રવેશ કરાવવાના હેતુથી શિખા ધારણ કરવામાં આવે છે. પ્રાચીન કાળમાં જ્યારે ગુરુના આશ્રમોમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા જતા ત્યારે અભ્યાસ અને ચિંતનના સમયે ઊંઘ ન આવી જાય એટલા માટે શિખાને દોરી વડે બાંધતા. ઝોકું આવે ત્યારે શિખા ખેંચાવાથી જાગૃત થઈ જવાય. પહેલાના સમયે શિખાનું એટલું બધું મહત્વ હતુ કે બ્રાહ્મણોને કોઈ ગુનાની સજા કરવી હોય તો શિખા કાપી નાખવામાં આવતી હતી.

વૈદિક ધર્મ અનુસાર શિખા વૈજ્ઞાનિક - આયુર્વેદિક અને ધાર્મિક રીતે ખૂબજ લાભદાયી છે. શિખા ગાયના પગના નખ (નવજાત શિશુ) જેટલી એટલે કે ગોખુર જેટલી રાખવી. આપણા નાના અને મોટા મગજ તે જોડવાવાળા કેન્દ્રોને મર્મ સ્થળ કહેવાય છે. જેને મસ્તકનું હૃદય કહેવાય છે. આ જગ્યાએ બ્રહ્મરંધ્ર, દ્વિદલીય આજ્ઞાચક્ર અને પીનીયલ ગ્રંથીના સંપર્કને જોડનારી નાડીઓ આવીને મળે છે જે વ્યક્તિની ચિંતન શક્તિનો વિકાસ કરે છે. આ સ્થાન પર વાળનો ગુચ્છ (ભ્રમરી) હોય તેના ઉપર આદિ આવેલા ચેતના કેન્દ્રો સુધી ગયેલા હોય છે જેનાથી વ્યક્તિની બુદ્ધિ શક્તિનો વિકાસ થાય છે. જેથી આવા મર્મસ્થળોની જાણકારી અને સુરક્ષા માટે આપણા ઋષિમુનીઓએ આ સ્થાન પર ચોટી રાખવાની પ્રથા બનાવેલ છે.

શિખાના વાળ વાયુમંડળમાંથી ઓકસીજન ગ્રહણ કરે છે. શિખા બ્રહ્મચર્યના સંયમમાં સહાયતા કરે છે. મસ્તકને શાંત રાખી - ઉચ્છુંખલતાથી દૂર રાખે છે. જે પ્રભુ ચિંતન ભક્તિ - ધ્યાન - આધ્યાત્મિક સાધનામાં સહાયક બને છે. સોળ સંસ્કારમાં આઠમો સંસ્કાર ચૌલ સંસ્કાર જેમાં પ્રત્યેક બાળકોને ચોટલી રાખી બાકીના વાળનું મુંડન કરવાનું વિધાન છે. શિખાથી બળ - આયુષ્ય અને તેજ વધે છે.

મસ્તકનો મધ્યભાગ કોમળ હોય છે તે સ્થાને કરવામાં આવેલ આઘાત જોખમી ન બને તેથી શિખાનો ગુચ્છ હોય તો તે સ્થાનનું રક્ષણ કરવાનું કાર્ય શિખા કરે છે. મસ્તક આપણા માટે સૌથી અગત્યનું અંગ છે. સમગ્ર નાડીઓ મસ્તકમાં પહોંચે છે. શરીરની શારીરિક અને માનસિક તમામક્રિયાનું સંચાલન મસ્તક કરે છે. મસ્તકની બરોબર વચ્ચે

બુદ્ધિચક્ર તથા તેની નજીકમાં બ્રહ્મરંધ્ર તથા દ્વિદલીય આજ્ઞાચક્ર અને પીનીયલ ગ્રંથીનો સંપર્ક જોડનારી નાડીઓ આવીને મળે છે. જે વ્યક્તિની ચિંતન શક્તિનો વિકાસ કરે છે. માનવી જ્યારે સ્નાન-સંધ્યા-જપ-તપ-દાન-પૂજન-વંદન વગેરે કરે છે ત્યારે શિખામાં અવશ્ય ગાંઠ બાંધી રાખવાથી પૂર્ણ ફળ મળે છે. ભગવાનનું ધ્યાન-ભજન કરતી વખતે ધ્યાન-ભજન કરનારની ઊર્જા ઉધ્ધગમન થઈ મસ્તક તરફ આગળ વધે છે તે સમયે જો મસ્તક ઉપર શિખા ન હોય તો અથવા ગાંઠ બાંધી ન હોય તો ઊર્જા રોકવાનું કાર્ય કરતી નથી. શિખાબંધન વ્યર્થ જતી શક્તિને રોકી શરીરમાં જ સંચિત કરવાનું અદ્‌ભુત કાર્ય કરે છે.

મસ્તક પર શિખા જ્યાં આવેલી છે બરોબર વચ્ચે પિચ્યુટરી ગ્રંથી (પોષણીકાગ્રંથી) આવેલી છે. આ ગ્રંથીનો સ્ત્રાવ સમગ્ર શરીરમાં પ્રવાહિત થાય છે. આ સ્ત્રાવ શરીરને શક્તિશાળી બનાવી સ્વસ્થ રાખવાની ભૂમિકા ભજવે છે. શિખા હોય ત્યાં શરીરની અતિ મહત્વની નાડી સુષુમ્ણા જે પીઠના મધ્ય ભાગમાં થઈ ઉપર સમાપ્ત થાય છે. સુષુમ્ણા નાડી વાત સંસ્થાનનું સંચાલન કરે છે. મનુષ્યનું તેજ બ્રહ્મરંધ્રથી સુષુમ્ણા નાડી વડે બહાર ફેંકાય છે. ચોટલીનો ગુચ્છો તેમને બહાર જતું અટકાવે છે. આ સ્થાન પર જે વાળનો ભૃમર (ગુચ્છ) ચોટલી છે તેના મૂળ અહિ આવેલા ચેતના કેન્દ્રો સુધી ગયેલા હોય છે. તેનાથી (શિખાથી) સુષુમ્ણા નાડીનું રક્ષણ થાય છે. શિખા સ્થાન છે તે જગ્યાએ નાનું મગજ હોય છે. તે ગોખુર આકારનું હોય છે. તેથી શિખા પણ તેટલી જ (ગોખુર) રાખવાની હોય છે. વાળ વિદ્યુત પેદા કરે છે. શિખા વડે સમગ્ર શરીરને શક્તિ મળે છે અને સાથે નાના મગજનું સંચાલન પણ કરે છે. સંચાલન માટે શિખા વડે મળેલ વિદ્યુત - ઉષ્મા વડે ચૈતન્ય બક્ષે છે શિખાથી સ્મરણ શક્તિ વધે છે. મોટી શિખા રાખવાથી બળ - આયુષ્ય-તેજ-બુદ્ધિ-લક્ષની-સ્મૃતિમાં રક્ષણ કરે છે.

ભગવાનના ભક્તો જ્યારે ધ્યાન કરે છે ત્યારે ધ્યાન કેન્દ્રીત કરવાથી મસ્તક પર શિખાના ઉપરના ભાગથી ઓજશક્તિ પરમાત્મા તરફથી મળતી શક્તિ આ માર્ગેથી મનુષ્યના અંદર પ્રવેશ કરે છે. ભગવાનના ભક્તો - યોગી - મુનિઓ આ શકિત દ્વારા ભગવાનના દિવ્ય ધામના દર્શન કરે છે.

જે સ્થાન પર શિખા હોય તેને પીનીયલ જોઈન્ટ કહે છે. તેની નીચે પીચ્યુટરી ગ્રંથીમા જે રસ ઉત્પન્ન થાય છે તે સંપૂર્ણ શરીરને તેજ સંપન્ન અને સ્વચ્છ દીધાર્યુ બનાવે છે જેની કાર્યશક્તિ શિખાના મોટા ગુચ્છા અને સૂર્ય શક્તિની પ્રતિ ક્રિયા પર નિર્ભર રહે છે. મુલાદારથી છેક સમસ્ત મેરૂમંડળમાં વ્યાપ્ત સુષ્મણા નાડીનું એક મુખ બુદ્ધિ કેન્દ્રમા ખૂલે છે. જેમાંથી વિદ્યુત પ્રવાહીત થતો હોય છે. જે શિખા બંધનથી રોકી શકાય છે.

આપણા નાના અને મોટા મગજને જોડવાવાળા કેન્દ્રોને મર્મસ્થળ કહેવાય છે. આવા મર્મસ્થળોની જાણકારી અને સુરક્ષા માટે આપણા ઋષિમુનિઓએ આ સ્થાન પર ચોટી રાખવાની પ્રથા બનાવેલી છે.

પૂજાપાઠ સમયે શિખા બાંધેલી રાખવાથી મસ્તકમાં સંગ્રહિત ઊર્જા તરંગ અંતર્મુખ થવાને કારણે માનસિક શક્તિઓને પોષણ મળે છે. તેથી મન પ્રભુમાં લાગેલું રહેવાથી સદ્‌બુદ્ધિ, સદ્‌વિચાર અને આત્મશક્તિમા વૃદ્ધિ થતા શારીરિક શક્તિમાં સંચાર, અનિષ્ટ પ્રભાવોથી રક્ષા અને નેત્ર જ્યોતિમાં સુરક્ષા અને કાર્યોમાં સફળતા તથા સદ્‌ગતિ જેવા લાભો મળે છે.

મનુસ્તુતિ :

સ્નાને દાને જપે હોમે સન્ધ્યાય દેવતા ર્ચને ।
શિખા ગ્રન્થિં સદા કુર્યાદિત્યેતતન્મનુ ખુવીત
॥

શિખાબંધન વિના કરેલા પૂર્ણ કર્મ રાક્ષસ કર્મ થઈ જાય છે - નિષ્ફળ જાય છે.

માટે દરેક ધર્મ પ્રેમી તથા મુમુક્ષુ ભક્તોને શિખા રાખવી ખાસ જરૂરી છે. કારણ આપણે આપણા વિચારો શુદ્ધ કરી આપણા ધામની પ્રાપ્તિ રૂપી લક્ષ સિધ્ધ કરી લઈએ. ન રાખતા હોય તો આજથી શિખા રાખવાની શરૂઆત કરીએ.



નવા વર્ષને વધાવીએ

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ જ્ઞીયતપુરા (મહંત સ્વામી, માણસા)

સંવત ૨૦૬૪ પોતાના અંતિમચરણ તરફ. પ્રસંગો અને ઉત્સવો ખૂબજ આનંદ ભેર ઉજવ્યા અને માણ્યા. વ્રતમાં તપ વડે આરાધના કરી હરિવરને રિઝવવા કાલાવાલા પણ કર્યા. શ્રાવણી ઉત્સવોમાં પ્રભુને ઝુલે ઝુલાવ્યા ને ભાદરવે પિતૃઓને તરપણ કરી તૃપ્ત કર્યા. આસો આવતા મહાબલી કષ્ટ ભંજન વીર હનુમંતજીની આરાધના સાથે વર્ષનું સમાપન કરી વિતેલા દિવસોના આવો લેખા જોખા કરવા બેસીએ. કેવો રહ્યો વિતેલા વર્ષનો સમય ગાળો ! ડાહ્યો વણિક નામું રાખે, નફા નુકશાનના સરવાળા કરી લે. જરૂર મુજબના હવાલા નાખી બધા ખાતા સરભર કરી, પુરાંત આગળ ખેંચી નવા વર્ષ માટે કેડી કંડારી લે તેને ડાહ્યો અને સમજુ વણિકની શ્રીહરિએ શ્રી મુખના વચનામૃત ગ.પ્ર. ૩૮ માં પ્રશંસા કરી અને ત્યાગી-ગૃહી સૌ આશ્રિતોને આધ્યાત્મિક નામું લખવાની પ્રેરણાત્મક આજ્ઞા આપી અને નામું ન રાખનારને ગબરગંડ મૂર્ખ કહી ઠપકો પણ આપ્યો. માટે યોગ્ય સમયે સમાની ગમ પરઠાવી જાણપણું આપવા આવીને ઉભા રહે તેજ સાચા સંત. માટે આવો વિચારી લઈએ કે પુરો થતો આ અંશ કેવો નીવડ્યો!

આ વર્ષે નિયમો કેવાક પળાયા ! દૈનિક પૂજા કરવામાં ગાબડાતો નથી પડ્યા ને ? નિયમિત દેવ દર્શન અને સંત સમાગમ દ્વારા જીવને પુરતા પ્રમાણમાં પોષણ મળી રહ્યું છે કે નહિ ! સમૈયા ઉત્સવોમાં પહોંચાયું કે વ્યવહારમાં જ ઓતપ્રોત રહ્યા ! દશાંશ વિશાંશ ધર્માદામાં કાપ કૂપ તો નથી થઈને ! પંચ વિષય સંબંધી તૃષ્ણાઓ કેટલી વધી અને કેટલી ઘટી ! જગત સંબંધી ઈચ્છાઓ ઘટાડીને ભગવાન સંબંધી ઈચ્છાઓ વધારવા ઉપર અગાઉના વર્ષથી બાકી નીકળતી સિલકમાં કઈ તરફ પલ્લું નમે છે ? દેહના સંબંધી ને ભગવાનના ભક્ત જેવા વહાલા રાખવા નહી એવું ગ.અં. ૭ માં વચનામૃતમાં શીખવ્યું છે. તે સૂચનાનું આ વર્ષ દરમ્યાન કેટલું પાલન થયું ! વચનામૃત ગ.અં. ૩૮ માં ૬ મુદ્દા જીવના કલ્યાણ માટે લાલબત્તી રૂપ ગણાવ્યા છે. તેમાં એક તો (૧) દ્રવ્યાદિકનો લોભ (૨) જીહ્વાને વિષે રસની આસક્તિ (૩) સ્ત્રીને વિષે બેઠ્યા ઉઠ્યાની વાસના (૪) દેહાભિમાન (૫) કુસંગીમા હેત રહી જાય (૬) સંબંધીમા હેત રહી જાય..... આમાંથી એકાદ પણ રહી ગયુ હોય તેને જીવતો કે મરીને પણ સુખ તો થશે જ નહીં. આવું કહ્યું છે. તો તે વિષે કાંઈ વિચાર કર્યો ખરો ! ન કર્યો હોય તો વર્ષનો આ ઉત્તરાર્ધકાળ આ વિચાર કરવા માટે જ ફાળવવામાં આવ્યો છે. આપણા નંદ સંતોએ તો કહ્યું જ છે કે નિરંતર પાછું વાળી ને જોવું કે આપણે શું કરવા આવ્યા છીએ ને શું કરીએ છીએ. દેહે કરીને ત્યાગ-તપ અને મને કરીને વિચાર એ બંને હોય તો જ આત્મશુધ્ધિ થઈ શકે. આપણો સત્સંગ જબ્બરજસ્ત સર્વાંગી બેલેન્સીવ એટલે કે સમતુલા જાળવનારો છે. તો માત્ર ઉત્સવીયો, પ્રસાદીયો, ભક્તિ ઘેલો, કર્મકાંડીયો, નાવણીયો, ધોવણીયો કે સુષ્ક જ્ઞાની નથી. બલ્કે ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને ઉપાસના એ સહિત એકાંતિકી ભક્તિનો સુભગ સમન્વય સાધતો રોકડીયો સત્સંગ છે. માટે તેમા સતત જાગૃત રહી આત્મ કલ્યાણ અર્થે પુરુષાર્થ કરતા રહેવું જરૂરી છે. પોડા બારસ પર્વે આવા મનન નિદિધ્યાસના સુવિચારોથી સ્વસ્વરૂપનું શુધ્ધિકરણ રૂપ વચનામૃત અમદાવાદ-૨ પ્રમાણે આધ્યાત્મિક સ્નાન કરીને ધનતેરશના કુબેર (લક્ષ્મી) પૂજન સાથે જન્મોજન્મના હરિ નામના નાણાંનું પૂજન કરીએ. દિવાળીએ શારદા પૂજન કરી જુના ખાતા બંધ કરીને નવા વર્ષ માટે નવા ખાતાનો નવેસરથી શુભ આરંભ કરીએ. આ રીતે જુના વર્ષને ભાવભીની વિદાય આપી ચાલો ઊમંગ-ઉત્સાહ-આશા ભર્યા ઓરતાઓ લઈને નવા વર્ષને વધાવીયે.



આનંદની હેલી

કમલો અને ધમલો

- શાસ્ત્રી હરિજીવનદાસ (હિંમતનગર મહંત)

મહારાજ એકવાર રિસાઈને બેઠેલા. હંમેશા બને છે તેમ મહારાજનું રિસાવું ક્ષણિક હોય છે. તેમનું રિસાવું કે ગુસ્સે થવું એ પણ મધુર છે, ગેય એટલે ગાવા લાયક છે. નિર્દોષ છે. હંમેશાની જેમ મહારાજને આ વખતે કોણે હસાવ્યા હશે? બોલો સુરા ખાચરે ? ના, બ્રહ્મમુનિએ ? 'નહિ' આ વખતના વાર્તાકાર નવા છે. જેનું નામછે મુળજી શેઠ. શેઠે વાર્તા શરૂ કરી.

કમલો અને ધમલો બન્ને સગાભાઈ. નાતે વણિક હતા. કોળીવાડામાં તેમનું નાનું ઘર હતું. એકવાર કોળીવાડામાં આગ લાગી. જોત જોતામાં કેટલાક ઘર આગની લપેટમાં આવી ગયા. કમલો અને ધમલો બંને ભાઈ બહાર હતા. ઘરમાં તેમની મા એકલી હતી. દોડો દોડો આગ લાગી. ચારે બાજુ હાકોટા ને પડકારા સાંભળીને કમલા-ધમલાની મા દોડીને બહાર આવતી રહી. પણ તેમણે પાળેલી કૂતરી ઘરમાં જ રહી ગઈ ને બળી ગઈ. થોડીવારમાં કમલો અને ધમલો ગામમાંથી ઘેર આવ્યા. બળેલા ઘરમાં પોતાની માને શોધવા માંડ્યા. તો પેલી બળી ગયેલી કૂતરી હાથમાં આવી. તેનો અગ્નિ સંસ્કાર કરવા ઉપાડીને ઝોળીમાં લીધી. ત્યારે કમલો બોલ્યો. ધમલા ! આને તો પૂંછડી છે. આપણી માને તો પૂંછડું ન હોતું. ધમલો કહે ચૂપ મર, આપણી માને પૂંછડું હતું. ઘણીવાર આપણા બાપા કહેતા હતા કે "તારી માનું પૂંછડું !" બોલ સાચી વાત છે ને ! આ વાત સાંભળીને મહારાજ બહુજ હસવા લાગ્યા.

કૃપાનિધિ કે કૃપા નથી !

મહારાજે મછીયાવમાં હુતાસનીનો સમૈયો ખૂબ ધામધૂમથી કર્યો હતો. આ સમૈયામાં મહારાજે એક નવું પ્રકરણ ચલાવ્યું. દરેક સંતો ભક્તોએ તારા-સ્નાન કરવું.

સ્નાનની વિધિ એવી હતી કે રાત્રે કોરા માટલાં પાણીથી ભરાવી રાખતા. શ્રીહરિ પોતે પણ એજ પાણીથી સ્નાન કરતા. ટાઢ કહે મારું કામ, એ સમયમાં ટાઢ એવી ભયંકર કે ન પૂછો વાત. પાણી પણ દહીંની જેમ જામી જાય એવું હિમ પડતું. કાઠીઓ તથા અન્ય હરિભક્તો વહેલા ઉઠીને ન્હાવા જતા. પાણી એવું તો ઠંડુ કે હૃદય ધબકારો ચૂકી જાય. મોંમાથી ઉહંકારો નીકળી જાય !

આવા ઠંડા પાણીથી ન્હાતા ન્હાતા મહારાજના કોઠારી પ્રભાશંકર બોલ્યા હે કૃપાનિધે ! હે કૃપાનિધે ! અને સુરાખાચરને મુદ્દો મળી ગયો. મહારાજ પાસે જઈને કહેવા લાગ્યા. મહારાજ ! આ પ્રભાશંકર કહે છે કે કૃપા નથી..... કૃપા નથી..... કેમકે મહારાજ આવી ટાઢમાં ઠંડા પાણીએ નવડાવે છે ! એમ બોલીને ખૂબ રમૂજ કરી. શ્રીહરિ ખૂબ હસ્યા.

સુરાખાચરને વાગ્યું !

સુરાખાચરની વાત થાય એવી નથી. એ હંમેશા નવી અને આનંદ ભરી (રમૂજ) વાતો કરતા.

એક વખત સુરાખાચર વહેલમાં બેઠા હતા. ગમે તે બન્યું પણ વહેલનું બેલેન્સ ગયું. એટલે વહેલ ઉંધી પડી ગઈ. સુરાખાચરને ઠીક ઠીક વાગ્યું. શ્રીજી મહારાજ બાજુમાં ઊભા ઊભા હસતા હતા. સુરાખાચર અકળાઈ ગયા. અને મહારાજને કહેવા લાગ્યા કે તમે અંતકાળે વહેલ લઈને મને તેડવા ન આવતા. મહારાજ કહે, કેમ? બાપુ કહે "મને પગે દોરડું બાંધીને ઢસડીને ધામમાં લઈ જજો. કૃપા કરીને વહેલ લઈને આવશો નહિ...." બાપુ હા.. એમજ કરશું. પ્રભુએ હસીને જવાબ દીધો.

ભમરાનો મારગ

શ્રીહરિ કાઠી પાર્ષદોની સાથે ઘોડા ઉપર બેસીને સુરત પધારતા હતા. રસ્તામાં રેવા નદી આવી. નદી ઓળંગીને આગળ વધ્યા.

નાગમાલો ઘોડા ઉપર બેઠા હતા. બીજી બાજુ મહારાજ જમતા હતા. જે ગામ જવાનું હતું તેનો રસ્તો ભૂલાઈ ગયેલો. ત્યાંથી કોઈ વટેમાર્ગુ નીકળ્યો. નાગમાલે વટેમાર્ગુને પૂછ્યું, ભાઈ ! ભર્મરાનો રસ્તો કયો ? જવાબ સુરાખાચરે દીધો કે "તારૂ મોઢું" વટેમાર્ગુ જવાબ દે એ પહેલા જ બાપુએ રમૂજી જવાબ દઈને મહારાજને હસાવી દીધા. વાતેય સાચી છે કે ભમરાનો મારગ મોઢું જ હોય ને !



પૂ. મોટા મહારાજશ્રીની દિવ્ય વાણીમાંથી ચૂંટેલા પુષ્પો

સંકલન : સાધુ ધર્મકિશોરદાસ ગુરુ સ્વામી નારાયણસ્વરૂપદાસજી

પૂ. મોટા મહારાજશ્રી ઘણીવાર કહે છે કે સંસ્કૃતિનું જીવનમાં બહુજ મહત્વ છે. કેમ કે જ્યાં સંસ્કૃતિ નથી ત્યાં કોઈ પણ વ્યક્તિ કંટ્રોલમાં નથી રહેતો. સંસ્કૃતિ હોય તો જ લોકો ધર્મમાં રહે તોજ પાપ કરતા અટકે, આપણી ભારતીય સંસ્કૃતિની દરેક દેશોમાં પ્રસંશા થાય છે, કેમકે આપણા દેશમાં તો બાળકને નાનપણથી જ સારા અને શુભ સંસ્કાર આપવામાં આવે છે. જ્યાં સંસ્કાર છે ત્યાં સંસ્કૃતિ છે, જ્યાં સંસ્કાર આપવામાં આવતા હોય એને જ સંસ્કૃતિ કહેવાય. જેમાં અમેરિકન સંસ્કૃતિમાં તો પ્રેમભાવ, સૃહદભાવ કે કોઈના પ્રત્યે લાગણી ન દેખાય. એમાં પણ સ્વાર્થ દેખાશે. પણ આપણી ભારતીય સંસ્કૃતિમાં પ્રેમભાવ, સુહદભાવ, સંપ અને એક બીજા પ્રત્યે લાગણી પરસ્પર ખૂબજ હોય છે. આજ સંસ્કૃતિના લીધે જ આપણો ધર્મ ટકી રહ્યો છે, અમે પશ્ચિમ સંસ્કૃતિની વાત કરીએ તો એક વખત અમેરિકામાં અમે વિચરણ કરતા હતા ત્યારે બે મિત્રો વાત કરતા હતા. બેમાંથી એકની મા ઈન્ડિયાથી **(USA)** આવવાના હતા. તે પોતાના મિત્રને કહે કે મિત્ર મારા બા-બાપુજી કાલે ઈન્ડિયાથી આવશે તો તું કાલે બા-બાપુજીને એરોડ્રામથી લઈ આવીશ. કેમકે કાલે મારી રજા નથી, મિત્રે કહ્યું કંઈ વાંધો નહીં. હું લઈ આવીશ. અને પછી તરત જ પેલા મિત્રે ખિસ્સામાંથી થોડાક ડોલર કાઢી પેલા મિત્રને આપ્યા. મિત્રે લઈ તરત જ ખિસ્સામાં મૂકી દીધાં. આ દ્રશ્ય જોઈને અમને એમ થયું આ છે અહીંની પશ્ચિમ સંસ્કૃતિ ! અને ક્યાં આપણી ભારતીય સંસ્કૃતિ ! બન્ને સંસ્કૃતિમાં કેટલો તફાવત છે. આપણી ભારતીય સંસ્કૃતિ, ધર્મ સાથે વણાયેલી છે એટલે એક બીજાને એક બીજાથી પ્રેમ-કરૂણા થાય છે. અને ત્યાં ધર્મ સાથે નથી જોડાયેલા અને જે ધર્મ સાથે લઈને ચાલે તો તેમની રક્ષા શ્રીહરિ કરતા હોય છે. એટલે જ શ્રૃતિમાં કહ્યું છે "ધર્મચર હે માનવ" ધર્મમાં ચાલ તોજ સંસ્કૃતિ જળવાશે, નહીતર પશ્ચિમને આવતા વાર નહિ લાગે, ખરેખર વિચાર કરીએ તો જ્યાં ધર્મ છે ત્યાં જ સંસ્કૃતિ જળવાઈ રહી છે, મહાભારતમાં આપણે જોઈએ છીએ કે પાંડવો અને કૌરવો આ બે પક્ષ હતા, એ બેય પક્ષમાં ધર્મનું સ્થાન તો હતું, પાંડવોના સ્થાને ધર્મ તરીકે યુધિષ્ઠિરજી હતા અને કૌરવો પક્ષે ધર્મ સ્થાને વિદુરજી હતા, ધર્મ તો બેય પાસે હતો પણ પાંડવોએ ધર્મ સાથે રાખીને કાર્ય કર્યું તો એમની જીત થઈને ભગવાન પણ એમના જોડે રહ્યા અને કૌરવો પક્ષે વિદુરજી હતા પણ કોઈ કાળે એમણે ધર્મજી (વિદુર)ની વાત ન માની મન ફાવે તેમ કર્યું તો ભગવાન પણ ગયા ને હાર્યા. કૌરવ કુળનો સંહાર થયો અને મોઢું બતાડવા જેવું ન રહ્યું. એટલે ધર્મ સાથે ચાલીએ તો મહારાજનો રાજીપો મળે તે મહાસુખીયો થાય. ધર્મ પ્રમાણે ચાલશો તો પછી ચિંતા કરવી નહિ પડે. તમારી બધી ચિંતા મટી જશે. અમે અમેરિકામાં જઈએ તો ત્યાંના લોકોના મોઢે ઘણીવાર એક વિશેષ વાક્ય સાંભળવા મળતું હોય છે **It is not my problem - it is your problem** અમારી પરેશાની નથી, આ તમારી પરેશાની છે. અર્થાત્ જ્યારથી હું તમારે શરણે આવ્યો છું ત્યારથી મારી બધી પરેશાનીઓ હવે મારી નથી તમારે શરણે છે. આમ આપણે મહારાજની આજ્ઞામાં રહી ધર્મ સાથે ચાલીએ તો દરેક વિટંબણાઓમાંથી છૂટકારો પામીયે એજ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

પવિત્ર ધનુર્માસ

લે. શાસ્ત્રી કેશવપ્રસાદદાસજી (વેદાંતાચાર્ય) અમદાવાદ

ધનુર્માસ વિષે ઉલ્લેખનીય વાત એ છે કે - જ્યારે સૂર્ય ધન રાશિમાં પ્રવેશ કરે છે, ત્યારથી આરંભીને, સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે ત્યાં સુધીના દિવસો ધનુર્માસ તરીકે ઓળખાય છે. પૌરાણિક ઈતિહાસ પ્રમાણે પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર અને બળદેવજી આ દિવસોમાં ઉજ્જૈનમાં સાંદિપની ઋષિના આશ્રમમાં વિદ્યાભ્યાસ કરવા ગયા હતા. તેમાં ધનુર્વિદ્યાની સાથે ચૌદ વિદ્યા અને ચોસઠ કળા ફક્ત ચોસઠ દિવસમાં જ શીખી ગયા હતા. ત્યારથી આજ દિન પર્યંત વૈષ્ણવ મંદિરમાં અને ખાસ કરીને આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં ધનુર્માસ ખૂબ ધામ-ધૂમપૂર્વક ઉજવાય છે. આ મહિનામાં પરબ્રહ્મ પરમાત્મા ભગવાન સ્વયં વિદ્યાર્થી બની ગુરુને ત્યાં વિદ્યાભ્યાસ કરવા જાય છે, એવી ભાવનાથી ઠાકોરજીની સન્મુખ વિદ્યાભ્યાસ માટેના વિવિધ પુસ્તકો, પાટી-પેન, નોટબુકો, બોલપેન, કંપાસ બોક્ષ વિગેરે ભણવાની ચીજ વસ્તુઓ મુકવામાં આવે છે. તથા નાસ્તા માટે વિવિધ પ્રકારના સૂકા મેવાઓ પણ ધરવામાં આવે છે.

ધર્મપ્રેમી ભક્તજનો ખૂબ ભાવથી વિદ્યાર્થી રૂપમાં પ્રભુના દર્શન-વંદન કરે છે. ધનુર્માસ દરમ્યાન શિખરબંધ મંદિરોમાં તથા હરિમંદિરોમાં વહેલી સવારે મંગળા આરતીના દર્શન કરવા હજારોની સંખ્યામાં ભાવિક આબાલ-વૃદ્ધ પુરુષો તથા બહેનો ઉમટી પડે છે. સર્વ ભક્તજનો પ્રભુના દિવ્ય દર્શનની ઝાંખીથી ભાવ વિભોર બની જાય છે, અને પરમાત્માના દિવ્ય આનંદની અનુભૂતિ કરે છે.

આપણા સંપ્રદાયમાં ધનુર્માસમાં ભજન-કીર્તન, ભક્તિનો ઉત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવાય છે. તેમાં વિશેષ કરીને અમદાવાદ, કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભરત ખંડના રાજા શ્રી નરનારાયણદેવની સાનિધ્યમાં, અક્ષરધામતુલ્ય વિશાળ સભામંડપમાં, સમગ્ર ધર્મકુળ પ.પૂ. મોટા મહારાજશ્રી, વર્તમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા હવેલીમાં બહેનોની સાથે પૂ. ગાદીવાળાશ્રી પણ પધારે છે. તથા બ્રહ્મચારી, સંતો અને સર્વે ધર્મપ્રેમી ભક્તજનો સમૂહમાં પ્રેમ-પૂર્વક કથા, કીર્તનો તેમજ પ્રભુના ષડાક્ષરી 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન્ય કરે છે. તેથી સમગ્ર ભૂમંડલીય વાતાવારણ પરમમંગલમય બની જાય છે. આ ભક્તિમય માહોલનો મહોત્સવ મકર સંક્રાંતિ એટલે ઉત્તરાયન સુધી ચાલે છે.

દર વર્ષે ૨૧ મી ડિસેમ્બરથી સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરતાની સાથે ઉત્તરાયન શરૂ થાય છે. ધર્મ શાસ્ત્ર અનુસાર શ્રૌત સ્માર્ત તથા મનોકામનાની પૂર્તિ માટે થતા માંગલિક કાર્યોનું શુભ-ફળ પ્રાપ્ત થાય છે. એટલા માટે ધર્મશાસ્ત્રમાં ઉતરાયનના સૂર્ય ને વિશેષ પુણ્ય ફળ આપનારો ગણ્યો છે. જ્યારે દક્ષિણાયનમાં બધાં સારા કાર્યોનું શુભ ફળ પૂર્ણતયા મળતું નથી.

ધનુર્માસમાં શણગાર આરતીના દર્શન બાદ ઠાકોરજીને થાળમાં અડદીયા લાડુ, મેથીના લાડુ, જલેબી, સાટા, પેંડા, મગજ, બુંદીના લાડુ વગેરે વિવિધ પકવાનોની સાથે દાળ-ભાત, ઘીમાં બોળેલ રોટલી, પુરી, ભજીયાં, સેવ, બાજરીના રોટલા, માખણ અને જુદાં જુદાં શાકભાજી તથા મૂળા, રાયતાં, અથાણાં, પાપડ વગેરે ભગવાનને જમાડવામાં આવે છે. ત્યારબાદ એલચી, પિસ્તા, બદામ, સાકર, કેસર નાંખી ઉકાળેલ ગરમ દૂધ ઠાકોરજીને ધરાવવામાં આવે છે. રાજભોગ આરતી પણ વહેલી કરવામાં આવે છે.

ધનુર્માસમાં પ્રભુ નામસ્મરણ, ભજન-કીર્તન કરવાનો વિશેષ મહિમા છે. તેથી ધર્મપ્રેમી સજ્જનો, ભગવાનના ભક્તો આ માસમાં વિશેષ ધર્મ, ધ્યાન, ભક્તિ, દાન, ધર્માદી કાર્યો અને ઠાકોરજીને વિવિધ પ્રકારના થાળ ધરાવી અને પ્રભુની વિશેષ પ્રસન્નતા મેળવવાનો પ્રયત્ન કરે છે, પરમાત્માનું નામસ્મરણ એ જીવનનું અમર ભાથું છે. પ્રભુ ભક્તિ માનવીના જીવનની એક આધ્યાત્મિક બેંક છે. એ બેંકમાં જમા થયેલ પ્રભુ નામસ્મરણનું વ્યાજ ચક્રવૃદ્ધિના દરે વધતું જાય છે. તેમાંથી મૂડી ઓછી થતી નથી. હરિનામનું બચત ખાતું, તથા સ્વામિનારાયણ નામની ફીક્સ ડીપોઝીટમાંથી માનવ માત્રે લખેલો ચેક કદાપિ પાછો ફરતો નથી. તે ટ્રાવેલર્સ ચેક માણસ મૃત્યુ સમયે પરલોકમાં સાથે લઈ જઈ શકે છે. બાકી સંસારની બીજી કોઈપણ નાનામાં નાની સરખી ભૌતિક ચીજ-વસ્તુ સાથે લઈ જવાતી નથી. પરંતુ ભગવાનના નામસ્મરણ રૂપી ભક્તિ સંપત્તિ માણસ પોતાના અંતિમસમયે પરલોકમાં લઈ જાય છે.

વેદો, ઉપનિષદો કહે છે કે "ઉતિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્ નિબોધત" ઉઠો જાગો- સાવધાન થઈ મનુષ્ય શરીરના અસ્તિત્વ દરમ્યાન પરમપુરુષ પરમાત્માના મહિમાને જાણી ભગવાનની પ્રાપ્તિનું કાર્ય સિધ્ધ કરવાનો વિશેષ પ્રયત્ન કરવો જોઈએ. શ્રીમદ્ ભગવત ગીતામાં શ્રીકૃષ્ણચંદ્રનું વચન છે કે,

"अनित्यं असुखं लोकं मिमं प्राप्य मजस्व माम् ।"

હે અર્જુન ! સુખરહિત અને નાશવંત છતાં દેવ દુર્લભ માનવ શરીર મેળવીને તું મારું નિરંતર ભજન કર, ચિંતવન, તારું જીવન મારા પરાયણ બનાવી દે, પછી તારે કાંઈજ કરવાનું નથી. તું મને જ પામીશ. ગીતાનાં દશમા અધ્યાયમાં પણ શ્રીકૃષ્ણે જણાવ્યું છે કે

"तेषां सतत युक्तानां भजतां प्रीति पूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्तिते ॥"

અનન્ય વિશુદ્ધ પ્રેમપૂર્વક મારું ભજન કરનારા ભક્તોને હું બુદ્ધિયોગ આપું છું. અર્થાત્ વિશેષ જ્ઞાન આપું છું. જેથી તેઓ મને જ પામે છે.

માટે ભગવાનના ભક્તોએ પરમાત્માની શરણાગતિ સ્વીકારી પ્રભુ ભજન, ભક્તિ, ઉપાસના કરી લેવી હિતાવહ છે. કારણ કે ભગવાનની શરણાગતિના શુભ ફળ મનની શાંતિ અને આત્માનો સાત્વિક આનંદ હોય છે. તે માનવીની તમામપ્રકારની ચિંતાનું નિવારણ લાવી સાધનામાં વેગીલી પ્રગતિ કરાવી, મુક્તિનો આસ્વાદ માણવા પ્રેરક બળ આપે છે, અને માનવ જીવન ધન્ય બની જાય છે.

ઈતિ શુભમ્ ! અસ્તુ .....



મનથી સર્વસ્વ મળે પ્રભુ પણ.....

- શાસ્ત્રી સ્વામી અભયપ્રકાશદાસ ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)

આપણા સંતો, વડીલો અને એક દષ્ટિથી જોઈએ તો સમગ્ર જગતમાં મનોભાવ ઉપર સર્વેનો ખૂબ ભારરૂપ મત હોય છે. આપણે ત્યાં કહેવત પણ છે કે..... "મન હોય તો માળવે જવાય." કારણ મન એ જ સર્વ કાર્યનું પ્રેરક હોય છે. જ્યાં સુધી મનમાં વિચાર ન આવે ત્યાં સુધી કોઈ કાર્ય થાય નહિ. પ્રથમ મનના વિચાર બાદ જીવ પોતાના શરીરને તે વિચાર કરેલા કાર્ય પ્રત્યે લઈ જાય છે. માટે મન હોવું એ ખૂબજ અગત્યની બાબત દરેક જગ્યાએ બનતી હોય છે. આપણે જોઈએ છીએ કે કોઈ મનુષ્યનું કોઈ કાર્યમાં મન ન હોય, કહેતા મુડ ન હોય, તો તે કાર્ય સારુ થાય નહિ. અને તેને તે કાર્યમાં મજા પણ ન આવે, પણ તે કાર્યમાં મન લાગ્યું હોય તો તે કાર્ય કરવામાં આનંદ પણ આવે અને તે કાર્ય સુંદર રીતે થાય છે, કથામાં બેઠા હોઈએ, કોઈએ પરાણે બેસાડ્યા હોય, અને મન જો કાર્ય અધુરું હોય એમાં હોય તો ગમે તેટલો સમય બેસે પણ કથામાં શું આવ્યું તેની ખબર રહે નહિ, સતત મનમાં ચિંતા થયા રાખે ક્યારે કથા પુરી થાય ને ક્યારે અહીંથી નીકળું. એજ રીતે જો કથા સાંભળવામાં મન હોય અને જો પોતે બીજુ કંઈ કાર્ય કરતા હોઈએ તા મનમાં એમ થાય ક્યારે કાર્ય પુરુ થાયને હું કથા સાંભળવા જાઉ. આમજેટલું જે કાર્ય પ્રત્યે મન તીવ્ર તેટલું તે કાર્ય સફળ થતું હોય છે. ભમરીની ઉત્પતિ જુઓ તો એ પણ મનને આધારીત થતી હોય છે.

ભમરી માટીનું ઘર બનાવી તેમાં ઈયળને લાવીને મુકે છે. ત્યાર બાદ ભમરી ઈયળને સતત ડંશ દીધે રાખે છે. ડંશ દઈને ભમરી ઉડી જાય. આ બાજું ઈયળને સતત ભમરીનું ચિંતવન થયે રાખે. તેનું મન ભમરીમાં હોય. હમણા ભમરી આવશે ને મને ચટકો ભરશે. રામ ને આમ તે ઈયળ, ઈયળ મટી ભમરી થઈ જાય છે.

એવી જ રીતે આપણું મન જો પ્રભુ પ્રાપ્તિની ઝંખના માટે સતત તડફયા કરે તો તેને ઈશ્વરની પ્રાપ્તિ જરૂર જરૂરને જરૂર થતી હોય છે. મતંગ ઋષિએ શબરીને કહ્યું કે તારે ત્યાં એક વાર રામ પધારશે. ત્યારથી માંડી શબરીએ પોતાનું તન, મન અને જીવન રામમય કરી નાખ્યું. તો રામાયણ એમ કહે છે કે એ શબરીને શોધતા શોધતા રામ તેની ઝૂંપડીએ આવ્યા હતા. કંસે ભલે પોતાના દુશ્મન જાણી શત્રુ રૂપે ચિંતવન કર્યું પણ દઢતાથી ભગવાનનું ચિંતવન કર્યું તો ભગવાન ભલેને મારવા પણ ત્યાં પધાર્યા હતા અને ભગવાન પધારે એથી બીજી શું વિશેષ વાત હોય.

સ્વામી રામકૃષ્ણ પરમહંસની આગળ એકવાર તેમના શિષ્ય નરેન્દ્રએ પ્રભુ દર્શનની ઈચ્છા વ્યક્ત કરી. સ્વામીજીએ કહ્યું કાલે આવજે. બીજા દિવસે નરેન્દ્રએ આવી એજ ઈચ્છા કરી. ફરી સ્વામીએ કહ્યું કાલે આવજે. રામ ચાર પાંચ દિવસ જતા રહ્યા. પરંતુ રોજ સ્વામી કાલે આવજે કાલે આવજે એમ કહેતા. ચાર પાંચ દિવસ થયા નરેન્દ્રએ સ્વામીને કહ્યું ગુરુદેવ આ શું ? રોજ હું તમારી આગળ ભગવાન મેળવવાની ઈચ્છા વ્યક્ત કરું છું. પરંતુ રોજ તમે કાલે આવજે એમ કહો છો. જો તમારે ભગવાન ન જ બતાવવા હોય તો ના કહી દો. સ્વામીજીએ કહ્યું કાલે આવજે તને જરૂર ભગવાન દેખાડીશ, નરેન્દ્ર ચાલ્યો ગયો. બીજો દિવસ થયો. નરેન્દ્ર આવ્યો. ત્યારે સ્વામી કહે ચાલ મારી સાથે નદીમાં સ્નાન કરી આવીએ. બન્ને ગુરુ શિષ્ય નદી કિનારે ગયા. પાણીમાં ઉતર્યા. સ્વામીએ ડુબકી લગાવી. બહાર આવી નરેન્દ્રને કહ્યું આ પાણીમાં ડુબકી લગાવ તને ભગવાન દેખાશે. નરેન્દ્ર કહે પાણીમાં ! હા, પાણીમાં, નરેન્દ્રએ ડુબકી લગાવી આમથી તેમ પાણીમાં જોયું પણ ક્યાંય ભગવાન દેખાણા નહિ. બહાર આવી કહ્યું, ગુરુદેવ અંદર તો ભગવાન નથી. સ્વામી કહે અરે ! એમ, હોય. હું રોજ આજ પાણીમાં દર્શન કરું છું, ફરીવાર ડુબકી લગાવ, ફરીવાર ડુબકી લગાવી. એજ પરિણામ, સ્વામીએ ત્રીજીવાર ડુબકી લગાવવા કહ્યું, ત્રીજીવાર જ્યાં નરેન્દ્રએ ડુબકી લગાવી કે તુરંત સ્વામીએ પોતાના બંને હાથ વડે નરેન્દ્રનું માથું પાણીમાં પકડી રાખ્યું. થોડીવાર થઈ નરેન્દ્રનો શ્વાસ રૂંધાવા લાગ્યો. છતાં પણ પરમ હંસે માથું ન છોડ્યું. નરેન્દ્ર તરફડીયા મારવા લાગ્યો. જ્યારે બહુ શ્વાસ રૂંધાયો. હમણાં મરી જઈશ એમ જ્યાં નરેન્દ્રને લાગ્યું એટલે હતું એટલું બળ કરી નરેન્દ્ર પાણીની બહાર આવી ગયો. બહાર આવી નરેન્દ્ર કહે ગુરુદેવ આપ શું કરતા હતા. સ્વામી કહે કેમ શું થયું. નરેન્દ્ર કહે શું થયું શું હું હમણા મરી જાત. સ્વામી કહે, પણ થયું છું એતો કહે, નરેન્દ્ર કહે અરે ! ગુરુદેવ શું વાત કરું. તમે જ્યારે મને પાણીમાં દબાવ્યો ત્યારે મને એમ થયું કે કેમ કરીને બહાર આવું. જીમ માછલું વિના પાણીએ તરફડે તેમ હું પાણીમાં તડફડતો હતો. ત્યારે સ્વામી રામકૃષ્ણ પરમહંસે સુંદર જવાબ આપ્યો કે બેટા હું તને એજ સમજાવું છું, કે તને જેટલી તાલાવેલી પાણીમાંથી બહાર નીકળવાની હતી એટલી તાલાવેલી જે દિવસે ભગવાન મેળવવાની થશે તે દિવસે તારે ભગવાનને શોધવા નહિ જવું પડે. ભગવાન તને શોધતા શોધતા તારી પાસે આવશે.

પણ મારી અને તમારી દશા એ છે કે જેટલી તાલાવેલી સંસારનું સુખ મેળવવાની થાય છે એટલી ભગવાન મેળવવામાં થતી નથી.



અમદાવાદ મંદિર

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

આજ લીંબડાની નીચે વેદિકા ઉપર એક સમયે શ્રીહરિ વિરાજમાન હતા. સર્વ સંતો શ્રીહરિમાં એકાગ્ર વૃતિ રાખીને બેઠા હતા. તે સમયે નટ લોકોની વિનંતીથી મહાપ્રભુએ તેઓને રમવા માટે આજ્ઞા આપી. એકાગ્ર વૃત્તિથી રમતા નટોને જોઈ શ્રીહરિએ સંતોને કહ્યું. આ સર્વે નટ સ્તંભની સાથે બાંધેલ દોરી પ્રત્યે એકગાર વૃત્તિ રાખી ફક્ત પેટ ભરવા માટે રમે છે તેમ તમારે પણ પોતાના કલ્યાણ માટે ઈષ્ટદેવ ભગવાનની મૂર્તિમાં નિરંતર એકાગ્ર વૃત્તિ રાખવી. પછી સ્વામિનારાયણ ભગવાન નટ લોકો ઉપર પ્રસન્ન થઈ તેમને લાડુ તથા રૂપિયા આપતા હતા.

એક સમયે દેવ દિવાળી આવી ત્યારે પણ શ્રીહરિએ મોટો ઉત્સવ કર્યો. મંદિરના દરવાજા પાસે લીંબડાના વૃક્ષ નીચે વેદિકા ઉપર વિરાજમાન થયા. સંત-હરિભક્તોની સભા થઈ હતી. તે સમયે મહામુનિ આનંદાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને સોનાના બુટ્ટાઓથી અંકિત સુરવાળ, મોળિયુ, અમૂલ્ય અંગરખુ સોનાના તારવાળો ગૂંથેલ ખેસ વગેરે વસ્ત્રો ધારણ કરાવી ભાલમાં કુંકુમનો ચાંદલો કર્યો. પુષ્પોના બાજુ બંધ, કડા, હાર, તોરા વગેરે ધારણ કરાવ્યા. પ્રેમપૂર્વક પૂજા કરી. નવિન શ્વેત વસ્ત્રોનો મોટો ઢગલો મહાપ્રભુ આગળ કર્યો. તેમાંથી શ્રીહરિએ સર્વ સંતોને પોતાના હાથે એક એક વસ્ત્ર આપ્યું. તે સમયે અપૂર્વ પૂજા વિધિથી શણગારેલા શ્રીહરિના દર્શન કરવા ઈન્દ્રાદિક દેવો એકદમ ઉતાવળથી આકાશ માર્ગે આવતા હતા. આશ્ચર્ય પામી કહેવા લાગ્યા કે અહો ! જુઓ તો ખરા અમદાવાદની પૃથ્વી કેટલી ભાગ્યશાળી છે ! જ્યાં સાક્ષાત્ સર્વોપરિ ભગવાન સ્વયં બિરાજે છે.

આજ જગ્યાએ એક સમયે શ્રીહરિ તથા સંતોની સભા થઈ હતી. તે સમયે શ્રીહરિના જ્યેષ્ઠ બંધુ રામપ્રતાપભાઈ પણ ત્યાં આવ્યા. રામપ્રતાપભાઈને મનમાં સંશય થયો. આ ઘનશ્યામને તેના બધા ગૃહી ત્યાગી શિષ્યો ભગવાન માનીને પૂજે છે. પરંતુ ખરેખર તે ભગવાન હશે કે નહિ ? એવો વિચાર કરતા શ્રીહરિ સામું જોઈ રહ્યા હતા. ત્યાં તો શ્રીહરિના શરીરમાંથી નીકળતા અપાર ઉજવળ તેજના પ્રવાહો તેમણે જોયા. એ જોતાં જોતાં સમાધિ થઈ ગઈ. સમાધિમાં તેમણે અનેક સૂર્યની કાંતિ સમાન તેજસ્વી અક્ષરધામજોયું. તે ધામમાં એક અપૂર્વ સુંદરતાવાળું દિવ્ય સિંહાસન જોયુ. એ સિહાંસન ઉપર જ પોતાને ભાઈ ઘનશ્યામઅહીં બેઠા છે તે જ ઘનશ્યામભગવાન શ્રીહરિને તે સિંહાસન પર બેઠેલા જોયા. અનંત પ્રધાનપુરુષાદિક ઈશ્વરો અને અનંત અક્ષરમુક્તો તે શ્રીહરિની સેવા પૂજા કરતા હતા. ઉપરાંત પોતાના માતા-પિતા ભક્તિદેવી તથા ધર્મદેવને પણ રામપ્રતાપભાઈએ શ્રીહરિની પૂજા કરતા જોયા. તેથી તેમને દ્રઢ નિશ્ચય થયો કે અમારા ભાઈ ઘનશ્યામએ સાક્ષાત્ સર્વોપરિ શ્રી પૂર્ણપુરુષોત્તમનારાયણ છે.

દરવાજો : આ જગ્યાએ મેડાબંધ સુંદર દરવાજો હતો. તેના ઉપર શ્રીજી મહારાજ ઘણીવાર રહેતા અને પોઢતા. તેની અગાસીમાં ઊભા રહી દર્શન પણ આપતા. તે દરવાજા ઉપર શ્રીજી મહારાજે શ્રી વાસુદેવ માહાત્મ્ય વંચાવેલ છે તે વાત વચનામૃતમાં લખેલ છે. તે જૂનો દરવાજો પડી જવાથી તે જગ્યાએ ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી પુરૂષોત્તમપ્રસાદજીએ નવો ભવ્ય દરવાજો બંધાવેલ છે.

હવેલી : દેશી, પરદેશી લાખો ઉપરાંત મુલાકાતીઓ જેને જોઈને આશ્ચર્યના ઉદ્ગારો કાઢે છે તેમજ કાષ્ઠ કોતરણીની કળાના અજોડ નમુના રૂપ આ ભવ્ય કાષ્ઠ ઈમારત આચાર્યશ્રીનું પરંપરાગત નિવાસ સ્થાન છે. એમાં અંદરના ભાગમાં શ્રી ઘનશ્યામમહારાજની પૂરા કદની કાષ્ઠની પ્રતિમા છે. પહેલા ત્યાં ચોક હતો ને તે સ્થળે મહારાજે નટ રમાડ્યા હતા.

સભામંડપ : આ સભામંડપની જગ્યાએ મંદિર કરાવ્યા પહેલા શ્રીહરિએ સંતોને ઉતરવા માટે ધર્મશાળા બંધાવી હતી. તે ધર્મશાળામાં શ્રીજી ઘણી વખત ઉતરતા તથા સંતોને મળવા પણ ઘણી વખત પધારતા. તેમાં સંતોની પંક્તિ કરાવી પીરસતા, પીરસતાં પીરસતાં પંક્તિના બેય છેડે ખુરશીઓ મુકાવી તેના ઉપર બેસતા. તે બેય જગ્યાએ સ્મૃતિ માટે ચરણારવિંદ પધરાવ્યા છે. આ સભા મંડપના થાંભલા, પાટડા, કૂંભીઓ, સરભરણાં, મડાળો વગેરે કલામય અને આકર્ષક છે. મંદિરના ચોકથી સભામંડપ તરફની ભૂમિ સભામંડપ સમેત બ્રહ્મચારીની જગ્યા ગણાય છે. કારણ કે ત્યાં સ્ત્રીઓનો પ્રવેશ નથી.

સભા મંડપમાં વચ્ચે ગાદી સ્થાનની ભૂમિ છે. આ

જગ્યાએ જ્યારે જૂની ધર્મશાળા હતી ત્યારે શ્રીજી મહારાજ ઘણીવખત સભામાં પાટ નંખાવી બિરાજતા. તેમજ ઘણી વખત રાત્રે ઢોલિયો બિછાવરાવીને તેના ઉપર પોઢતા. જે પાટ ઉપર શ્રીહરિ બિરાજતા તે પ્રસાદીની પાટ હાલમાં હવેલીના મેડા ઉપર અવધભુવનમાં રાખવામાં આવી છે. આ સભામંડપમાં વચ્ચોવચ્ચ ગાદીસ્થાનની ભૂમિપર ચાંદીજડિત પાટ રહેલી છે. જે પાટ ઉપર દરરોજ સવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી બિરાજમાન થઈને કથા શ્રવણ કરે છે તથા સંત-હરિભક્તોને દર્શન, સ્પર્શ, પૂજનનું સુખ આપે છે. ઉત્સવ-સમૈયા તથા પાટોત્સવ જેવા પ્રસંગોએ વિશાળ સભાને આશીર્વચનનું સુખ આપે છે. આ પાટ ઉપર શ્રીજી મહારાજે સ્થાપેલી ધર્મવંશી આચાર્ય પરંપરાના આચાર્યશ્રી જેઓ શ્રીહરિનું જ અપર સ્વરૂપ છે તેઓ નિત્ય બિરાજમાન થઈને સંત હરિભક્તોને સુખ આપે છે, સંતો કથાવાર્તાનું નિત્ય સુખ આપે છે તથા ધનુર્માસ જેવા પ્રસંગોએ અપાર ભક્તજનો ભેગા થઈને ધૂન્ય-કીર્તન કરે છે તે જ આ સભામંડપની વિશિષ્ટતા છે. શ્રીજી સ્થાપિત અમદાવાદ અને વડતાલ એમ બે ગાદી સ્થાન પર જે આચાર્યશ્રી બિરાજતા હોય તેઓશ્રી જ સ્વામિનારાયણ સંપ્રદાયના વડા છે. શ્રીહરિએ ધર્મવંશી આચાર્યશ્રીને આ અધિકાર આપ્યો છે.

રંગમહોલ : આ રંગમહોલ જ્યારે મંદિર કર્યું તે અરસામાં શ્રીજી મહારાજને ઉતરવા માટે ખાસ બંધાવ્યા હતો. તેથી શ્રીહરિ જ્યારે જ્યારે અમદાવાદ પધારતા ત્યારે ત્યાં ઉતરતા. ગઢડાની અક્ષર ઓરડી સમાન આ રંગમહોલ છે. તેમાં રહેલી ચોકડીમાં શ્રીહરિ જમતા, રંગ મહોલના મેડા ઉપર આથમણી કોરની જે બારી છે તે બારીમાં શ્રીહરિ બિરાજતા તથા રંગમહોલના ઉપરના તથા નીચેના ભાગમાં જે પાટો છે. જે સુખ શય્યા તરીકે વપરાય છે તે ઉપર શ્રીજી મહારાજ બિરાજતા. જ્યારે જ્યારે અમદાવાદમાં ફૂલદોલનો ઉત્સવ કરતા ત્યારે તે પાટો ઉપર ચડી શ્રીહરિ રંગ ઉડાડતા. આ દર્શનીય સ્થળમાં શ્રીહરિની સ્મૃતિ માટે શ્રી ઘનશ્યામમહારાજની મૂર્તિ પધરાવી છે. જે મૂર્તિ ઘણી ચમત્કારી તથા ધ્યાન કરવા યોગ્ય છે. કારણ કે આ મૂર્તિનું દર્શન કરતા જ હરકોઈ ભક્ત જનને એવો ભાવ થાય છે કે જાણે સાક્ષાત્ ઘનશ્યામમહારાજ છે ને શું!

અક્ષરભુવન : આનંદાનંદ સ્વામીની મૂંઝવણ દૂર કરવા રાત્રે શ્રીહરિએ દિવ્ય દેહે આવીને આનંદાનંદ સ્વામીને જગાડ્યા અને જમીનમાંથી સોનાનું મંદિર કાઢી બતાવ્યું એ સમયે શ્રીહરિ આ જગ્યા ઉપર ઉભા રહેલા, વળી અક્ષરભુવનમાં ઘનશ્યામમહારાજની મૂર્તિ ફરતે પ્રદક્ષિણા ફરતા નીચે તથા મેડા ઉપર અપાર પ્રસાદીની વસ્તુઓનું દર્શન થાય છે. શ્રીહરિના પ્રસાદીના ઘણા ચરણારવિંદ છે. જેથી આ અક્ષરભુવન પણ પ્રસાદીનું જ ગણાય.

(ક્રમશઃ)

ધનુર્માસનો વિશેષ સત્સંગ

તા. ૧૫-૧૨-૨૦૦૮ થી તા. ૧૪-૧-૨૦૦૯


પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સમસ્ત બહેનોના ગુરુ અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રીના શુભ રૂડા સાનિધ્યમાં આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન જીવના કલ્યાણ માટે વિશેષ ભજન-સ્મરણ કરવા માટે વરસમાં એકવાર આવતો ધનુર્માસ ખૂબજ સુલભ કરી આપ્યો છે. ગુલાબી કડકડતી ઠંડીમાં સત્સંગીના નાના બાળકથી લઈ લાકડીના ટેકે ચાલતા વૃદ્ધ વડીલ હરિભક્તો પ્રાતઃકાળમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનમાં એટલી મોટી સંખ્યામાં ઉમટે છે કે સભા મંડપમાં તો બેસવાની જગ્યા મળતી નથી. અમદાવાદ શહેર અને પરા વિસ્તારના હરિભક્તોને નમ્ર અનુરોધ છે કે ધનુર્માસ ધૂનનો લાભ લેવા અમદાવાદ કાલુપુર મંદિરમાં લાભ લેવાનું ચૂકતા નહીં.

ધનુર્માસનો વિશેષ કાર્યક્રમ

સવારે ૫-૦૦ કલાકે	:	રંગ મહોલ ઘનશ્યામ મહારાજની સાંનિધ્યમાં ધૂન
સવારે ૫-૩૦ કલાકે	:	મંગળા આરતી
સવારે ૫-૩૦ કલાકે	:	કીર્તન ભક્તિ
સવારે ૬-૦૦ કલાકે	:	ધૂન
સવારે ૬-૩૦ કલાકે	:	શણગાર આરતી

માસિક ધૂન
રૂ. 1500/-

દૈનિક ધૂન
રૂ. 100/-



રે શ્યામતમે સાચું નાણું.....

- સાધુ ભક્તવત્સલદાસ (તપોવન સ્વામિનારાયણ મંદિર લીંબડી)

ભક્ત ભગવાન પાસે દુઃખ માગે છે. શ્રીમદ્ ભાગવતના પ્રથમસ્કંધમાં કુંતાજીનું પાત્ર આવે છે, તે શીખવવા માગે છે. પરમકૃપાળુ પરમાત્મા આ જીવ ઉપર કૃપા કરી માંગવાનું કહે છે. ત્યારે શું માંગવું, તે આ ભાગવતના પાત્રમાંથી શીખવા મળે છે. કુંતાજીને સુખમાં પણ નારાયણ ભૂલાતા નથી. તેઓ કહે છે, હે પ્રભો તારા કેટલા ઉપકાર યાદ કરૂ. તેં તારા સુખના ભોગે મને સુખી કરી છે. ભગવાન કુંતાજીને હાથ જોડી કહે છે. તેનું બધું તમે યાદ નહી કરો. તમારે જે જોઈતું હોય તે માંગી લો. હું જરૂર આપીશ. આપ જે માંગશો તે આપીશ. કુંતાજીએ હાથ જોડ્યાં.

ભાગવતજીનાં કુંતાજી અને ગોપીઓએ જે માગ્યું છે એવું કોઈને માગતાં નહિ આવડે. કુંતાજી માંગે છે. પ્રભો તું મને આપવાનું કહે છે તો તારી પાસે એ માંગુ છું કે (મારી જિંદગીમાં છેલ્લા શ્વાસ સુધી હું કોઈ દિવસ દુઃખમાંથી મુક્ત ન થાઉં) મારા માટે એક પછી એક દુઃખ આવ્યા જ કરે, હે પ્રભો તારી પાસે માંગું છું. કે મારી જિંદગીના છેલ્લા શ્વાસ સુધી દુઃખ રહ્યા કરે. પ્રભુએ કુંતાજીના મોઢા ઉપર હાથ ધર્યા છે. આવું નહિ માંગો. ઘણા વર્ષે આજે તમે રાજમાતા થયા છો. આજે આવું કેમ માંગો છો ? કુંતાજી બોલે છે, હે નારાયણ આજે મને સમજાય છે કે દુઃખમાં તું મને સતત યાદ આવ્યા કરે છે, તે સુખ મળતા જો ભૂલાઈ જાય તો, તે આ બધું ઢોળાઈ જાય.....

આજ પ્રમાણે રામાયણમાં હનુમાનજી મહારાજ પણ માગે છે. હે કૃપાનાથ મારે માટે દુઃખનું કોઈ કારણ હોય તો તે આપનું વિસ્મરણ છે. હે કૃપાનાથ તમારૂ સ્મરણ ન થાય તે સમય મારે માટે દુઃખનો છે, મારે માટે એ જ સંપત્તિ છે કે જેમાં સતત તું યાદ આવે, દુઃખમાં જો તું યાદ આવતો હોય તો મારૂતિ કહે છે, હે બાબા મારા જીવનમાં દુઃખ આપજો. જો સુખમાં તું ભૂલાઈ જતો હોય તો, તે સુખ મારે માટે સુખ નથી. એ દુઃખ જ છે રામાયણમાં આ રીતે હનુમાનજી મહારાજ માંગેછે.

ભાગવતજીમાં કુંતાજી માંગે છે. મને દુઃખ આપ કે જેથી સતત તું યાદ આવે. સુખમાં તું જો ભૂલાઈ જાય તો તે સુખ-દુઃખમાં પરિણમી જશે. પછી એ દુઃખનો કોઈ આરો નહિ હોય. માટે જેમાં તું યાદ આવે તે સુખ, અને જેમાં તું ભૂલાઈ જાય તે દુઃખ, નારાયણ દુઃખમય સ્થિતિમાં યાદ આવ્યા કરતો હશે તો દુઃખ પણ સુખમાં ફેરવાઈ જશે. માટે ઠાકોરજી સતત મારી દૃષ્ટિ પર રહે એવી મારી માંગણી છે.....

આપણા જેતલપુરના જીવણ ભક્ત અત્યંત ગરીબ સ્થિતિમાં છે. આર્થિક રીતે ગરીબાઈ તેમના જીવનમાં અત્યંત વ્યાપી ગયેલ છે, છતાં તેમની સમજણ જ્ઞાની ભક્તને શોભે તેવી છે. તેઓને ભગવાન શ્રી સ્વામિનારાયણમાં, ઠાકોરજીમાં અત્યંત ભક્તિ ભાવ છે. તેથી તેમણે પ્રેમભાવથી અર્પણ કરેલ મઠનો રોટલો ઠાકોરજીએ પ્રેમથી આરોગ્યો છે. તે જીવણ ભક્ત માને છે, આજે મારા જીવનમાં સમજાણું કે પરમાત્માના અનુસંધાને દુઃખ તે સુખ બને છે. અને ઠાકોરજીના અનુસંધાન સિવાય સુખ તે દુઃખ બની જાય છે. માટે હે પ્રભો સુખ આપો પણ તેમાં સતત તમારૂં સ્મરણ રહે તેવી સંમતિ પણ આપો.

ભગવાન ભૂલાય એજ વિપત્તિ કે દુઃખ છે. અને ઠાકોરજીની સતત સ્મૃતિ રહે એ જ સાચી સંપત્તિ અને સુખ છે. ઠાકોરજીની મૂર્તિ સાચા સુખનું અને આનંદનું ધામછે. માટે તે પરમશ્રેયો મૂર્તિની અખંડ સ્મૃતિ રહે, તેમના ચરણ કમળમાં મનની અખંડ વૃત્તિ રહે. એ જ સાચું સુખ છે. એજ સાચી સંપત્તિ છે. આપણા કવિરાજ સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ નિત્ય નિયમના પદમાં ગાયું છે.

રે શ્યામ તમે સાચું નાણું.
બીજું સર્વે દુઃખદાયક જાણું .... રે શ્યામ.
રે તમવિના સુખ સંપત કહાવે
તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે
અંતે એમાં કામકોઈ નાવે .... રે શ્યામ.
રે બ્રહ્માથી કીટ લગી જોયું
જૂઠું સુખ જાણીને વગોવ્યું.
મુક્તાનંદ મન તમસંગ મોહ્યું .... રે શ્યામ.

વ્હાલા ભક્તો ! ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે શ્રીમદ્ ભાગવતની કથા વર્ષમાં એક વખત તો વંચાવવી અથવા એક વખત તો સાંભળવી. અથવા તો શ્રાવણ માસમાં તો પંચમસ્કંધ-દશમસ્કંધ તો વાંચવો અને સાંભળવો. જેથી કરીને ભગવાન વિષે પ્રેમલક્ષણા ભક્તિની ઉત્કંઠા જાગે, ધન્ય છે ભાગવતજીના કુંતાજીની સમજણને કે કોઈ પણ ભોગે સુખ કે દુઃખના ભોગે મારા ઠાકોરજીને ભૂલી ન જવાય. ભગવાન ન ભૂલાય એજ ભક્તનું લક્ષણ છે.....



સત્સંગનું ફળ

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

'લીમડામાં એક ડાળ મીઠી' આ કહેવત અનુસાર સમાજમાં મીઠી ડાળ જેવું કોઈ તત્ત્વ અસ્તિત્વ ધરાવતું હોય તો તે સંતો છે. સંતોનો સદુપદેશ વેદવાણી જેટલું મહત્ત્વ ધરાવે છે. વચનામૃત ગ.અં. ૮ માં ઉલ્લેખ છે કે, "જ્યારે કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે....."

બ્રહ્માનંદ સ્વામી કહે છે :-

"સંત કી સોબત, મિલત હૈ પ્રગટ મુરારી,
જગતમાંહી સંત પરમ હિતકારી."

એક ગામમાં સહજાનંદ સ્વામી સંતોની મંડળ સાથે પધાર્યા. મહારાજના દર્શને માનવ મહેરામણ ઊમટી પડ્યો! એમાં ભૌતિક ઈચ્છાની તૃપ્તિ અર્થે એક લોભી મનુષ્ય પણ જાય છે, અને સત્સંગમાં નિયમિત હાજરી આપવા માંડી. એના અંતરની ઊંડી ઈચ્છા તો એવી હતી કે મહારાજનો રાજીપો મેળવી જડીબુટ્ટી કે કીમિયો માગી લેવો. તેથી સત્સંગની સાથો સાથ મહારાજની સેવા પણ કરવા લાગ્યો.

આજે તો મહારાજની અને સંતોની વિદાયનો દિવસ છે. વિદાયની ઘડી સુધી મહારાજે કંઈ પણ કૃપા દર્શાવી નહિ, એટલે આ લોભીની સહનશક્તિનો અંત આવી ગયો. તેણે ઉશ્કેરાટથી પૂછ્યું :

"મહારાજ ! મને તો એજ નથી સમજાતું કે સત્સંગનો લાભ શું ? આના કરતાં તો મેં ધંધામાં ચિત્ત રાખ્યું હોત તો, આવક વધત, અરે ! હું તો ઊલટાનો ખાલી થઈ ગયો."

ભક્તના ક્રોધનું કારણ મહારાજ પામી ગયા. મહારાજે શાંતિથી કહ્યું : "સત્સંગનો લાભ જોવો છે ને ? જુઓ સામે ખૂણામાં એક મેલી અને ગંદી ટોપલી પડી છે તે લઈને નદીમાંથી પાણી ભરી લાવો. પછી હું તમને સત્સંગનો મહિમા સમજાવું."

આ લોભી ભક્ત મૂંઝાયો. ટોપલીમાં પાણી કઈ રીતે રહી શકે ? કદાચ ચમત્કારથી પાણી ટકી રહેશે એવી શ્રદ્ધાથી ટોપલી લઈ તે નદીમાંથી ટોપલીમાં પાણી લેવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પણ વાંસની ટોપલીમાં પાણી ક્યાંથી ટકે ? તેણે પંદરેક વખત ટોપલીને પાણીમાં ઝબોળી ઝબોળીને પાણી લેવાનો પ્રયત્ન કર્યો, પણ સફળ થયો નહિ.


આખરે પાછા આવીને મહારાજને કહ્યું : "મેં ખૂબ પ્રયત્ન કર્યો, પરંતુ ટોપલી ચારમેર કાણી એટલે પાણી રહ્યું જ નહિ."

મહારાજ તો પરિણામથી વિદિત જ હતા. એટલે તેમણે પ્રતિ પ્રશ્ન કર્યો, "પણ ટોપલીમાં કંઈ ફરક પડ્યો કે નહિ?"

પેલાએ કહ્યું : "ફરક તો ફક્ત એટલો જ પડ્યો કે ટોપલી ગંદી હતી તે ધોવાઈને સાફ થઈ ગઈ."

મહારાજે મરક મરક હસતાં કહ્યું : "ભાઈ ! એ જ મોટો ફેરફાર છે. સત્સંગનું એજ મોટામાં મોટું ફળ છે. પાણીના સંગથી જેમ ટોપલીનો કચરો સાફ થઈ ગયો તેમ સંત સમાગમથી કામ-ક્રોધરૂપી માનવીના મનનો કચરો તત્કાળ પૂરતો સાફ થઈ જાય છે. અને માનવીનું મન પણ નિર્મળ અને પવિત્ર બની જાય છે. સત્સંગ એ ભૌતિક ઈચ્છાની તૃપ્તિનું સાધન નથી. ભગવાનની નજીક જવું હોય, આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવેશ કરવો હોય, તેને માટે જ સત્સંગ છે.

સત્સંગ એટલે સત્પુરુષનો સમાગમ, સંતો એ જંગમ તીર્થ છે. સંતો દ્વારા જીવન સત્સંગના રંગે રંગાઈ જાય છે. જેથી માન છૂટી જાય, સ્વાદ મુકાઈ જાય અને ક્રોધ ઓગળી જાય, વર્તનમાં આમૂલ પરિવર્તન આવી જાય ! સંત સમાગમમાં પોતાનું ડહાપણ મૂકવું પડે. અહીં તર્ક-વિતર્કો ન ચાલે. સંતની વાતોમાં અસીમ શ્રદ્ધા જોઈએ, તો જ સંતની કૃપાદૃષ્ટિ થાય. મુમુક્ષુએ સંતનાં વચનોને શ્રદ્ધાથી ઝીલવા જોઈએ. તો જ હૃદય પરિવર્તન થાય. સંતનો ગુણ લેવાથી દોષ ટળી જાય છે. માટે સંતને ઓળખીને સંત સમાગમ કરવાથી અવશ્ય પ્રભુપદની પ્રાપ્તિ થાય છે.



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો સૂર્ય વિશ્વમાં ક્યાંય અસ્ત થતો નથી - પરમપૂજ્ય મોટા મહારાજશ્રી

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ-કચ્છ)

રાજે તો દેશ વિદેશમાં આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની બોલબાલા છે. સંપ્રદાયની વૃધ્ધિનું સિંહાવલોકન કરીએ તો આપણા ભારત દેશમાં તેમજ વિદેશમાં આપણા મંદિરો, સંતો, સત્સંગીજનો, હરિભક્તોનું પ્રમાણ અદ્‌ભુત રીતે વધતું જાય છે અને લોકો શ્રી સ્વામિનારાયણ ભગવાનના અતિ આદર પૂર્વક દર્શન કરે છે એજ તો શ્રીહરિની મહાનતા છે.

પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અનેક ઉત્સવ સમૈયાઓમાં સત્સંગીજનો, હરિભક્તો તેમજ ધર્મપ્રેમીજનોને આધ્યાત્મિક જીવન વ્યતીત કરવાની ઉમદા અને અમૂલ્ય શીખ આપતા રહે છે. શ્રીહરિના અપર સ્વરુપ એવા મહારાજશ્રીના દિવ્ય ઉદ્‌બોધનો જો માનવી પોતાના જીવનમાં ઉતારે તો માનવીનું જીવન અવશ્ય ધન્ય બની જવા પામે. તા. ૨૧ અને ૨૨ માર્ચ ૨૦૦૮ ના રોજ ભુજ મધ્યે ઉજવાયેલા શ્રી નરનારાયણદેવ જયંતી તથા ફૂલડોલ ઉત્સવના ઉપલક્ષ્યમાં પૂજ્ય મોટા મહારાજશ્રીએ મનનીય પ્રવચનો આપી સંતો-ભક્તોના હૃદય ભીંજવી નાંખ્યા હતા.

શ્રીહરિ તથા સંપ્રદાયની વિશિષ્ટતા દર્શાવતા પૂ. મોટા મહારાજશ્રીએ નિર્દેશ્યુ કે, "બ્રિટિશ રાજ્યમાં કહેવાતું કે, "સન નેવર સેટસ ઈન બ્રિટિશ એમ્પાયર." તેમ સ્વામિનારાયણ સંપ્રદાયનો સૂર્ય વિશ્વમાં ક્યાંય અસ્ત થતો નથી. હ્રેમ કે આ સંપ્રદાયના મંદિરો આજે દુનિયાભરમાં પ્રસ્થાપિત થયા છે અને ભક્તજનોને દર્શનનું અખૂટ સુખ આપી રહ્યા છે. શ્રી નરનારાયણ ભગવાનમાં આપણે અતૂટ શ્રધ્ધા રાખવી જોઈએ. પરંતુ માણસ જ્યારે ભગવાન બનવા જાય ત્યારે પોતાનું પણ કલ્યાણ કરી શકતો નથી તો બીજાની નર્ક તરફ ગતિ થાય તેમાં સંદેહ નથી. કચ્છનો સત્સંગ અતિ નિર્મળ છે. આચાર્ય મહારાજશ્રી કાલે પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે ન્યુઝીલેન્ડ હોઈ અત્રે આવી શક્યા નથી."

પૂજ્ય મોટા મહારાજશ્રીએ વિશેષમાં કહ્યું કે, "દીક્ષા પ્રદાન કરવાનો, ગુરૂમંત્ર આપવાનો તથા પ્રાણ પ્રતિષ્ઠા કરવાનો અધિકાર માત્ર આચાર્ય મહારાજશ્રીનો જ છે. ત્યારે શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે લખ્યું કે "સંતોને આદર થકી માનવા" એ આજ્ઞા મુજબ સંતોને તો કાયમ અમારા કુળ તરફથી આદર ભાવે જ જોવામાં આવે છે. અને એજ આદર ભાવે જોવાતા રહેશે."

રંગોત્સવ પ્રસંગે અલૌકિક આશીર્વાદ આપતા પૂજ્ય મોટા મહારાજશ્રીએ જણાવ્યું કે, "આપણો દેશ ઉત્સવ પ્રધાન દેશ છે. અને આ ઉત્સવમાં જ્યારે આધ્યાત્મિકતા ભળે ત્યારે વિશેષ આનંદ મળે છે. ખાસ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉજવાતા વિવિધ ઉત્સવો એ કાંઈ સ્વામિનારાયણ ભગવાને પોતાની હયાતીમાં ઉજવેલા ઉત્સવોની નકલ નથી. પરંતુ આ ઉત્સવોની ઉજવણીને કારણે તેની સ્મૃતિ સદાય મનમાં રહ્યા કરે તે માટે ઉજવાતા રહે છે."

શ્રી નરનારાયણદેવને પોતાનું જ સ્વરૂપ શ્રી સ્વામિનારાયણ ભગવાને આલેખ્યું છે. ત્યારે આ દેવમાં સંપૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ સાથે ભક્તિ કરતા રહેશો તો મોક્ષ નિશ્ચિત છે. કચ્છના હરિભક્તો તો મોખરાના સ્થાને છે. આવોને આવો સત્સંગ રાખતા રહો અને બીજાને પણ સત્સંગ કરવાની પ્રેરણા આપતા રહેજો. ભલા થઈ સૌ નરનારાયણદેવના થઈને રહેજો."

પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીની અતિ અમૂલ્ય અસ્ખલિત મધુર વાણીમાંથી કેટલાક અંશો અહીં રજુ કર્યા છે. તેઓશ્રીના દિવ્ય ઉપદેશો નિજ જીવનમાં ઉતારી જીવન ચરિતાર્થ કરીએ.



શ્રી સ્વામિનારાયણ ભગવાન - મોક્ષ વીઝા કોન્સ્યુલેટ

જેશંગભાઈનો માઢ - વહેલાલ

- પ્રહલાદભાઈ વિ. પટેલ (કરજીસણવાળા - ન્યુજર્સી)

સર્વાવતારી પૂર્ણ પુરૂષોત્તમભગવાને સ્વયં બાથમાં લઈ પધરાવેલ મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવ સદા જયકારી પ્રર્વતે છે. તેમના દર્શનથી મનમાં સદા ભગવાનના ધામમાં બેઠા હોય તેવો પરમ આનંદ થાય છે. શ્રી નરનારાયણદેવ ગાદી, દેવ, આચાર્ય, સંત, શાસ્ત્ર અને સત્સંગીની અતૂટ મોક્ષની સાંકળરૂપછે.

શ્રી નરનારાયણદેવ ગાદી - અમદાવાદમાં સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાને અમદાવાદથી ફક્ત ૨૦ કિલોમીટર દૂર અક્ષરધામના મોક્ષના વીઝા આપતી કોન્સ્યુલેટ ખોલેલી છે - જેશંગભાઈનો માઢ પરમ તીર્થરાજ વહેલાલની ભૂમિ.

"જે કોઈ પશુ પ્રાણી-માનવ-જીવ માત્ર આ માઢ હેઠળથી હરિ સ્મરણ કરતો થકો નિસરે તેનું કલ્યાણ. તેને જમનું તેડું નહિ" - શ્રી સ્વામિનારાયણ ભગવાન.


ધન્ય અતિ ધન્ય, તીર્થધામ"વહેલાલ" ધન્ય છે. વહેલાલના ભાઈ બહેનની જોડી ..... પરમ શૂરવીર "પૂ. વખતબા" અને દાસભક્ત "અક્ષરમુક્ત શ્રી જેસંગભાઈ" વખતબાએ માણકી ઘોડીને પોતાના ઘરના ઓરડામાં બાંધી, મહારાજને ઢોલિયે બિરાજમાન કરી કહી દીધું, "મહારાજ અહીંજ બિરાજો, હું ગામની ભાગોળે સાંબેલું લઈને જાઉ છું. હું જોઉં છું કે કોણ આ ગામની અંદર પગ મૂકે છે. એનાં માથાં ભાંગી નાખું." કેટલો મહારાજનો પક્ષ ! કેટલી સ્ત્રીની ખુમારી!

શ્રીજી મહારાજે શ્રી જેસંગભાઈની દાસત્વ ભક્તિથી રાજી થઈ અનેક જીવના કલ્યાણ અર્થે ઉપરનો વર આપી જેશંગભાઈના માઢને જાણે કલ્યાણની વીઝા કોન્સ્યુલેટ બનાવી દીધી. આપણે તો બસ વહેલાલ જઈ સ્વામિનારાયણ મંત્ર બોલતા બોલતા ફક્ત માઢ નીચેથી ૨૦ ડગલા જ ભરવાના અને કલ્યાણ નક્કી ! કેટલું સરળ કલ્યાણ ! પાપી જીવને કે પુણ્યશાળી જીવને કલ્યાણમાં ૧૦૦% ની ગેરંટી. કોઈ વીઝા ફી પણ નહિ. કોઈ ઈન્ટરવ્યું નહિ. ગેરંટેડ વીઝા!

ગામની ભાગોળે તળાવની પાળે રાયણનું ૨૨૫ વર્ષ જુનું વૃક્ષ, ભગવાન જેની છાયામાં બેસી સભા કરતા, સંતો ઝોળીઓ લટકાવતા, મહાપ્રભુ સંતોને કેરીઓ જમાડતા તે આજે પણ જીવંત, કલ્યાણકારી છે. મહારાજને દેખેલા તે વૃક્ષમાં રહેલ જીવને લાખ લાખ વંદન.

વહેલાલમાં ભગવાન પ્રત્યક્ષ છે તેનો એક અનુભવ. મને લાડુ બહુ પ્રિય. નારાયણઘાટ મંદિર મહંત દેવપ્રકાશદાસજી સ્વામીને વાતોમાં જણાવી દીધું. સ્વામીએ મંદિરમાં થાળ લેવા આગ્રહ કર્યો. મેં મંદિરમાં જમવાની ના પાડી. છતાં ખૂબજ આગ્રહ કરી કહ્યું, "અમે તો તમારા માટે લાડુ બનાવીશું જ, મંદિરમાં ન જમો તો ઘેર લઈ જજો." કેટલો ભાવ ! ભાવથી આપ્યા, મેં પણ થાળ ભેટ લખાવી, મંદિરનું મફત ન ખવાય, ભાવથી બનેલા આ લાડુ કોને ખબર કે ભગવાન માટે જ ન બન્યા હોય!

ભાઈબીજ ૩૦ ઓકટો. ૨૦૦૮ ગુરુવારના રોજ અમદાવાદ શ્રી નરનારાયણદેવના દર્શન કરી. પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ લઈ સવારે હું અને પ.ભ. વિઠ્ઠલભાઈ પટેલ - રિદ્રોલવાળા સહકુટુંબ વહેલાલ દર્શને ગયા. મંદિરમાં દર્શન કરી પ્રસાદીનો માઢ જોવા ગયા. બાજુમાં પ્રસાદીના ઘરમાં કાંસાની થાળીના દર્શન કર્યા ને મહારાજે વહેલાલમાં એક જ દિવસે અઢાર ઘેર અઢાર લાડુ જમ્યા તે લીલા યાદ આવી. અમે પણ તે સત્સંગી બહેનને વિનંતી કરી તે પ્રસાદીની થાળી લઈ લાડુનું બોક્સ ખોલી લાડુ ગોઠવી દીધા, મૂળજી બ્રહ્મચારી ભગવાનને જેશંગભાઈના માઢ ઉપર થાળ ધરાવતા. પ્રેમથી મૂર્તિ આગળ થાળ ધરાવી મેઢા ઉપર ભગવાનને અંતરથી યાદ કર્યા. થાળ ગાઈ જમાડ્યા પછી થાળીમાં પ્રસાદીના લાડુ ગણ્યા ..... બરાબર ૧૮ લાડુ ! વિઠ્ઠલભાઈએ ફરી ગણ્યા. બરાબર ૧૮ જ હતા. ક્યાં સ્વયં સ્વામિનારાયણ ભગવાન ૧૮ સત્સંગીને ઘેર લાડુ જમેલા તે લીલાને ક્યાં એજ પ્રસાદીની થાળીમાં સંતે ભાવથી બનાવેલા ચૂરમાના, ઘીમાં રસબસ સાકરના ૧૮ લાડુ! મહારાજ તો પ્રત્યક્ષ જમે છે. ભાવ જોઈએ. આ માઢ ઉપર પ્રત્યક્ષ ભગવાન બિરાજે છે તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે. આ માઢ ખરેખર વીઝા કોન્સ્યુલેટ જ છે. જે તેની નીચેથી પસાર થાય તેનું કલ્યાણ નક્કી જ છે. ધન્યછે વહેલાલના જેશીંગભાઈના માઢને !!!!



હવે મારે કાંઈ ન્યુનતા રહી નથી

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

વચનામૃતમાં શ્રીહરિએ જે કેટલાક કરિશ્મા સભર વચન-બોધ નિરૂપ્યાં છે તેમાનું આ વચન : જે "હવે મારે કાંઈ ન્યુનતા રહી નથી" એવી સમજણ કેળવવાનો બોધ ખરેખર અદ્‌ભુત કામ કરે છે !

વિશ્વ અત્યારે 'ગ્લોબલ-વીલેજ' બની રહ્યું છે - બલ્કે કહો કે બની ગયું છે ! જીવનમાં ભાગ-દોડ વધી છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને ટેલીકોમ્યુનિકેશન ના વિશ્વ વ્યાપી પ્રસારથી જગત આખું ઘરના એક નાનકડા ઓરડામાં આવી ગયું છું. કોમ્પ્યુટરની સ્વીચ ઓન કરો કે જાણે કર લો દુનિયા મુઠ્ઠી મેં - માઉસને આમ થી તેમ ફેરવો અને માહિતીનો ખજાનો ઉપલબ્ધ થઈ જાય છે ! ટી.વી. માધ્યમે તો કમાલ કરી છે. એનાં સારાં પરિણામો કરતાં માઠી અસરો સવિશેષ અને સહજ રીતે અસર કરી જાય છે.

માર્કેટ સ્ટ્રેટેજી એવા પ્રકારની બનતી જાય છે કે લોકોની આવક વધી છે. યંગ જનરેશન્સના આચારો અને વિચારો બદલાઈ રહ્યાં છે. આ બધા અર્વાચીન પરિવર્તનોથી સ્ટ્રેસ, ટેન્શન અને ડીપ્રેશન્સનો ફૂગાવો થયો છે !

જીવન શૈલી પણ ખૂબ ઝડપથી સરકી રહી છે. વરસો પહેલાં દિવસો જાણે ધીમે ધીમે પસાર થતાં લાગતાં હતાં. પરંતુ અત્યારે તો દિવસ જાણે દોડવા લાગ્યો છે, સાથે સાથે માણસ પણ દોડતો થઈ ગયો છે ! સવારથી તે રાત સુધી રળવા માટેની રઝળપાટમાં "દિવસ આખો શું કર્યું" એની તપાસ કરવાની ફૂરસદ મળતી નથી.

આવા સંજોગોમાં તન અને મન સ્વસ્થ રાખવું એ સહેલું તો નથી જ રહ્યું. એ તો પરમકૃપાળુ શ્રીહરિએ આપણા સર્વે ઉપર એવી મહેર કરી છે કે વાત ન પૂછો !

સત્સંગી માત્ર માટે વચનામૃત એ માત્ર જ્ઞાન સભર 'હરિગ્રંથ' જ નથી પરંતુ સરળ, સહજ, સ્વસ્થ અને નિરામય જીવન જીવવા માટેના કેટલાંક સોનેરી બોધ-વચનો પણ એમાં છે, પરંતુ એ વચનો સીધે સીધા 'આરોગ્યની ચાવી' જેવા નથી. એ બોધ-વચનોનાં મર્મને સમજીને એનું મનન અને નિદિધ્યાસ રાખીને એ પ્રમાણે જીવનમાં આચાર, વિચાર અને વ્યવહાર રાખીએ તો અદ્‌ભુત પરિણામ પ્રાપ્ત થાય છે.

"મારે હવે કાંઈ ન્યુનતા રહી નથી" આ પ્રકારની સમજણ એક એવું અદ્‌ભુત અનુસંધાન છે કે એનાં મનન અને નિદિધ્યાસથી જગત વ્યવહારની પ્રવૃત્તિઓનો સ્ટ્રેસ વર્તાતો નથી. ઉલ્ટાનું મનની એષણાઓ અને ખોટી આકાંક્ષાઓ ઉપર કાબૂ મેળવાય છે. અને આપણી પાસે "જે છે તે ઉત્તમ છે" એવો વિશ્વાસ વધતો રહે છે.

"મારે હવે કાંઈ ન્યૂનતા રહી નથી" એવી સમજણ પ્રાપ્ત કરવા માટેનું પહેલું પગથિયું આ છે :

"નિર્વિકલ્પ ઉત્તમઅતિ નિશ્ચય તવ ઘનશ્યામ"

ઈષ્ટદેવ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કેવો હોઈ જોઈએ તો કહે છે :

નિર્વિકલ્પ - જેનાં સ્વરૂપ અને જેની સર્વોપરિતા ને વિષે કોઈ વિકલ્પ ના હોવો જોઈએ. એક અને માત્ર એક એવા શ્રી પુરુષોત્તમનારાયણ જ મારા ભગવાન છે, એ જ ભગવાન સર્વે અવતાર ના અવતારી, સર્વ કારણના કારણ અને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનાં કર્તા છે અને એ જ ભગવાન સર્વોત્તમ છે" આવો અડ્‌ગ નિશ્ચય જ બધું સરળ બનાવી દે છે.

બીજું પગથિયું છે.

"સત્સંગી હોય તેને ભગવાનની આજ્ઞામાં ફેર પાડવો જ નહિ." (ગ.પ્ર. ૨૫) તે છે.

ત્યાગી અને ગૃહી બંને માટે આજ્ઞારૂપ એવી શિક્ષાપત્રી પ્રમાણે જીવનને ગોઠવીએ તો પછી સહજ રીતે જ સહજ આનંદ અને સહજાનંદી સ્વરૂપ બંનેનું અનુસંધાન જળવાઈ રહે છે.

ત્રીજું પગથિયું. શ્રીજી મહારાજ આ પ્રમાણે નિરૂપે છે :

"સત્સંગમાં જે ભગવાનની વાર્તા થાય છે તેને ધાર્યા વિચાર્યા કરે તો આ સત્સંગનો પ્રતાપ એવો છે જે જે ગુણના ઘાટ થતા હોય તે ઘાટની તેને નિવૃત્તિ થઈ જાય છે. અને નિરૂત્થાન થઈને અખંડ પરમેશ્વરનાં સ્વરૂપનું ચિંતવન થાય છે." (ગ.પ્ર. ૩૦)

અને સત્સંગમાં જે ભગવાનની વાર્તા થાય છે તેને જાણવા અને માણવા માટે સત્સંગ તો કરવો જ પડે ! કેમ કે "ભક્તિ અને સત્સંગ - એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે." (શિ. ૧૪૪) શ્રીહરિનું આ સ્પષ્ટ વચન છે.

આમ આ ત્રણ પગથિયાં

(૧) ઈષ્ટદેવ મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન પરત્વે નિર્વિકલ્પ અને અતિ ઉત્તમ એવો અડ્ગ નિશ્ચય. (૨) ભગવાનની આજ્ઞામાં ફેર પાડવો જ નહિ એવી સતત સાવધાની. (૩) સત્સંગનો પક્ષ અને ખપ રાખીને અહર્નિશ સત્સંગ કરતા રહેવાની ભાવના - જે થકી ભગવાનની વાર્તાનું શ્રવણ થાય.

શ્રીજી મહારાજનાં આ ત્રણ પગથિયા કહો કે બોધ વચન કહો - આ ત્રણેયનું અરસ પરસ અનુસંધાન રાખીને વર્તીએ તો "મારે હવે કાંઈ ન્યૂનતા રહી નથી" એવી અદ્ભુત સમજણ અંતરમાં ઉદ્ભવે છે. અને આ કોઈ લૌકિક-ભાવ નથી. શ્રીહરિ પ્રેરિત અલૌકિક ભાવના છે. અને એની અસર પણ એટલી અદ્ભુત રહે છે કે જીવનનાં તમામ ક્ષેત્રોમાં વિજય પ્રાપ્ત થાય છે.

બસ એક લાલબત્તી શ્રીહરિએ ધરી છે તે ખાસ ધ્યાન રાખવાની છે ! હવે મારે કાંઈ ન્યૂનતા રહી નથી એમ સમજીને નિરંતર ભગવાનની ભક્તિ જરૂર કરવાની છે. પરંતુ તે સમજણને કેફે કરીને છકી જવાનું નથી કે પોતાને અકૃતાર્થપણું પણ માનવાનું નથી.

"મહારાજ જ્યારથી મને મળ્યા છે અને ઓળખાયા છે ત્યારથી મારે હવે પૂર્ણકામ પણું થયું છે." આવી સમજણ ભલભલી પરિસ્થિતિમાં સમતાભાવ કેળવવાની શક્તિ પૂરી પાડે છે. બસ માત્ર કૃતાર્થપણું યોગ્ય રીતે સમજવાનું છે પરંતુ એ સમજણના કેફે કરીને છકી પણ જવાનું નથી કે "મારી સમજણમાં કંઈક ઉણપ છે" એમ જાણીને અકૃતાર્થપણાની ભાવના પણ રાખવાની નથી કેમકે બંને પક્ષે નુકસાન છે.

કૃતાર્થપણું શેનું ? તો કૃતાર્થપણું શ્રીહરિનાં નિર્વિકલ્પ, ઉત્તમ નિશ્ચયનું, કૃતાર્થપણું શ્રીહરિની આજ્ઞા પાળવા વિષેનું અને કૃતાર્થપણું - શ્રી સહજાનંદ સ્વામીએ નિરૂપેલા આ અદ્ભૂત સત્સંગનો પક્ષ તથા ખપ રાખવા વિષેનું શ્રીહરિ પ્રેરિત આ "કૃતાર્થપણા"ને બરોબર ના સમજીએ તો નુકસાન શું છે તે દર્શાવતા શ્રીહરિ કહે છે :

"મારે હવે કાંઈ ન્યૂનતા રહી નથી" એ સમજણને કેફે કરીને છકી જઈને જેમ તેમ કરવા લાગે તો જાણીએ જે અગ્નિમાં બીજ નાંખ્યું તે બળી ગયું અને (આવા ઐશ્વર્યશાળી સમર્થ ભગવાન અને આવો કલ્યાણકારી સત્સંગ પ્રાપ્ત થયો છે. છતાં) ન્યૂનતા રાખે અને પોતાને અકૃતાર્થપણું માને તો એના ઉપર જે એવી ભગવાનની કૃપા થઈ તે જાણીએ ખારાપાટમાં બીજ વાવ્યું તે ઉગ્યું જ નહિ. માટે અમે કહ્યું તેમ જે સમજે તેને કોઈ પ્રકારની ન્યૂનતા રહે નહિ." (ગ.પ્ર. ૨૫)

મહારાજે જેમ સમજાવ્યું છે તે પ્રમાણે જ "મારે હવે કાંઈ ન્યૂનતા રહી નથી" એ સમજણરૂપી બીજની માવજત કરવાની છે. એને નથી ખારાપાટમાં ઉગાડવાનુ કે નથી અગ્નિમાં નાંખવાનું. બસ મહારાજે શું કહ્યું છે તે સમજવાનું છે. મહારાજનાં બોધ વચનોનું મનમાની રીતે અર્થઘટન કરીને જેમ તેમ વર્તવાનું નથી.

અહીં વર્તન ઉપર પૂરી પાબંધી છે અને તો જ પૂર્ણકામપણું પ્રાપ્ત થાય છે.

અને પૂર્ણતા પ્રાપ્ત થયા પછી કશું કરવાનું રહેતું નથી.

અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના

દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂા. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.



મંદિર

- ભાઈલાલ પટેલ (કેનેડા)

મંદિર એટલે જ્યાં મનને ધીરજ કહેતા શાંતિ થાય, મનમાં ટાઢક થાય, મનના ત્રિવિધ તાપ ટળે, મનમાં અહો અહો થાય. જ્યાં આઠો પહોર ભજન, કીર્તન, સત્સંગ નામસ્મરણ થતા હોય, વાતાવરણમાં શાંતિ અને પવિત્રતા હોય. મંદિર સામાન્ય રીતે ચાર પ્રકારના હોય છે.

(૧) હૃદય મંદિર (૨) ઘર મંદિર (૩) ગામકે શહેર મંદિર (૪) પ્રસાદીનાં તીર્થ મંદિર.

સૌ પ્રથમ આપણે હૃદય મંદિર વિષે વાત કરીશું : મનુષ્ય માત્રનાં હૃદયમાં ભગવાન રહ્યાં છે. પ્રાણીમાત્રના હૃદયમાં રહ્યા છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં મંગલાચરણ કરતાં પ્રથમ શ્લોકમાં કહે છે "હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું. તે શ્રીકૃષ્ણ કેવા છે, તો જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યા છે અને વૃક્ષઃ સ્થલને વિષે લક્ષ્મીજી રહ્યા છે. અને વૃંદાવનને વિષે વિહારના કરનારા છે.

શિક્ષાપત્રી શ્લોક ૧૧ માં લખ્યું છે કે અમારા સત્સંગી તેમણે કોઈ જીવ પ્રાણી માત્રની પણ હિંસા ન કરવી અને જાણીને ઝીણાં એવા જૂ, માંકડ, ચાંચડ આદિ જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી.

શિક્ષાપત્રી શ્લોક ૧૦૮ માં લખ્યું છે કે 'અને જે ઈશ્વર છે તે જે તે જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે એમ તે જીવને વિષે અંતર્યામી પણે કરીને રહ્યા છે ને સ્વતંત્ર છે ને સર્વ જીવને કર્મફળનાં આપનારા છે. એમ ઈશ્વરને જાણવા.

આપણા હૃદયમાં ઠાકોરજીને બિરાજવાનું સ્થાન કેવું હોવું જોઈએ ?

હૃદય મંદિર શુદ્ધ, નિર્મળ અને પવિત્ર હોવું જોઈએ, કામ ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા, મત્સર, અહંકાર, માન અને અંતઃશત્રુ રહિત હોવું જોઈએ. વારંવાર આત્મમંથન રૂપ સાવરણીથી હૃદયમાં કચરો કાઢતાં રહેવું જોઈએ. લ્યાંય મારા હૃદયમાં કોઈ માયિક રાગ ભરાઈ ગયો નથી ને ? દુર્ગુણ ભરાઈ ગયો નથી ને ? આપણું હૃદય સ્વચ્છ અને પવિત્ર હશે તો ઠાકોરજી અવશ્ય હૃદય મંદિરમાં બિરાજમાન થશે. દેવ જેવા પવિત્ર થઈએ તો દેવ આપણી સેવા સ્વીકારશે. આપણી સાથે હરહંમેશ રહેશે. સર્વકાર્યમાં સહાયક અને માર્ગદર્શક બનશે. હરિભક્તનાં વચનમાં ભગવાનનું વચન આવશે.

હવે મંદિરની વાત આવે છે. મંદિર એટલે ઘર મંદિર છે.

ધરતીનો છેડો એટલે ઘર, તમે ગમે ત્યાં શહેરમાં કામધંધા અર્થે ગયા હોય અને સાંજના ઘેર પરત આવો એટલે મારા ઘેર આવ્યો થાય. અરે ! પરદેશમાં ડોલર કમાવા ગયા હોય અને બે પાંચ વર્ષે પોતાના ગામ, શહેર કે દેશ પાછા આવો ત્યારે કાંઈક છૂપો આનંદ થાય છે. શાંતિ થાય છે. હાશ મારા ઘેર, મારા ગામ, મારા શહેર, મારા દેશ આવ્યો. તે ક્યારે બને ? જ્યારે પોતાના આંગણામાં કોઈ પ્રેમથી પ્રતિક્ષા કરી રહ્યું હોય, લાંબી વાટે નજર માંડી રહ્યું હોય, ઘેર આવનાર હર કોઈ વ્યક્તિનું ચાહે તે નાનું બાળક હોય, ઘરનાં માણસ હોય કે આવનાર નવું આગંતુક હોય. તેને મીઠો આવકાર આપો. તેનું હૃદયથી સ્વાગત કરો. તમારું ઘર મંદિર બની જશે. બાળક શાળાએથી આવ્યું હોય, તમે નોકરી ધંધાથી થાકીને ઘેર આવ્યા હોવ, તમારાથી ક્યાંક ભૂલ થઈ ગઈ હોય અને ઘરમાં પ્રવેશતાં આંખ, વાણી અને પાણીથી ઘરમાં મીઠો આવકાર મળે તો દિવસભરનો થાક ઉતરી જશે. મનનું દુઃખ મટી જશે.

ઘર મંદિર કેવું હોવું જોઈએ. ઘર મંદિર સરસ મજાનું નાનું સગવડતા પ્રમાણેનું હોય. સિંહાસનમાં ઠાકોરજીની ચિત્ર મૂર્તિ પધરાવેલી હોય. જે શ્રીજી મહારાજે ગઢડાના પ્રથમના ૪૮ માં વચનામૃતમાં જણાવ્યા પ્રમાણેની હોય, આપણા સંપ્રદાયની માન્યતા વાળી હોય, શ્રીજી મહારાજ

સ્થાપિત મંદિરમાં પ્રસાદીની કરાવેલી હોય, કે ધર્મવંશી પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ પ્રસાદીની કરેલી હોય.

ઘર મંદિરમાં ઠાકોરજીને સમયે સમયે જળ ધરાવી શકાય. થાળ ધરાવી શકાય. આરતી કરી શકાય તેમજ વિવિધ સેવાઓ કરી શકાય તેવું હોવું જોઈએ. આપણી નજર ઠાકોરજીની અમી નજરમાં રહે કે તેમનાં ચરણાંરવિંદમાં રહી તેમનાં દર્શન કરી શકાય તે પ્રમાણે સિંહાસનમાં મૂર્તિ પધરાવેલી હોય, જ્યાં શિક્ષાપત્રીમાં જણાવેલ ગૃહસ્થના નિયમો, મર્યાદા પાળી શકાય. બેસીને પૂજા પાઠ કરી શકાય. તેવી સરસ જગ્યાએ અલાયદા રૂમમાં સિંહાસનમાં પધરાવેલી હોય. રસોડામાં ગેસ ઉપર કે સીડી નીચે કે ઘરના બીન ઉપયોગી કોઈ એક ખૂણામાં ઘર મંદિર બનાવી શકાય નહિ. સવાર-સાંજ સમયની અનુકુળતા પ્રમાણે ઘરનાં બધા ભેગા મળીને આરતી કરવી જોઈએ. સાથે મળીને જમે. રાત્રે સૌ સાથે મળીને નિયમ ચેષ્ઠા કરે.

ઘરમાં સંપ, સહકાર, સદ્‌ભાવ, સત્સંગ સેવાની ભાવના હોય અને બધાને સાથે રાખીને, માનપૂર્વક પ્રસંગોપાત આવતા કાર્યો કરવા નિર્ણય કરવામાં આવે તો તે ઘર કુટુંબમાં, અડોશ પડોશમાં ખરા અર્થમાં મંદિર બની જશે. જે કુટુંબમાં, જે ઘરમાં કુસંપ, કંકાસ, કજીયો, વેરઝેર, ઈર્ષા, મસ્તર, અભિમાન હશે અને સત્સંગ નહિ હોય તો તે ઘરમાં ઠાકોરજી રહેતા નથી. એ માટે આપણા સંપ્રદાયમાં મછીયાવના ફઈબાનો પ્રસંગ ખૂબજ જાણીતો છે. જ્યાંથી શ્રીજી મહારાજ તથા પરમહંસ સંતો તૈયાર રસોઈ, ભોજન છોડીને તે ઘરનો, તે ગામનો ત્યાગ કરી ચાલી નીકળ્યા, પછી કદી મછીયાવ પાછા આવ્યા નથી. જ્યારે બીજી બાજુ ગઢડાના એભલ ખાચરનાં દરબારમાં, સંપ, સદ્‌ભાવ, સત્સંગ, નિર્માનીપણું હતું. ત્યાં મહારાજ પોતાનું ઘર માની વીસ વીસ વર્ષ, અંતરધ્યાન થયા ત્યાં સુધી રહ્યા છે. સત્સંગમાં વિચરણ કરી, સંતો હરિભક્તોનાં મનોરથ પૂરા કરી ગઢડા પધારતા.

સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર મહેર કરી ત્યાગનો પક્ષ મોળો કરીને દર્શન, ઉપાસના, ધ્યાન કરવા સારૂં મંદિર બનાવ્યા છે.

ત્રીજુ મંદિર ગામકે શહેર મંદિર. મંદિર ગામની મધ્યમાં કે ગામની ભાગોળે હોય છે. ગામ મોટું હોય તો બે કે ત્રણ મંદિર હોય છે. તેવી જ રીતે શહેરમાં મધ્યમાં કે શહેરની બહાર શાંત નદી કિનારે કે શહેરથી દૂર શાંત અને પવિત્ર વાતાવારણ હોય તેવા વિસ્તારમાં હોય છે. મોટા શહેરમાં વિસ્તાર દીઠ મંદિર હોય છે. એકલા અમદાવાદ શહેરમાં જ કાલુપુર મુખ્ય મંદિર સિવાય લગભગ ૪૦ જેટલાં આપણાં મંદિરો જુદાં જુદાં વિસ્તારમાં આવેલ છે. તે હરિ મંદિર હોય કે શિખરબંધ મંદિર હોય છે. જ્યાં બે ત્રણ સંતો કે હરિભક્તો મંદિરમાં સેવા પૂજા કરતા હોય છે. જેની પ્રાણ પ્રતિષ્ઠા ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીએ કરેલી હોય છે. જ્યાં સંપ્રદાયનાં નિયમ મુજબ દરરોજ આરતી, મંગળા, શણગાર, થાળ, ઉત્થાપન, સંધ્યા, શયન નિયમિત થતાં હોય છે. હરિભક્તો સમયે સમયે દર્શન, સત્સંગ, સેવા કરવા દરરોજ આવતા હોય છે. વર્ષમાં આવતા ધાર્મિક ઉત્સવો શિવરાત્રી, રામનવમી, જન્માષ્ટમી, દિવાળી વિગેરે તથા આચાર્ય મહારાજશ્રી અને લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ દિવસ ધામધૂમથી ઉજવવામાં આવતા હોય છે. મંદિરના વાર્ષિક પાટોત્સવ ઉજવવામાં આવતા હોય છે.

સંત હરિભક્તો દ્વારા સવાર સાંજ કથા, વાર્તા, સત્સંગ, પારાયણો થતાં હોય છે. જેની વિવિધ પ્રકારની સેવાઓ મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે પોત પોતાની આવક પ્રમાણે જે તે વિસ્તારના હરિભક્તો કરતાં હોય છે. વટેમાર્ગુ યાત્રિક કે વિચરણ કરતાં સંત હરિભક્તોની મંદિર પ્રમાણે ઉતારા, ભોજનની વ્યવસ્થા હોય છે.

હવે આવે છે અગત્યનાં તીર્થ મંદિર કે પ્રસાદીનાં મંદિર. જેનું નિર્માણ શ્રીહરિએ સ્વયં કર્યું હોય કે પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ કર્યું હોય. પૌરાણિક, ધાર્મિક મહત્વ ધરાવતું હોય. જેની મૂર્તિ પ્રતિષ્ઠા સ્વયં શ્રીહરિએ કરેલી હોય કે પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ કરેલી હોય છે. સુંદર અને વિશાળ સંપ્રદાયની રીત પ્રમાણેનાં હોય છે. સંસ્કૃતિથી ભરપુર, કોતરણીવાળા કલાકારીગરીવાળા હોય છે. હવેલીવાળા પૌરાણિક હોય છે. શિખરબંધ હોય છે. જ્યાં જવાથી મનોકામના, બાધા પૂર્ણ થતી હોય છે. તીર્થના મુખ્ય દેવની પૂજા વિધિ કરવામાં આવે છે. પ્રભુ મળ્યાનો પ્રત્યક્ષ અવર્ણીય આનંદ ઉરમાં થતો હોય છે. જ્યાં જવાથી આનંદની હેલી આવતી હોય છે. શુદ્ધ વાતાવરણમાં શાંતિ અને પવિત્રતા હોય છે. યજ્ઞ, હોમ, હવન, મહાપૂજા, કથાવાર્તા, કીર્તન, ચોવીસે કલાક થતાં હોય છે. સત્સંગિજીવન,



સત્સંગિભૂષણ, વચનામૃત, શિક્ષાપત્રી ભાષ્ય, કે શ્રીમદ્ ભાગવત કથા પારાયણો નિયમિત થતી હોય છે. મહારાજશ્રી દર્શને પધારતા હોય છે. પોતાના વ્હાલા હરિભક્તોનાં દર્શન કલ્યાણ માટે બેઠક, ગાદી હોય છે. સદ્‌ગુરુ સંતોનું નિવાસસ્થાન હોય છે. યાત્રાએ કે પ્રવાસે આવતા હરિભક્તોની સુવિધા માટે ઉતારા-પાણી, કોઠાર, અન્નક્ષેત્ર કે રસોડાની સેવા સવારથી રાત્રી સુધી ચાલતી હોય છે.

વર્ષમાં આવતા ધાર્મિક ઉત્સવો, પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, પૂજ્ય લાલજી મહારાજશ્રીના જન્મઉત્સવો તેમજ વાર્ષિક પાટોત્સવ, સમૈયા ખૂબજ ધામધૂમથી અને ભવ્ય રીતે પૂજ્ય મહારાજશ્રી, પૂજ્ય લાલજી મહારાજશ્રી અને સદ્‌ગુરુ સંતોની હાજરીમાં ઉજવવામાં આવતા હોય છે. પાટોત્સવની સેવા તો વર્ષો પહેલાથી નોંધાવવામાં આવેલી હોય છે. લાખોની સંખ્યામાં હરિભક્તો દેશ, પરદેશથી દર્શન કરવા સત્સંગનો લાભ લેવા આવતાં હોય છે. દરરોજ પાંચ આરતી થતી હોય છે. સવારે રાજભોગ, થાળ થતાં હોય. વિશાળ સંખ્યામાં હરિભક્તોની અવરજવર રહેતી હોય છે.

શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ દશમો કે વિસમો ભાગ ધંધા કે નોકરીની આવકમાંથી ધન શુદ્ધિ માટે **શ્રીહરિનો ભાગ ધર્માદો જમા કરાવવામાં આવે છે. નામવેરો જમા કરાવવામાં** આવે છે. જેનો વહીવટ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સંત, હરિભક્તોનાં ટ્રસ્ટી મંડળ દ્વારા સુંદર રીતે કરવામાં આવતો હોય છે. અહીંથી સંપ્રદાયનાં બીજા મંદિરોમાં જ્યાં જેટલી અને જેવી જરૂરિયાત હોય તે પ્રમાણેની સેવા મોકલી આપવામાં આવે છે. આ ઉપરાંત વિવિધ પ્રકારની સામાજીક સેવાઓ શાળા, કોલેજો, દવાખાનાં, અન્નક્ષેત્ર તેમજ કુદરતી કે માનવ સર્જીત આપત્તિ વખતે પણ લોકોપયોગી સેવાઓ સતત કરવામાં આવે છે. ધર્મના પ્રચાર, પ્રસાર, સત્સંગીઓનાં મનોરથ પૂરા કરવા આચાર્ય મહારાજશ્રી તથા સંતોના વિચરણ, ધર્મયાત્રા ગોઠવવામાં આવતી હોય છે. જ્યાં હજારોની સંખ્યામાં હરિભક્તો દર પૂનમે કે અગિયારસે પદયાત્રા દ્વારા દર્શન કરવા આવતા હોય છે.

તીર્થ મંદિર પાસે ગામકે શહેરમાં રહેતા હોઈએ તો દરરોજ નિયમિત દર્શન કરવા જોઈએ. દૂર રહેતા હોય તો અગિયારસ, પૂનમ, ધાર્મિક તહેવારો અને વાર્ષિક પાટોત્સવના દિવસે અવશ્ય દર્શન કરવા જવું જોઈએ. ચારસો પાંચસો કીલોમીટર કે વધારે દૂર રહેતા હોઈએ તો બે પાંચ વર્ષે સગવડ પ્રમાણે મોટા ઉત્સવ, સમૈયા વખતે દર્શન સત્સંગનો લાભ લેવો જોઈએ.

આપણા માટે અમદાવાદ, વડતાલ, ગઢડા, જેતલપુર, મૂળી, ધોળકા, ધોલેરા, જૂનાગઢ, ભૂજ, છપૈયા, દ્વારકા, અયોધ્યા તીર્થ મંદિરો છે. ૯ મંદિરોમાં સ્વયં શ્રીહરિએ સ્વહસ્તે ઠાકોરજીની પ્રતિષ્ઠા કરી છે. જેમાં સર્વોપરિ ધામ છપૈયા મંદિરમાં દરેક હરિભક્ત માત્રે અચૂક દર્શન કરવા જવું જોઈએ. આદર સૌનો આશરો એકનો.

આપણા આગામી ઉત્સવો

(૧) **મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર વસંત પંચમી સમૈયો**-પાટોત્સવ શિક્ષાપત્રી જયંતી મહા સુદ-૫ તા. ૩૧-૧-૨૦૦૯ શનિવાર.

(૨) ઉત્તર ગુજરાતના હાર્દ સમા **મહેસાણા શહેરમાં** ભવ્ય શિખરબધ્ધ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં **મૂર્તિ પ્રતિષ્ઠા પારાયણ - શોભાયાત્રા તા. ૫-૨-૨૦૦૯ થી તા. ૧૧-૨-૨૦૦૯.** (સંપર્ક - જેતલપુર અને મહેસાણા મંદિર)


(૩) શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ : **સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ ફાગણ સુદ-૩ તા. ૨૮-૨-૨૦૦૯ શનિવાર.**

(૪) કાંકરિયા (રામબાગ) શ્રી સ્વામિનારાયણ મંદિર ભવ્ય શહેર ચોર્યાસી મહોત્સવ અને **બાલ સ્વરૂપશ્રી ઘનશ્યામમહારાજ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ** ઠાકોરજીનો પાટોત્સવ (નવ નિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિર) તા. ૨૫-૨-૨૦૦૯ થી તા. ૧-૩-૨૦૦૯ ફાગણ સુદ-૫)

આ દરેક મહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થશે.

આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે આપેલ પરચા

- સંકલન : દિનેશ કે. ભગત



શ્રી નરનારાયણદેવની ગાદીના પ્રથમ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અતિ પ્રતાપી અને ચમત્કારી હતા.

મૂળીમાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું કે આ હઠીભાઈનો મેળો થાય છે. તેમાં કોગળીયું આવશે અને હજારો માનવીઓ જાન ગુમાવશે અને મહા કેર થશે. ઉપરાંત વઢવાણનો કારભારી (દિવાન) લાધા ઠક્કર સત્સંગનો દ્વેષ કરે છે તો આજથી પંદર દિવસમાં એનું કારભારું છીનવાઈ જશે અને એવો રોગ થશે કે ઉઠવા-બેસવાની તેમજ દેહની ક્રિયા પણ બીજા માનવી પાસે કરાવવી પડશે. અને તેના સર્વે અંગમાં જીવડા પડશે અને મહાદુઃખ ભોગવીને મૃત્યુ પામશે. અને ઉપરોક્ત બધું એ રીતે જ થયું.

સરપર ગામના મંગળદાસ પટેલને કાશીનો કોટવાળ વળગ્યો અને ઘણું દુઃખ થવા માંડ્યું - પીડા પણ અસહ્ય થવા માડી. તેથી તેઓ પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી માહરાજ પાસે આવ્યા અને મહારાજ પાસે વર્તમાન ધરાવ્યા અને સત્સંગી થયા. બધી ઉપાધિ ટળી ગઈ. સ્વામિનારાયણના સત્સંગી થતાં સંબંધીઓએ ઉપાધિઓ કરીને સત્સંગ મૂકાવી દીધો. એટલે ફરીથી ભૂત-કોટવાળ વળગ્યો અને બહુજ ત્રાસ આપવા માંડ્યો અને કહ્યું કે તે સત્સંગ મૂકી દીધો એટલે તારા પ્રાણ લઈશ. ત્યારે મંગળદાસે કોટવાળને પૂછ્યું કે હવે કેમ કરું તો દુઃખ મટે. ત્યારે ભૂત બોલ્યું કે ફરીથી વર્તમાન ધારીને સત્સંગી થા અને દરરોજ નારાયણઘાટ સ્નાન કરીને શ્રી નરનારાયણદેવ આગળ એક પગે ઉભો રહીને ૫૦ માળા ફેરવીશ તો હું જતો રહીશ. ફરીથી તેઓ આચાર્ય મહારાજશ્રી પાસે જઈ, વર્તમાન ધરાવી, નારાયણઘાટ સ્નાન કરી મંદિરમાં એક પગે ઉભા રહી પચાસ માળા ફેરવવા માંડી અને ભૂત વળગેલું જતું રહ્યું અને શાંતિ શાંતિ થઈ ગઈ !!!

માણસાના રાજવી અણદાભાઈએ પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજને કહેલું કે જ્યારે મારો અંત સમય થાય ત્યારે આપ મને દર્શન દેવા પધારજો. પછી જ્યારે અણદાભાઈ માંદા થયા અને અંત સમય આવ્યો છે એમ લાગ્યું એટલે તેમણે આચાર્ય મહારાજ ઉપર પત્ર લખીને રામાભાઈને રૂબરૂ અમદાવાદ મોકલ્યા. આચાર્ય મહારાજશ્રી પણ ભક્તના મનોરથ પૂર્ણ કરવા જળપાન કરવા પણ ન રહ્યા અને ડહેલામાંથી ગાડી જોડાવીને માણસા અણદાભાઈને દર્શન દેવા પધાર્યા. અને નાડી જોઈને કહ્યું કે નાડી નથી. અણદાભાઈ કહે કે આપશ્રી અહીં બિરાજશો ત્યાં સુધી ચિંતા નથી. મહારાજશ્રી બે દિવસ માણસા રહ્યા. અણદાભાઈએ પૂજા કરી અને આચાર્ય મહારાજશ્રી જેવા બહાર નીકળ્યા એટલે તુરત જ અણદાભાઈએ અક્ષરધામની વાટ પકડી.

તેજ દિવસે ઈડરના રાજા જુવાનસિંહજીએ પોતાના મામા અણદાભાઈને માંદા જાણી, તેમની ખબર અંતર પૂછવા રાજ પુરોહિતને મોકલ્યા. તે બ્રાહ્મણ આવતા હતા ત્યારે શ્રીજી મહારાજ પચાસ કાઠીના અશ્વારો સાથે અણદાભાઈને તેડી જતા હતા તે દર્શન રાજગોરને થયા. એટલે તે બ્રાહ્મણે એક કાઠી અસ્વારને પૂછ્યું કે ક્યાંથી આવો છો ? ત્યારે જણાવ્યું કે અણદાભાઈના માઢમાંથી આવીએ છીએ.

રૂામઆદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ મહા પ્રતાપી, ચમત્કારી અને વચન સિધ્ધ હતા. તેમણે અસંખ્ય લોકોને સત્સંગના વર્તમાન ધરાવી, તન, મન, ધને અને આધ્યાત્મિક રીતે સુખીયા કર્યા હતા.



સત્સંગ સુરભિ

નમ્રતા એ જ અચૂક-નિશાન !

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

એકવાર વડતાલમાં ચૈત્રી પૂનમનો મોટો સમૈયો ભરાયો હતો. હજારો મુમુક્ષુઓ શ્રીજી મહારાજનાં દર્શનનો લાભ લેવા ઉમટ્યા હતા. કાઠિયાવાડી, ગોહિલવાડી, હાલારી, કચ્છી અને સોરઠી ભક્તોની મંડળીઓ ભેગી થઈ હતી. રાસ મંડળીઓએ સરસ રાસ રજુ કરીને મહારાજનું મન મોહી લીધું.

હરિવર બોલ્યા : "સાંભળો ભક્તો ! આજે અમે અવનવા રાસ નિહાળીને બહુજ પ્રસન્ન થયા છીએ. પરંતુ આવતી કાલે અમારે એક નવી કલા નિહાળવી છે. ખરા નિશાનબાજને ઈનામ આપવું છે. તો નિશાનબાજીમાં પાવરધા સૌ ભેગા મળી કાર્યક્રમ ઘડી કાઢે." મહારાજના આ ધીર ગંભીર બોલને વડતાલનાં જ ચાર ભક્તોએ ઝીલી લીધા. એ હતા ભક્તરાજ જોબનપગી, તથા એમના જ બીજા ભાઈઓ સુંદરપગી, શકરોપગી અને તખોપગી. આ ચારેય ભાઈઓ નિશાન બાજીમાં ખૂબ પાવરધા હતા. એમાંય એક વખતના ભયંકર લૂંટારા તરીકે પ્રખ્યાત બનેલા જોબન ભક્તની નામના આખાય પંથકમાં સૌથી શ્રેષ્ઠ નિશાનબાજ તરીકે ફેલાયેલી હતી. ચારેય ભાઈઓ નિશાન પાડવાની કલા રજૂ કરવા શ્રીહરિ પાસે આજ્ઞા લીધી. મહારાજ ખૂબ પ્રસન્ન થયા અને આયોજનની આજ્ઞા આપી.

બીજે દિવસે સવારના ખુશનુંમાં વાતાવરણમાં શ્રીજી મહારાજ સંતો અને સખાઓ સહિત ગોમતી કાંઠે પધાર્યા. તલાવને સામે કાંઠે એક ઊંચા વૃક્ષની અંતિમશાખા પર ચાર રંગબેરંગી ઢોચકાં (નાની માટલીઓ) લટકાવેલા હતા. એકજ તીર છોડીને આ ચારેય ઢોચકાં વિંધવાના હતા. મહારાજની આજુબાજુ કાઠી દરબારો સંતો, મહંતો અને દેશોદેશથી સમૈયામાં આવેલા ભક્તજનો બેઠાં હતા. સૌની નજર દૂર લટકાવેલા આ ચાર ઢોચકાં ઉપર મંડાયેલી.

તેવામાં મહીકાંઠાના કોતરો ઘૂમી વળેલા ચારેય પત્રીબંધુઓ સભામાં પ્રવેશ્યા. શ્રીજી મહારાજને પ્રણામ કરી નિશાન પાડવા આજ્ઞા માંગી. પરંતુ એ પહેલાં એમણે હાકલ કરી. "છે કોઈ નરબંકો કાઠી કે બીજો શૂરવીર ? હોય તો આવો ભા, પાડો નિશાન અને મેળવો એ મહારાજની મોજ!" આ ચેલેન્જમાં છૂપો ગર્વ સમાયેલો હતો. મહાપ્રભુ આ ગર્વને પામી ગયા!

કાઠી-દરબારો બધાં અસ્ત્ર-શાસ્ત્રોમાં પ્રવીણ હતા છતાં બાણ કે બંદૂકમાં એવા બાહોશ નહોતા. એમાંય આ તો જોબન જેવા ધારદાર નિશાનબાજની હાકલ હતી ! ક્યાંથી મેળ પડે એટલે સૌ ચૂપ રહ્યા.

"બસ ! કાઠીઓનું પાણી મપાઈ ગયું !" રૂમ બોલતાં, જોબન-ભક્તનો હાથ સ્હેજે મૂછ પર ફરકી ગયો. ગર્વથી ગાલ ફૂલી ગયા અને આંખોમાં સહજ અભિમાનની આભા છલકી ઉઠી ! શ્રીહરિની ચકોર નજર એ પામી ગઈ.

"ઠીક તો મહારાજ ! અમે વીંધીએ. આવાં તો કંઈક વીંધ્યાં છે." એટલું બોલી જોબન ભક્તે રંગબેરંગી ઢોચકાં પર ધ્યાન દીધું. હાથમાં હીરની પણછ ચડાવી પરંતુ વિજયના તોરમાં વૃત્તિ છકી ગઈ હોવાથી તીર છોડ્યું છતાં નિશાન ખાલી ગયું. બીજું છોડ્યું ખાલી ગયું. ત્રીજું પણ વૃક્ષનાં પાંદડાઓને વિંધતું નીકળી ગયું. એ અવાજ પણ જાણે જોબનની અભિમાની વૃત્તિની ચાડી ખાતો હતો !



"જોબન ! હવે તીર ના લેશો, બેસી જાઓ" શ્રીજી મરમાળું હસ્યા અને ઉમેર્યું "આવો, સુંદર પગી !"

સુંદરે નિશાન લીધું પણ આંખો સામે અનેક દીઠાં ! મન ભમી ગયું. એ બેસી ગયા. પછી શકરો પગી આવ્યા તેમનાથી પણ નિશાન ખાલી ગયું. ને તખા પગીનું પણ એવુંજ થયું.

સભામાં સન્નાટો છવાઈ ગયો. અંદરો અંદર ગુસપુસ થવા લાગી. "એ તો મહારાજની મરજી હોય તો જ કામ થાય !" "કલા આપનાર પણ એ છે, બળ પ્રેરનાર પણ એ છે ને બળ હણનાર પણ એ છે."

ત્રણ ભાઈઓનું તો સમજ્યા, પરંતુ આ જોબન ભક્તનું નિશાન ખાલી જાય એવું ન બને....."

કોલાહલ વધી ગયો. ચારેય ભાઈઓ નત મસ્તકે ઊભા રહ્યા. શ્રીહરિએ સૌને શાંત કર્યા. શ્રીહરિની હેતાળ નજર દૂર બેઠેલા ગઢાળી ગામના આંબા શેઠ પર મંડાણી. પાંપણ પલકારીને વહાલો બોલ્યા. "આવો આંબા શેઠ ! અહીં આવો, આ ધનુષ્ય-બાણ હાથમાં લો, કસો કમાનને છોડો તીર. જો જો બીજું બાણ લેવાનું નથી....."

આજ્ઞા થતા જ શેઠ ઉભા થયા અને મહારાજ પાસે આવ્યા, ચરણ સ્પર્શ કર્યા અને હાથમાં ધનુષ્ય બાણ લઈ સ્થાન પર આવ્યા.

ખાચર, ખુમાણ, વાળા, પટેલ, પગી, ઠાકોર સૌ કોઈ આંબા શેઠનું સ્થૂળ કાય શરીર જોઈ મલકાયા. "આ ગાદી પર બેસી રહેનાર વાણિયાને મન તો હીંગ તોળવીને ઢોચકાં વિંધવા એ બેય જાણે સરખું લાગે છે ! આ શેઠ શું નિશાન લેશે ? ત્રાજવાનું કે ઢોચકાનું ?" સભામાં ટીખળ ચાલી. કોઈકે તો મજાક કરી, "એય શેઠ ! હેઠા બેસો. આ તમારું કામ નહિ."

પરંતુ આંબા શેઠે તો કશુંય ગણકાર્યા વિના મહારાજને મનોમન વંદીને પણછ ખેંચીને તીર છોડ્યું. સનનન કરતું તીર એક હરોળમાં બાંધેલા ચારેય ઢોચકાંઓને વીંધતું ક્યાંય દૂર ચાલ્યું ગયું. સભામાં એક સાથે તાળીઓ પાડીને જયનાદ થયો.

શ્રીજી મહારાજ પલંગ પરથી ઊભા થયા. અને પાસે જઈને આંબા શેઠને ભેટી પડ્યા. પોતાની પામરી ઓઢાડી અને શેઠને અભિનંદન આપ્યા.

જોબન ભક્ત બોલ્યા : "મહારાજ ! આ શેઠે તો અમારી લાજ લીધી ! વાહ શેઠ વાહ ! ધન્યવાદ છે તમને !" જોબન ભક્તનો હરખ જોઈ મહારાજ પણ હરખાયા. પ્રતિસ્પર્ધીના વિજય પર આનંદ પામે એજ ખરો રમતવીર કહેવાય.

મહારાજે સભા પર અમી નજર ફેરવી અને જોબન તરફ દૃષ્ટિ કરી બોલ્યા : "જોબન ! તલવાર ચલાવનાર કાઠીઓ તીર ચલાવનાર પગીઓનાં આજ પાણી મપાઈ ગયા ને ! શેર ને માથે સવાર શેર તો કોઈ હોય જ. માટે પોતાની કલા કે આવડતનું ભગવાન કે ભગવાનના ભક્ત આગળ ક્યારેય અભિમાન આવવા ન દેવું."

જોબન તથા ત્રણેય ભાઈઓએ નત મસ્તક બની મહારાજના ચરણ સ્પર્શ કર્યા. આવડતના ગર્વને ફગાવી હળવા ફૂલ બની મહારાજને કહ્યું, "મહારાજ ! અમને માફ કરી દ્યો. અમે અમારી તીરંદાજીના કેફમાં જરાક છકી ગયેલા. પરંતુ આજે આપે અમને સાચું સમજાવ્યું. બસ, ક્યારેય અમારામાં કોઈપણ ગુણનું કદિ અભિમાન ન આવે એવા રૂડા આશિષ આપો."

મહારાજે ચારેય ભાઈઓને આશિષ આપ્યા ને સભામાં બોધ આપતાં કહ્યું, "જોબન ભક્ત ! આ તો તમારે મન જરા આવડતનું અભિમાન ડોક્યું કરી ગયેલું એટલે અમારે પાંચાલ દેશના આ આંબાશેઠની નમ્રતાનું દર્શન કરાવવું પડ્યું. નમ્રતા આગળ ગર્વ હંમેશા હારી જાય છે. નમે એ સૌને ગમે. અને સાચું પૂછો તો નમ્રતા એ જ અચૂક-નિશાન છે. અને એ જ સાચું નિશાન છે. બાકી, તમ જેવા તીરંદાજ આજે આ અવનિ ઉપર કોઈ નથી."

મહારાજના પ્રત્યેક વાક્ય સૌ ભક્તજનોના અંતરમાં ઉતરી ગયા. ભોજનનો સમય થયો. મૂળજી બ્રહ્મચારી મહારાજને જમવા માટે બોલાવવા આવ્યા. મહારાજ ઉભા થયા. સભા પણ વિખરાવા લાગી. નમ્રતા એજ અચૂક નિશાન છે. શ્રીહરિ વચનનું આ બોધ વાક્ય સૌ હરિજનોનાં હૈયાને સ્પર્શી ગયું !



સત્સંગ ભાવવાહિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

સમય વર્તે સાવધાન

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

શ્રાવણ મહિનો ચાલે છે. ભક્તોના હૈયામાં શ્રાવણ મહિનો આવે એટલે વિશેષ ભક્તિ, ભજન, સત્સંગ કરે, જાત્રા કરે, કોઈ તપ કરે, કોઈ ધારણા પારણા કરે, કોઈ ઉપવાસ કરે તો કોઈ વળી પીપળે પાણી ચડાવે તો કોઈ વળી તુલસીની પ્રદક્ષિણા કરે તો કોઈ વળી મહાદેવજીનું પૂજન કરે. સો બીલીપત્ર ચડાવે, કોઈ હજાર ચડાવે, કોઈ દસ હજાર ચડાવે તો કોઈ લાખ બીલીપત્ર ચડાવે. બીલીના વૃક્ષ ઠુંઠા થઈ જાય એટલા બધા બીલીપત્ર ભોળાનાથ પર ચઢાવે.

એક ગામમાં દર્શન માટે મહાદેવજીનું વિશાળ મંદિર હતું. કેટલાય ભક્તો દરરોજ દર્શન માટે આવે, દૂધ ચડાવવા આવે, પૂજા કરવા માટે આવે અને પોતપોતાને ઘેર પાછા જાય. એક દિવસ મંદિરમાં એક જોષી મહારાજ શિવજી પાસે બેઠા હતા. ૐ નમઃ શિવાય..... ૐ નમઃ શિવાય ..... મહાદેવજીની માળા જપતા હતા. તેવામાં એક ભક્ત દર્શન માટે આવ્યા. મહાદેવજીના દર્શન કર્યા અને જોષી મહારાજ માળા જપતા હતા તેમને જોઈને પગે લાગ્યા. જોષી મહારાજે ઉંચું જોયું. આ મુમુક્ષુ હાથ જોડીને ઉભા હતા. જોષી મહારાજે એને કહ્યું. ભાઈ તમે બહુ ભાગ્યશાળી છો. અત્યારે એવો યોગ ચાલે છે. આકાશમાં નક્ષત્ર ગ્રહનો એવો સંયોગ થયો છે આ સમયે કોઈ મહાદેવજીને પીપળાનું પાન ચડાવે તો એ સોનાનું થઈ જાય. આટલું બોલીને જોષી મહારાજ પાછા મંત્ર જપવા લાગ્યા. આ ભાઈને એમ થયું હોતુ હશે, એમકાંઈ પીપળાનું પાન સોનાનું થતું હશે. એમજો પીપળાના પાન સોનાના થતા હોય તો શું જોઈતું હતું. બીજું કામ જ ના કરવું પડે. આવું તો સાચું ના જ હોય. આમ વિચારતો ચાલ્યો જતો તો ત્યાં પીપળાનું વૃક્ષ સામે દેખાયુ. વૃક્ષ જોઈને એનો વિચાર બદલાયો. લાવને પ્રયત્ન તો કરી જોઉં. એમાં શું જવાનું છે, સોનાનું થશે તો થશે નહીં તો કાંઈ નહીં.

અને આ ભાઈ પીપળાનું એક પાંદડું તોડી ને પાછો મંદિરમાં આવ્યો. મહાદેવજી ઉપર પાંદડું મુકી જોયું. મુક્તાની સાથે જ સોનાનું થઈ ગયું. આ ભાઈ તો ખુશખુશ થઈ ગયો અને દોડતો દોડતો પીપળાના ઝાડ પાસે પહોંચ્યો. અને મોટા-મોટા પીપળાના ડાળા કાપી ગાડું ભરીને લઈ આવ્યો અને જ્યાં મંદિરમાં લાવે છે ત્યાં આજુબાજુ ઉભેલા લોકો કહેવા લાગ્યા. અરે ભાઈ ! આ બધો કચરો કેમ અંદર કરે છે. ત્યારે આ ભાઈ કહે છે તમને ખબર ન પડે. આ બધાં જ પાંદડા પીપળાના સોનાના થઈ જશે. બધા લોકો આશ્ચર્યથી જોવા લાગ્યાં અને આ ભાઈએ બધો જ ઢગલો મહાદેવજી ઉપર કર્યો. પણ એકે પાંદડું સોનાનું થયું નહિ. એટલે પેલા જોષી પાસે ગયો અને પૂછ્યું કે તમારા કહેવાથી એક પીપળાનું પાંદડું મહાદેવજી ઉપર ચડાવ્યું એ સોનાનું થઈ ગયું અને પછી આટલા બધા પાંદડા મૂક્યાં પણ એકે સોનાના કેમ થયા નહી ? ત્યારે જોષીએ કહ્યું, ભાઈ ! એ તો મેં કહ્યું એ વખતે યોગ હતો. એ સમયે એકને બદલે હજાર પાંદડા ચડાવ્યાં હોત તો સોનાનાં થઈ જાત. હવે તો આખું ઝાડ ઉખાડીને માથે ચડાવો તોય કાંઈ નહિ વળે.

ભક્તજનો ! ભગવાન ભજવા માટે, જીવાત્માનો મોક્ષ સાધી લેવા માટે, ભગવાને આપણને આ સારામાં સારો યોગ આપ્યો છે. આવો અમૂલ્ય માનવદેહ આપ્યો છે. દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે. આ સમયે જેટલું સત્કાર્ય ભજન-ભક્તિ થશે એ બધું સોનાનું - જીંદગી સોનાની. આપણા માટે આ ચોઘડીયું અમૃત - લાભનું છે.



સજની આરે ચોઘડીયું અમૃત લાભનું
ફેર ફેર નહિ મળે એવું વિજના ઝબકારા જેવું
મોતી પરોવી લેવું, સત્સંગ કીજએ.

ભક્તો ! આપણે વિશ્વાસ રાખી ભજન કરવાનું અખતરો કરવાની જરૂર જ નથી કે મને મંદિરે જવાથી ફાયદો થશે કે નહિ થાય. ભજન-ભક્તિ કરવાથી મોક્ષ મળે છે કે કેમ એવો વિચાર કર્યા વગર નિયમિત ભજન, સત્સંગ કરીશું તો જીંદગી સોનાની થઈ જશે.

મારી મરજી વિના રે

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

શ્રીજી મહારાજ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં વિરાજમાન છે. સૌ ભક્તજનો મહારાજની સન્મુખ બેઠા છે. મહારાજના દિવ્ય મુખારવિંદના દર્શન કરે છે. તેવા સમયમાં એ સભાની અંદર કેટલાક કાઠીઓ સુરાખાચર સાથે આવે છે. સુરાખાચર મહારાજને દંડવત કરી હાથ જોડી કહે છે, "હે મહારાજ!" આપ અંતરયામી છો બધું જ જાણો છો. અમે સૌ આપની પાસે શા માટે આવ્યા છીએ. તે પણ જાણો છો. માટે કૃપા કરો.

અત્યારે વરસાદ વગર બાજરી વગેરે મોલ સૂકાય છે. વરસાદની ખૂબ જ જરૂર છે. તો હે પ્રભુ ! દયા કરી વરસાદ વરસાવો તો જ મોલ પાકે. નહિ તો નહિ પાકે.

મહારાજે પૂછ્યું કે, કેટલો વરસાદ થાય તો મોલ પાકે ? ત્યારે ભક્તો એ કહ્યું કે, અખાડ ભરાય એટલો વરસાદ થાય તો મોલ પાકે.

આ બધી વાતો ચાલે છે. તેવા સમયમાં મેથાણના પૂંજાજી આવે છે. તેની સામું જોઈ મહારાજ બોલ્યા કે, પૂંજાજી કહે તો વરસાદ થાય. મહારાજના વચન સાંભળી સૌ પૂંજાજીને હાથ જોડી કહેવા લાગ્યા. ભક્તરાજ બોલો, બોલો. પૂંજાજી આ વરસાદ વગર મોલ સૂકાય છે. પણ પૂંજાજી ન બોલ્યા. ત્યારે કાઠી ભક્તો જરા આનંદ વિનોદમાં હળવી ભાષામાં કહેવા લાગ્યા. અલ્યા પૂંજા, તને કાળો ડસે, બોલતો કેમ નથી તારે ક્યાં તારા ઘરમાંથી આપવાનું છે. આપવાવાળો આપશે. તારે તો ખાલી 'હા' કહેવાની છે. બોલને બોલ ? સૂરા બાપૂ કહે, વરસાદ નહિ વરસે તો આ તારા ફાંદામાં શું ભરીશ ? અને મોલ નહિ પાકે તો આપણે બધાય મરી જઈશું ? માટે બોલ ? પણ પૂંજાજી બોલી જ ન શક્યા. કોઈને સમજાયું નહિ કે આવું કેમ બને. પૂંજાજી પરમભક્ત થઈ હરિભક્તના સુખમાં તે રાજી જ હોય ? છતાં બોલ્યા કેમ નહિ. હા કેમ ભણી નહિ.

પછી બીજે દિવસે સૂરા ખાચરે પૂંજાજી પાસે જઈ પૂછ્યું, અરે પૂંજાજી ખરી કરી. કાલે કેમતમે હા બોલ્યા નહિ ? ત્યારે પૂંજાજી કહે મેં તો ઘણુંયે બોલવાનું કર્યું પણ મારાથી બોલાયું જ નહિ. જાણે મારી જીભ કોઈએ પકડી રાખી હોય એમલાગતું હતું. એટલે શી રીતે બોલું ? આ સાંભળી ને સુરાબાપુને થયું કે વાત સાચી છે. પૂંજાજી નો વાંક નથી પણ મહારાજની ઈચ્છા જ એવી હશે.

માટે જ પ્રેમાનંદ સ્વામીના શબ્દો યાદ આવે કે,

"મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય,
એમ મુને જાણ જો રે, મારા આશ્રિત સૌ નરનારી."

ભગવાનની મરજી સિવાય સુકું પાંદડું પણ ફરકી શકતું નથી. જેતલપુરના પાંચમાં વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને સ્વયં કહ્યું છે કે આ સમે સર્વે અમારૂં કહ્યું થાય છે. ભગવાનની ઈચ્છા હોય તો વરસાદ આવે ન હોય તો ન આવે. પ્રભુની ઈચ્છા હોય કે આ દુઃખી થાઓ તો તે દુઃખી થાય છે. અને સુખી થાઓ તો સુખી થાય છે. વગેરે સર્વ કાંઈ પરમાત્માની ઈચ્છાને આધિન છે. એવો ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ નિશ્ચય રાખી ભજન કરવું.

લાંઘણેજ લીલાની સીડી

ઉત્તર ગુજરાતના લાંઘણેજ ગામમાં સ્વામિનારાયણ ભગવાન સાત વખત પધાર્યા છે. તે ચરિત્રોનું શાસ્ત્ર "લાંઘણેજ લીલા"ની કથા શાસ્ત્રી હરિકેશવદાસજીએ કરી છે.

પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદ સાથે તે કથાની **MP3** સીડી તૈયાર થઈ છે. જે આપણા કાલુપુર મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી અને ગાંધીનગર સેકટર-૨૩ ના આપણા મંદિરેથી મળી શકશે.



ભક્તિ સુધા

સેવાભાવી જાનબાઈ

- સાંખ્યયોગી ઉષાબા ગુરુ સાંખ્યયોગી કમળાબા (સુરેન્દ્રનગર)

ભાવનગર જીલ્લાના તળાજા પાસેના "મોટા ગોપનાથ" નામે મહાદેવજીનું પ્રાચીન મંદિર છે. તેની નજીકમાં પિથલપુર ગામમાં મુમુક્ષુ જાનબાઈનો જન્મ થયો હતો. જાનબાઈ મુમુક્ષુ હતા. હંમેશા તે ગોપનાથ મહાદેવના દર્શને જતા અને ગાયનું દૂધ પીતા હતા ત્યારે મહાદેવજીને ધરાવતા. ને પ્રસાદીનું દૂધ કોઈ-સાધુ-સંત મળે તો આપી દેતા હતા. એકવાર ગોપનાથને દૂધ ધરાવીને ઘેર જતા હતા. તે સમયે નીલકંઠવર્ણી સમુદ્રમાં સ્નાન કરીને મહાદેવના મંદિર તરફ જતા હતા. બ્રહ્મચારીને જોઈને જાનાબઈ સ્થિર થઈ ગયા. નીલકંઠવર્ણીમાં ગોપનાથ મહાદેવના દર્શન થતા હતા. થોડીજ વારમાં બ્રહ્મચારી જાનબાઈની નજીક આવી ગયા. જાનબાઈએ મહારાજને કહ્યું. જે આ દૂધ પીઓ અને અમને આશીર્વાદ આપો. વર્ણીરાજે પ્રસાદીનું દૂધ પીધું. ને પછી વર્ણીરાજે પૂછયું કે તમારૂં નામ શું છે ? અને ક્યાં ગામમાં રહો છો ? જાનબાઈએ પોતાનો પરિચય આપ્યો. ને ઘરતરફ ચાલતા થયા. જાનબાઈના ચિત્તમાં મૂર્તિ વસી ગઈ હતી. જેથી જ્યારે સંભારે ત્યારે નીલકંઠવર્ણીની મૂર્તિ દેખાતી હતી.

સમય જતાં શ્રીહરિ ગઢપુરમાં રહ્યાં. ને દાદા ખાચરને બુદ્ધિશાળી અને વફાદાર કામદારની જરૂર પડી એટલે જાનબાઈના પુત્ર હરજી ઠક્કરને કારભારી તરીકે રાખ્યા. ને જાનબાઈ કુટુંબે સહિત ગઢપુરમાં રહ્યા. એક દિવસ શ્રીહરિએ જાનબાઈને કહ્યું કે અમો ગોપનાથ મહાદેવના દર્શને જતા હતા ત્યારે રસ્તામાં તમે અમોને મળ્યા હતા. ને દૂધ પીવરાવેલું તે યાદ છે ? જાનબાઈ કહે અરે મહારાજ ! એજ તમે છો ? હું તો આ વર્ણીરાજને નિત્ય સંભારૂ છું. મારા ધન્ય ભાગ્ય કે આજે મને આપના દર્શન થયા. ને સેવાનો યોગ મળ્યો.

ગઢપુરમાં આવ્યા પછી જાનબાઈ ગઢપુરમાં રહ્યાને સત્સંગની સેવા કરતા. જાનબાઈએ શ્રીહરિને સ્નાન કરવા માટે પાણી ગરમ કરવાની ત્રાંબાકુંડી આપી હતી ને શ્રીહરિને પોઢવા માટે રંગત પાટ આપી હતી. તેમજ અનેક વખત મિષ્ટાન ભોજન કરાવીને શ્રીહરિને તેમજ સંતોને જમાડ્યા હતા. ઉત્સવ સમૈયામાં યથાયોગ્ય સેવા કરીને ભગવાનને રાજી કરતા. પણ મનમાં એક સંકલ્પ હતો કે મેં મારા હાથે થાળ કરીને ભગવાનને જમાડ્યા નહિ. આવી શુભ વાસના રહી તેને કારણે મોક્ષ ન થયો. અને પાંચુબા તથા નાગમાલાની દીકરી હીરુબા થયા.

મોટા થઈ મહારાજને પોતાના હાથે થાળ બનાવીને જમાડ્યા. પછી દેહ પડી ગયો ને અક્ષરધામમાં ગયા. રૂમ શુભ વાસના પણ સારી નથી. માટે શુભ કે અશુભ વાસના આપણને મારી નાખે તે પહેલા વાસનાને મારી નાખો તો આપ અમર બની જશો. ને મહાસુખીયા થાશો ને આઠે પહોર આનંદના સાગરમાં ઝુલતા રહેશો.

મહારાજ કહે છે કે તમારા હાથનું રાંધેલું જમ્યા બોલો હવે કોઈ ઈચ્છા છે ? હા, શું ? હું આપના મુખમાં ગ્રાસો આપુને આપ જમો. રાજી થઈને મહારાજ કહે કરો એ સંકલ્પ પણ પુરો. થોડીવારમાં ગ્રાસો આપીને થાકી ગયા. પછી હીરૂબા કહે મારો સંકલ્પ જે રાંધીને જમાડવાનો હતો તે આ જન્મે પુરો થયો. મહારાજ હવે ચળું કરો. ચળું કરી, મુખવાસ લઈ, સમગ્ર કુટુંબને જમાડવાની આજ્ઞા કરીને અક્ષરધામમાં ગયા. આમ સેવાથી જ મુક્તિ મળે છે. માટે નિષ્કામભાવે સેવા કરીને ભગવાનની પ્રસન્નતા મેળવી માનવજીવન સફળ બનાવવું.

●

ડાંગરવાની દહીં લીલા

- ગીતાબેન લીલાધરભાઈ પિત્રોડા (જોરાવરનગર)

જતનબા ડાંગરવાના વતની અને ગોવિંદ પટેલના દીકરી હતા. તે શ્રીજી મહારાજના લાડીલા એકાંતિક ભક્ત હતા. સ્વભાવે નિર્મળ અને હોંશિયાર. મહારાજ ઉપર ખૂબજ પ્રેમ તથા લાગણી હતી. જનતબાના ઘેર મહારાજ અવારનવાર આવે સંતો તથા હરિભક્તોને પણ સાથે લાવે

જનતબા તો મહારાજ, સંતો તથા ભક્તોને ખૂબ ભાવથી જમાડતા.

એક વખત જતનબાને મહારાજને દહીં જમાડવાનો ભાવ થયો. જનતબાના ઘેર ઘણી ગાયો, ભેંસો દૂઝણી હતી. તેથી દૂધ, દહીં ઘણું થાય. એટલે મહારાજ અને સંતોને દહીં જમાડવાનો ભાવ થયો. જતનબાએ ઘરનું દહીં તથા આખા ગામમાંથી દહીં લાવીને એકઠું કર્યું. જેનાથી આખો ઓરડો દહીંના માટલાથી ભરાઈ ગયો. પછી મહારાજને કહેવા લાગ્યા હવે સંતો, હરિભક્તોને જમવા બેસાડો. સંતો પંગતમાં બેસી ગયા. મહારાજે સંતોને ખૂબજ દહીં જમાડ્યું જેથી સંતો ખૂબ ધરાઈ ગયા. સંતો કહેવા લાગ્યા. "મહારાજ" રાખો, બસ ! હવે બસ હવે નહીં આપશો. પણ મહારાજ અતિશય આગ્રહ કરીને જમાડે છે. હવે, મહારાજ એક ધારે "દહીં રેડતા જાય છે જેથી સંતોના પાત્ર છલકાયા પણ હજુ જતનબાને લાડ લડાવવા માટે મહારાજને તો વધુને વધુ લીલા કરવી હતી. જતનબા મહારાજને દહીં આપે છે. અને મહારાજ પીરસે છે. આમ, જતનબાને થયું કે આટલું બધું દહીં છે તો શાનું ખૂટી જવાનું ?" આવો મનમાં ગર્વ થયો. આમ, મહારાજ તેમના મનનો મનસુબો સમજી ગયા. આથી, જતનબાનો ગર્વ ઉતારવા દહીં ખૂટવાડવું હતું. જેથી સંતોના મસ્તક ઉપર દહીં રેડવા લાગ્યા. મહારાજ દહીંના પાત્ર મંગાવે ત્યાં તો જનતબા આપતા - આપતા બોલ્યા "મહારાજ" આ દહીં તો સંતોને જમાડવા માટે ભેગું કર્યું છે. કંઈ ઢોળવા માટે નથી કર્યું. મહારાજ અને જતનબા વચ્ચે જીભા જોડી ચાલે છે ત્યાં તો જનતબાના હાથમાંથી દહીંનું પાત્ર જ છટકીને ફુટી ગયું. આમ, જતનબાનું આંગણું અને ઓસરી દહીંથી રેલમછેલ થઈ ગયું. સંતો તથા હરિભક્તોના શરીર અને વસ્ત્રો પણ દહીંવાળા થઈ ગયા.

મહારાજને તો જતનબાનો ગર્વ ઉતારવો હતો. માટે આવું મનુષ્ય ચરિત્ર કહ્યું હતું. પણ જતનબાને મહારાજ ઉપર અણું જેટલો પણ અભાવ ન આવ્યો અને મહારાજમાં દિવ્યભાવ જાણીને કહેવા લાગ્યા કે "મહારાજ" તમારા પ્રતાપથી તો દહીં નહીં ખૂટે. અમારા બાજુના ઘરમાં હજુ ચાર ગોળી દહીંની ભરી છે. તે પણ તમને લાવી આપું. આવા મધુરા વેણથી મહારાજ રાજી થયા. જેમ દહીંના પાત્ર છલોછલ ભરેલા હતા. તેમ જતનબાનો પ્રેમપણ મહારાજ પ્રત્યે છલોછલ ભરેલો હતો. આમ, જતનબાનો અઢળક પ્રેમ જોઈ મહારાજ કહેવા લાગ્યા કે વાહ ! જતનબા વાહ તમારો અહંમ? મહારાજને પણ જતનબાના પ્રેમ પાસે મનને ઢીલું મુકવું પડ્યું. આવી મહારાજની લીલા જો અંતકાળે યાદ આવી જાય તો માણસનો બેડો પાર થઈ જાય.

"ધન્ય જતનફોઈના ધામે, એવી લીલા કરી ભગવાને
દૂધ-દહીંની રેલમછેલ ધન્ય ધન્ય ડાંગરવા ગામ."

ભક્ત આધિન ભગવાન

- અ.સૌ. હીનાબેન સંજયકુમાર ભોજાણી (મોરબી)

ભગવાન સ્વામિનારાયણ પ્રભુ ગુજરાતના હરિભક્તોને લાડ લડાવવા એમના મનોરથ પુરા કરવા ઉધ્ધવ સંપ્રદાયનો પાયો મજબુત બનાવવા શહેરે શહેર ગામડે ગામડે વિચરણ કરે છે. ક્યારેક કાઠી દરબારો સાથે ક્યારેક સંતો સાથે ભક્ત આધિન આજે અનરાધાર વરસી રહ્યા છે. ગુજરાતના ખૂણે ખૂણે પ્રભુ ભક્તોને અક્ષરધામનું સુખ પૃથ્વી ઉપર આપી રહ્યા છે. ભક્તોના મનોરથ સંકલ્પ પ્રભુ જાણતા હોય છે ને તેનો ભાવ પૂર્ણ કરવા ક્યારેક પોતે એકલા ભક્તના ઘેર પહોંચી જાય છે. કચ્છના કંથકોટમાં ગરીબ હરિભક્ત કચરા ભગતના ઘેર મહારાજ જાયને રીંગણા વેચવા બેસી જાય ! આમ ભક્તના સંકલ્પ પુરા કરવા મહારાજ સુરેન્દ્રનગર પાસેના મૂળીની નજીકમાં લીમલીમાં રામાઅવતારમાં કેવટને આપેલ વચન પૂર્ણ કરવા પહોંચી જાય છે. કેવટે રામ પ્રભુને નદી પાર કરવા ભાડું લીધેલું નહીં પણ વચન આપેલ. કેવટે માગેલ કે પ્રભુ આપ ભક્તોના રક્ષણ માટે યુગે યુગે એટલે કોઈપણ યુગમાં જન્મ ધારણ કરી ધર્મનું સ્થાપન કરી ભક્તોને સુખ આપો છો તો પ્રભુ આપ જ્યારે જ્યારે પૃથ્વી ઉપર પધારો ત્યારે જ્યાં પણ મારો જન્મ હોય ત્યાં મારે ઘેર અમોને સુખ આપવા પધારજો. પ્રભુ આજે ગામ લીમલીમાં સગરામ વાઘરી (પૂર્વના કેવટ)ને ત્યાં એકલા પધાર્યાને દરવાજો ખટખટાવ્યો. કુબામાંથી સગરામ બહાર આવ્યો. મહારાજ ઉભા છે. સગરામ કહે મહારાજ અત્યારે આપ ! મહારાજ કહે અમને બીક લાગે છે તું મને જલ્દી તારા કુબામાં સંતાડી દે નહીંતર હું પકડાઈ જઈશ. સગરામ કહે આવો પ્રભુ પધારો. સગરામનો ભાઈ શાર્દુલ બાજુમાં જ રહેતો હતો. બેય ભાઈ તથા મહારાજ સગરામના કુબામાં સૂતા. સગરામના પત્ની તથા શાર્દુલના પત્ની બીજા કુબામાં સૂતા. ત્યાં ગઢપુરમાં સવારે મહારાજના જાગવા સમયે મયારામભટ્ટે જોયું કે મહારાજ નથી. તેમણે સંતોને વાત કરી. રાત્રે મહારાજ અક્ષર ઓરડીયે સૂતા પછી હું

સૂતો હતો. અત્યારે મહારાજ નથી ક્યાં ગયા હશે ? મેં બધે તપાસ કરી મહારાજ તો રાત્રે ક્યાંક જતા રહ્યા હશે ! એકલા બ્રહ્માનંદ સ્વામી સંતો કાઠી દરબારોને લઈ મહારાજના પગેરે પગેરે શોધતા શોધતા લીમલી આવ્યા ને સીધા સગરામ વાઘરીને ત્યાં ગયા. કમાડ ખટખટાવ્યું સગરામ કહે ઓહો સ્વામી તમે અત્યારે ! સ્વામી કહે મહારાજ ગઢડાથી નીકળી ક્યાંક ગયા છે અમને ખબર નથી પણ શોધતાં શોધતાં આવ્યા છીએ તારે ત્યાં તો નથી આવ્યા ને ? સગરામ કહે લીમલીમાંતો મોટા હરિભક્ત જીવરામશેઠ છે ને તેના બંગલાને મુકી મારા કુબામાં મહારાજ કેવી રીતે આવે. અહીં નથી આવ્યા. બ્રહ્માનંદ સ્વામી કહે ગમે તે હોય અમને અંદર કુબામાં તપાસ કરવા દઈશ. સગરામકહે મારા પત્ની અંદર છે હું તેને બહાર કાઢું પછી આવજો. અંદર જઈ મહારાજને કહે સ્વામી આવ્યા છે. મહારાજ કહે હું વંડી ઉપર ચડી શાર્દુલના કુબામાં જતો રહું. મહારાજ તો બાજુના કુબામાં જવા વંડી ચડ્યા પણ એક પગની મોજડી પડી ગઈ. મહારાજ કહે સગરામ મારી મોજડી લાવ નહીંતર મોજડી જોઈ પકડાઈ જશું. સગરામ કહે હવે તો બીજી મોજડી આપો નહીંતર હું સ્વામીને કહીને પકડાવી દઈશ. મહારાજે બીજી મોજડી આપી. આજે પણ લીમલીમાં તે પ્રસાદીની મોજડી મોજુદ છે. સગરામ બહાર આવી કહે તપાસ કરો. મહારાજ નથી. સ્વામી કહે તારા ભાઈના કુબામાં તપાસ કરવી છે. સ્વામી અંદર તો અમારા ઘરના બૈરા છે. સ્વામી કહે તેને કહે બહાર નીકળે. મહારાજ સાંભળતા હતા હવે શું કરવું. પછી વિચારીને મહારાજ સગરામના ઘરનાને કહે તમારા પાસે તમારા નવા કપડા હોય તો આપો હું પહેરી લઉં. પછી આપણે બહાર નીકળી જાશું. ભક્તે પોતાના કપડા દીધા. મહારાજે કપડા પહેર્યા ને કુબામાંથી બહેનો બહાર નીકળ્યા. સ્વામી કહે સગરામ આ ત્રણ બહેનો કોણ છે ? સગરામ કહે સ્વામી જે આગળ રહ્યા તે મારા ઘરના છે. પાછળ મારા ભાઈ શાદુર્લના ઘરના છે. સ્વામી કહે વચ્ચે કોણ છે ? સગરામકહે સ્વામી એ તો અમારા મહેમાન છે. સ્વામી કહે અમે તમારા મહેમાનની ચાલ ઓળખી ગયા છીએ ને એ મહેમાનને લેવા માટે અહીં આવ્યા છીએ. મહારાજને લઈને સંતો ગઢપુર આવ્યા. સ્વામી કહે મહારાજ સગરામ ભક્ત ખરા પણ તેના ઘરવાળાના એવા શું પુણ્ય છે તમોએ તેને દર્શન દીધા તેના વસ્ત્રો ધારણ કર્યા. મહારાજ કહે રામાવતારમાં અમે સીતાજીને શોધવા નીકળ્યા ત્યારે શબ્લરી ભીલડીનો અંત સમય હતો. તેણે વચનના વિશ્વાસે આખી જીંદગી અમારી રાહ જોઈ અમે તેના અંત સમયે તેને મલ્યા તેના બોર ખાધા તેનો સંકલ્પ પૂર્ણ કર્યો તેને ધામમાં મોકલી દીધી. પણ તેને કોઈ સુખ આપેલ નહીં. કારણ અમારે સીતાની શોધમાં જવું હતું. શબરીનો અંત સમય પણ પૂર્ણ થયો હતો. આખી જીદંગી જેણે રામનામ સાથે પૂર્ણ કરી તે ઋણ ઉતારવા સગરામને ઘેર ગયા ને તેના ઘરના પૂર્વે શબરી હોવાને નાતે તેને તે સુખ આપેલ. કચ્છના કરણીબાને સંકલ્પ થયો કે આવા કપડામાં મહારાજ કેવા લાગતા હશે ! તો તેઓનો સંકલ્પ સિધ્ધ કરવા ફરીથી મહારાજે તેમને ત્યાં આવા વસ્ત્રો ધારણ કર્યા ને બ્રહ્માનંદ સ્વામી ત્યાં પણ પહોંચી ગયા ને કરણીબાને ત્યાં તો સ્વામીએ ૧૬ પદનું કીર્તન પણ બનાવ્યું "પહેરી ઘાઘરડો ઘેરારો રે ગોપી બન્યા ગિરધારી" બહેનો આપણે બધા ભાગ્યશાળી છીએ કે આપણને પણ આવું મહારાજનું ધર્મકુળ મળ્યું છે. આજે તેઓ દેશ વિદેશમાં ભક્તોના સંકલ્પ પુરા કરવા ઘેર સાથે બેસી જમી શકતા નથી. કદાચ આખો પરિવાર ચાર કે છ મહિને સાથે બેસી જમી શકતા હશે. આ બધું આપણા કલ્યાણ માટે તેઓશ્રી કરી રહ્યા છે. તો આપણે વચને બંધાયેલી છીએ તેમધર્મકુળ જ્યાં જ્યાં પધારે ત્યાં બહેનો ગાદીવાળાશ્રીના દર્શન કરી તેઓ જે આજ્ઞા કરેં તેને પાળવી. કોઈ બીજે જોડાવું નહીં પણ મહારાજમાં જોડે એવા સાંખ્યયોગીમાં જોડાવું તે પણ મૂર્તિ સુધી પહોંચવા માટે જ. ને જે દેશમાં રહેતા હોઈએ તે દેશમાં ધર્માદો તે દેશના મુખ્ય મંદિરે જરૂર પહોંચે તેમ કરવું ને બીજાને પણ પ્રેરણા કરવી. ધર્માદો પૂર્ણ સુખની ચાવી છે. પણ મહારાજની આજ્ઞા પ્રમાણે જ આપણા બે દેશના મંદિર સિવાય અન્યત્ર ધર્માદો ન અપાય તેનું ખાસ અનુસંધાન રાખવું. છેલ્લે અમે ધર્મકુળના છીએ. ધર્મકુળ અમારું છે તે ધર્મકુળ જ્યાં બિરાજતું હોય ત્યાંથી સદાય અમોને વફાદારીનું બળ રહે તેવા આશીર્વાદ આપતા રહો.

એકાદશી મહિમા

- સાં.યો. કંચનબા (સ્વા. મંદિર બાઈઓનું ધ્રાંગધ્રા)

શ્રીજી મહારાજે કહેલું છે જે, અમારે આશ્રિત સર્વે સત્સંગી તેમણે સર્વે જે એકાદશીઓ તેમનું વ્રત જે તે આદર થકી કરવું. વળી ધર્મ શાસ્ત્રમાં પણ કહેલું છે જે, સર્વ જનોએ એકાદશીનું વ્રત કરવું. તે દિવસે કામ, ક્રોધ, લોભાદિક સંબંધી ભૂંડા ઘાટ મનમાં થવા દેવા નહિ, અને દેહે કરીને કાંઈ ભૂંડુ આચારણ કરવું નહિ. એમ શાસ્ત્રમાં

વચન છે. અને તે શાસ્ત્ર પ્રમાણે જ અમે પણ કહીએ છીએ જે, એકાદશીને દિવસે ઢોર લાંધણ કરવી નહિ અને એકાદશી ઈન્દ્રિયોના આહારનો ત્યાગ કરે તે એકાદશી સાચી. ને તે વિના તો ઢોર લાંધણ કહેવાય, અને તેણે કરીને ભગવાન પ્રસન્ન થતા નથી. અને શ્વેત દ્વિપમાં નિરન્નમુક્ત છે. તે સદાય એ વ્રત કરે છે. માટે નિરન્ન મુક્ત કહેવાય છે. અને આપણે પણ ઈચ્છા તો એવી રાખવી જે જેવા શ્વેતદ્વિપમાં નિરન્નમુક્ત છે. તેવું જ થવું છે. પણ એ વાતમાં હિંમત હારવી નહી. એવી રીતે જે હિંમત રાખીને એકાદશીનું વ્રત કરે છે અને ભગવાનની કથા કીર્તનાદિક ને કરે ને સાંભળે ને રાત્રીએ જાગરણ કરે તો તે વ્રત સાચું છે. અને શાસ્ત્રમાં એનું જ નામ એકાદશી કહી છે.

આવી રીતે જે મનુષ્ય એકાદશીનું વ્રત કરે છે, તો તેણે ગમે તેટલા પાપ કરેલાં હોય, તો પણ તેનો નાશ થઈજાય છે. અને દેહને અંતે તે દેવતાના લોકને પામેછે. અને તે જ વ્રતને એ ભગવાનની ભક્તિએ સહિત ભગવાનની પ્રસન્નતા માટે કરેલું હોય તો ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે. એમાં જરા પણ સંશય નથી.

અજાણતા પણ એકાદશીનું વ્રત જેનાથી થયેલું હોય, તો તે આ લોકને વિશે સુખ અને પરલોકને વિશે કલ્યાણ પામે છે. એક એકાદશીનું પુણ્ય પણ જો કોઈને અર્પણ કરીએ તો તેનો પણ નર્ક થકી ઉધ્ધાર થાય છે. તો વ્રત કરનારનું કલ્યાણ થાય જ તેમાં સંશય નથી.

સર્વજનોએ એકાદશીનું વ્રત અવશ્ય કરવું જોઈએ. શ્રીજી મહારાજે પણ કહેલું છે જે "અમારા આશ્રિત સર્વજનો એ ચોવીસ એકાદશી, વામન દ્વાદશી, કૃષ્ણ જન્માષ્ટમી, રામનવમી, શિવ ચૌદશ અને નરસિંહ ચૌદશ આ વીસ+નવ (૨૯) વ્રતો તો અવશ્ય કરવા અને એ વ્રતોને જે મનુષ્ય કરે છે તેને જ શાસ્ત્રમાં વૈષ્ણવ કહેલો છે. અને તે મનુષ્ય દેહને અંતે આત્યંતિક મોક્ષને પામે છે. એમાં સંશય નથી.

માટે સર્વજનોએ એકાદશીનું વ્રત તો અવશ્ય કરવું.

●

વડનગરમાં શ્રીહરિએ કરેલી અદ્‌ભુત લીલા

- પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)

ઉંઝાથી મહેસાણા થઈ હીલ રેલ્વે જાય છે. તેમાં વનડગર રેલ્વે સ્ટેશન આવે છે. મહેસાણા જીલ્લાના ખેરાળું તાલુકાનું વડનગર શહેર છે. આ શહેર પ્રાચીન કિલ્લા બંધ ઉંચાણ જમીન પર વસેલું છે.

અહીં મંદિર સુંદર અને હવેલી ઘાટનું છે. દક્ષિણા બારનું છે. અને સુંદર દેખાવવાળું છે. લાલજી મહારાજ તથા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પ્રસાદીની છે. તે મૂર્તિ પરમપૂજ્ય આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજે સં. ૧૯૨૪ માં પૂજવા માટે આપી હતી. જે હવેલી ઘાટના મંદિરમાં છે. સં. ૨૦૧૭ના જેઠ વદી એકાદશીના દિવસે શ્રી હરિકૃષ્ણ મહારાજની ધાતુની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ કરેલીછે.

આ ગામમાં શ્રીહરિ ઘણી વખત આવેલા છે. તેથી આ ભૂમિ ઘણી પાવન છે. સ્ટેશનથી ઉતરીને શહેરમાં જતા દરવાજાની આગળ નીચાણના ભાગમાં નાગર બ્રાહ્મણોનું પ્રાચીન મોટું હાટકેશ્વર મહાદેવનું દેવાલય છે. તે ઘણું ઉંચુ અને સુંદર કોતરણી વાળું અને જોવા લાયક છે. ત્યાં શ્રીહરિ ઘણી વખત પધારતા અને શ્રીહરિએ ત્યાં દર્શન કરેલા છે. તેથી તે હાટકેશ્વર પ્રસાદીનું છે. ઉગમણી તરફ વિશાળ ઉડું સમિરા (શર્મિષ્ઠા) નામનું મહાન સરોવર છે. તે ગામની લાગોલાગ હોવાથી જેમ કાશી ગંગા તટ ઉપર શોભે છે. તેમાં શ્રીહરિએ સ્નાન કરેલું છે. તે તળાવની ઉત્તર દિશામાં ગરનાળા પાસે મોટો નાગઘરો છે. તે પથ્થરથી ચારેબાજુ બાંધેલોછે. તેના કિનારે નાગદેવની દેરી છે. તેમાં શ્રીહરિએ પરમહંસો સહિત સ્નાન કરેલું છે. તેમાં ચરણારવિંદ પધરાવ્યા છે. તેમાં ગણપતિ હનુમાનજી શંકર પાર્વતીની દેરીઓ છે. અહીં શ્રીહરિએ ત્રણ માસ રહી બ્રાહ્મણોને જમાડેલા.

વડનગરમાં શ્રીહરિ : દંઢાવ્ય દેશમાં આવેલું સુપ્રસિદ્ધ વડનગર ગામમાં અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમસ્વામિનારાયણ ભગવાન પોતાના સંતો પાર્ષદો સહિત અનેકવાર પધાર્યા હતા અને ત્યાંની ભૂમિને પવિત્ર કરેલી છે. અને સાથે અનેક લીલાઓ કરી છે. અનેક પરચાઓ આપી અધર્મનો નાશ કરી પોતાના ભક્તોની રક્ષા પણ કરી છે. જ્યારે જ્યારે પ્રભુ વિસનગર પધારતા હતા ત્યારે વડનગરમાં અવશ્ય પધારતા હતા ત્યારે ભક્તોના ભાવ પૂર્ણ કરતા હતા. વડનગરમાં આવેલા સરોવર ઉપર શ્રીહરિ ઘણી વાર સભા કરીને બેસતા. ઘણીવાર સ્નાન કરતાં. એકવાર વડનગરમાં ભક્તોનું આમંત્રણ હતું. ત્યારે પૂર્ણ પુરુષોત્તમસ્વામિનારાયણ ભગવાને બન્ને ગામના ભક્તોનો ભાવ પૂરો કરી એક સાથે દર્શન દીધા હતા.

પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્રશ્ન : ૧ સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, "હે મહારાજ મત્સર ઉપજ્યાનો શો હેતુ છે ?" તેનો ઉત્તર શ્રીહરિએ ક્યા વચનામૃતમાં આપ્યો છે. શો ?

પ્રશ્ન : ૨ "વેગે વહેતાં વારીમાં, પ્રતિબિંબ ન ભાસે રે, એમ ડગમગે દિલ જ્યાં લગી, ન બ્રહ્મ પ્રકાશે રે." - આ ઉક્તિ કોણે કહી છે ?

પ્રશ્ન : ૩ સંવત ૧૮૭૯ માં મહારાજે પંચાળામાં ક્યો ઉત્સવ કર્યો હતો જેમાં મહારાજ રાત્રીને વિશે કોના દરબારમાં રાસ રમ્યા હતા ?

પ્રશ્ન : ૪ એકવાર મહારાજ દંઢાવ્ય દેશમાં વિચરણ કરતાં હતા ત્યારે ગોવિંદજીભાઈને ત્યાં પધાર્યા. ત્યાં વાઘરોડા તળાવે મહારાજે જળક્રીડા કરી. તેમાં મહારાજને નાનાભાઈએ સવારમાં દાતણ અર્પણ કર્યું. તે દાતણ ક્યા વૃક્ષનું હતું ? અને આ લીલા ક્યા ગામની છે ?

પ્રશ્ન : ૫ અમે વારે વારે શ્રી નરનારાયણદેવનું મુખ્યપણું લાવીએ છીએ, તેનું તો એજ હારદ છે જે, શ્રીકૃષ્ણ પુરુષોત્તમઅક્ષરધામના ધામી જે શ્રી નરનારાયણ તે જ આ સભામાં નિત્ય બિરાજે છે. તે સારુ મુખ્યપણું લાવીએ છીએ." આ અમૃતવચનો ક્યા વચનામૃતમાં કોણે કહેલા છે ?

પ્રશ્ન : ૬ "તેની ઉપર બે છાપું રે, કંઠે કસ્તુભ મણી ઝળકે વામકરણમાં બિન્દુ રે કાને કુંડળ લળકે." આ શ્રીહરિના સ્વરૂપના સુંદર દિવ્ય સ્વરૂપનું વર્ણન કરનાર કવિ કોણ હતા ?

પ્રશ્ન : ૭ "આ ગામમાં અમે ઘેર ઘેર સો વાર ફર્યા છીએ. અને ઘેર ઘેર ભોજન કર્યા છે....." તો જે ગામનું નામ શ્રીજી મહારાજ સ્વયં વખાણતાં હોય જેને ગોકુળ વૃંદાવન કરતા અધિક કહેતા હોય તે ગામનું નામજણાવો.

ઓકટોમ્બર-૨૦૦૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો

(૧) कृतमुपकारं हन्तिवाचा प्रलापेन, આપણે એના ઘણા ઉપકાર કર્યા હોય, ઘણું તમે એનું કાર્ય કરી દીધું હોય, છતાં અનેક જગ્યાએ બોલતાં ફરે કે એણે મારા માટે કંઈ નથી કર્યું. મારે તો માંરા નસીબમાં હતું ને મળ્યું. આ જગતની વાણી જે બોલતા હોય એ કૃતઘ્ની કહેવાય. (૨) સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી. (૩) "ભગવાન શ્રીહરિના ઉપદેશથી તો ઘણાં કંટીલા સ્વભાવવાળા સુધરી ગયા છે ને સાધુ ચરિત જીવન ગુજારવા લાગ્યા છે. જ્યારે તને તો પ્રગટ ભગવાને પાવન કરી છે છતાં પણ તારો કાંટાળો સ્વભાવ ન બદલ્યો !" ત્યાં તો બોરડીના તમામ કાંટા ખરી પડ્યા. (૪) કાર્તિક માસના શુકલ પક્ષની નવમીની રાત્રીએ. (૫) તે અસુર બીજા અસુરોને કહેવાને માટે દોડીને જતો હતો એવામાં જમીન ઉપર પડી જતાં, કાષ્ઠના હાથી સાથે અથડાતા તેનું માથુ ફૂટી ગયું. તે મૃત્યુ પામ્યો. (૬) ગઢડા પ્રથમનું-૬૨ મું વચનામૃત. (૭) સ.ગુ. પ્રેમાનંદ સ્વામી.

નોંધ : પ્રશ્નપેટી વિભાગના વ્હાલા પ્રિય ભક્તજનો....

આ માસમાં અમે અમારા પ્રશ્નપેટીમાં નિયમિત લાભ લેતા વ્હાલા ભક્તજનોના નામપ્રકાશિત કર્યા નથી. પરંતુ પ્રશ્ન પેટીના સૌ સભ્યોને સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનને અત્યન્ત પ્રિય જેતલપુરધામમાં બિરાજમાન મહાપ્રતાપી "શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ" આપ સૌના શુભ મનોરથ નૂતન વર્ષમાં પૂર્ણ કરે, શ્રીહરિના કલ્યાણકારી ચરણ રજના સ્પર્શનું સુખ લેવા અને આવીજ રીતે ભગવાનના દિવ્ય પ્રશ્નપેટી વિભાગમાં ખૂબ પ્રેમથી મહેનતથી જવાબ આપો છો. એવીને એવી આપની શ્રધ્ધા ભક્તિ વધે એવી નવા વર્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા શ્રી જેતલપુર મંદિરના મહંત સ્વામી એવમ્ ગુરુવર્ય પૂજ્ય આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામીના શુભાશીર્વાદ સહિત નૂતન વર્ષાભિનંદન.

(પ્રશ્નપેટી વિભાગ)

સંચાલક : સાધુ ભક્તિનંદનદાસ, જેતલપુરધામ.

સત્સંગ સમાચાર

શ્રી નરનારાયણદેવના દિવ્ય સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૩૬ મો પ્રાગટ્યોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૩૬ મો પ્રાગટ્યોત્સવ સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં આસો સુદ-૧૦ વિજયા દસમીના શુભ દિને ધામધૂમથી ઉજવાયો.

સૌ પ્રથમ શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપો મંદિરમાં પધાર્યા અને ઠાકોરજીની શણગાર આરતી ઉતારીને સભામાં વિરાજમાન થયા. વિદ્વાન પંડિતોએ વેદ પરંપરાગત સ્વસ્તી વાચન કર્યું હતું. ત્યારબાદ વડીલ સંતો, સ્કીમકમિટીના સભ્યશ્રીઓ અને અગ્રગણ્ય હરિભક્તોએ સમૂહ આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. જમીયતપુરાના શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંત) એ આજનું સભા સંચાલન સુંદર રીતે સંભાળ્યું હતું. જેતલપુરથી પૂજ્ય પી.પી. સ્વામીએ આજના શુભ દિને ધર્મવંશીનું સુંદર માહાત્મ્ય સાથે સુંદર વાતો કરી. આજે યુવા સંતોએ પોતાની ભાવના શુભેચ્છા સુંદર રીતે વર્ણવી હતી. પ્રાસંગિક સભામાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ આજે સુંદર વાતો કરીને પોતાની ભાવના શુભેચ્છા વ્યક્ત કરી અમદાવાદ શહેરના સુપ્રસિદ્ધ ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રી મનુભાઈ એન્ડ કું. વાળા શ્રી મનુભાઈને તેમના જન્મદિવસ નિમિત્તે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ તેમનું બહુમાન કરીને આશીર્વાદ આપ્યા હતા.

પૂજ્ય પી.પી. સ્વામીએ સમસ્ત સત્સંગને આગામી જેઠ સુદ-૧૧ ના પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના ૨૦૦ મી જન્મજયંતી "ધર્મકુળ વંદના મહોત્સવ" ધામધૂમથી ઉજવવાની જાહેરાત કરી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રી એ રૂડા આશીર્વાદ આપ્યા હતા. *(શાસ્ત્રી ધર્મકિશોરદાસ)*

અમદાવાદ મંદિરમાં દિવાળી પ્રસંગે ચોપડા પૂજન અન્નકૂટોત્સવ ધામધૂમથી ઉજવાયા

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં આસો સુદ-૧૪ કાળી ચૌદશના શ્રી હનુમાનજીનું પૂજન અર્ચન આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયું.

તા. ૨૮-૧૦-૦૮ના દિવાળીના શુભ દિને સાંજે ૬-૦૦ કલાકે પ્રસાદીના સભા મંડપમાં સમૂહ શારદા પૂજન ચોપડા પૂજન વેદ પરંપરાગત રીતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયું. એક હજાર ઉપરાંત વહેપારી હરિભક્તોએ ચોપડા પૂજનનો મહા લાભ લીધો.

આ પ્રસંગને દૂર દર્શન, ઈ.ટી.વી. અને આઈ.બી. એન-૭ ની કેમેરા ટીમે કવરેજ કરીને ગુજરાતની ધાર્મિક પ્રજાને તેના લાઈવ દર્શન કરાવ્યા હતા. પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી કોઠારી રામાનુજ સ્વામી, વી.પી. સ્વામી, વિષ્ણુ સ્વામી, મુકુન્દ સ્વામી, શાસ્ત્રી ડી. કે. સ્વામી આદિ સંત મંડળે સુંદર આયોજન કર્યું હતું.

નૂતન વર્ષના શુભ મંગલદિને પ્રાતઃ ૫-૦૦ કલાકે શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોએ શ્રી નરનારાયણદેવોની મંગળા આરતી અને શણગાર આરતી ઉતારીને સંત-હરિભક્તોને દર્શનનો અલૌકિક લાભ આપ્યો હતો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ બેઠકમાં બિરાજીને સૌને નૂતન વર્ષના દર્શન આશીર્વાદ આપ્યા હતા. બપોરે ૧૨-૦૦ કલાકે અન્નકૂટ આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા માહરાજશ્રીએ ઉતારી હતી. આજે શહેરના હજારો હરિભક્તો આખો દિવસ દર્શન કરવા પરિવાર સહિત મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

અન્નકૂટની સેવામાં મહંત સ્વામીના માર્ગદર્શનથી ગઢપુરના મુકુન્દ સ્વામી, વી.પી. સ્વામી, કોઠારી રામાનુજ સ્વામી, શા. ડી. કે. સ્વામી, વિષ્ણુ સ્વામી, કોઠાર સ્ટાફ, બાપુનગરના હરિભક્તો એ સુંદર સેવા બજાવીને શ્રી નરનારાયણદેવ અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. *(કલ્પેશ પટેલ)*

અમદાવાદ મંદિરમાં શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય પંચાન્હ પારાયણ

સર્વાવતારી શ્રી નરનારાયણદેવના દિવ્ય સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી શ્રીહરિ પ્રસન્નાર્થે અ.નિ.પ.ભ. નટુભાઈ સોમાભાઈ મોદી પરિવાર તરફથી તા. ૩૧-૧૦-૦૮ થી તા. ૪-૧૧-૦૮ પર્યન્ત શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય પંચાન્હ પારાયણ કોઠારી શાસ્ત્રી રામાનુજદાસજીના વક્તાપદે થઈ હતી. વક્તા સંતની સૌ પ્રથમ પારાયણ હતી. છતાં પણ શ્રીજી મહારાજની કૃપા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અસ્ખલિત મધુર વાણીનો પ્રવાહ હરિભક્તોના મન અને હૃદયને ખેંચતો હતો. સતત પાંચ દિવસ સુધી યજમાન પરિવારોએ અને શ્રોતાઓએ

કથાનું સુંદર રસપાન કરીને જીવન ધન્ય બનાવ્યું.

(ડી. કે. શાસ્ત્રી)

અમદાવાદશ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા સત્સંગ સભાઓ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ્વામીના માર્ગદર્શન મુજબ કોઠારી રામાનુજ સ્વામી અને શા. ધર્મકિશોરદાસ અને સંત મંડળ દર એકાદશીના જીવરાજપાર્ક શ્રી સ્વામિનારાયણ મંદિર રાત્રી સત્સંગ સભામાં વચનામૃત-સત્સંગિજીવન, શિક્ષાપત્રી જેવા શાસ્ત્રો ઉપર વિવેચન, કથા, કીર્તન, ભક્તિ, નિત્ય-નિયમ અને ધર્મકુળ માહાત્મ્યની અલૌકિક વાતો કરીને હરિભક્તોને સત્સંગનું સુખ આપે છે. મેમનગરશ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પણ સંતોએ હરિભક્તોને કથા વાર્તા દ્વારા સુંદર લાભ આપ્યો હતો. *(ભીખુભાઈ)*

અમદાવાદ મંદિરમાં શરદોત્સવ

આસો સુદ-૧૫ શરદ પૂર્ણિમાના શુભ દિને શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં મંદિરના વિશાળ ચોકમાં સુંદર દેદિપ્યમાન સફેદ વસ્ત્રોનો મંડપ બનાવવામાં આવેલ. જેમાં ઠાકોરજી પધરાવવામાં આવ્યા હતા. શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળે ઓચ્છવની રમઝટ બોલાવી હતી. સંતો-હરિભક્તો સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. રાત્રે ૧૦-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા અને ઓચ્છવ મંડળની પરંપરાગત કીર્તન ભક્તિનો આનંદ માણીને ઠાકોરજીની આરતી ઉતારી સૌને દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો. મહંત સ્વામીની પ્રેરણાથી શા. રામાનુજદાસ અને મુકુન્દ સ્વામીએ સુંદર આયોજન કર્યું હતું.

(ઈશ્વરભાઈ એમ. પટેલ)

અમદાવાદ મંદિરમાં યોજાયેલ મેડીકલ કેમ્પો

ગુરુપૂર્ણિમા, પ.પૂ. લાલજી મહારાજશ્રીનો પ્રાગટ્યોત્સવ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાગટ્યોત્સવના ઉપલક્ષમાં મેડીકલ કેમ્પો યોજાયા હતા.

જેમાં નાક, કાન અને ગળાના રોગના મેડીકલ કેમ્પમાં ડો. સી.એસ. ગોહીલે સેવા આપી હતી. જેમાં ૮૦ જેટલા દર્દીઓને તપાસેલ તથા આંખના રોગોમાં ઝામર, મોતીયો, ત્રાંસી આંખ, વેલ વગેરેનું નિદાન ડૉ. કુંદનબેન ગજજરે કર્યું હતું. ૧૭૦ જેટલા દર્દીઓએ લાભ લીધેલ. ૨ દર્દીના મોતીયાના ઓપરેશન ફ્રી માં કરવામાં આવેલ.

હૃદયરોગ, ડાયાબીટીસ, ફેંફસા, બ્લડ પ્રેસર, દમ અને ટી.બી.ના ૧૪૦ જેટલા દર્દીઓને તપાસેલ જેમાં ડૉ. દેવેન્દ્રભાઈ ગઢાદરા અને ડૉ. વિશાલ ભટ્ટે સેવા આપી હતી. જેમાં ૬૨ વ્યક્તિને કાડિયો ગ્રામફ્રી, ૮૦ વ્યક્તિઓને ડાયાબીટીસ ફ્રી ચેકઅપ કરેલ.

આપણી ટર્ફ સ્કુલમાં તા. ૩૦-૯-૦૮ના જરૂરીયાતમંદ બાળકોને દાંતની સારવાર આપવામાં આવેલ. કુલ ૫૦૦ બાળકોને તપાસવામાં આવ્યા હતા. ડૉ. નિયની, ડૉ. પૂજા તલાટી અને અન્ય ડોકટરોની સેવા લેવામાં આવી હતી. તમામ કેમ્પોનું આયોજન ડૉ. રમેશભાઈ પરીખની રાહબરી હેઠળ થયું હતું. જેમાં ડૉ. અરવિંદભાઈએ પણ સેવા આપી હતી. જેમાં ડૉ. કિરીટભાઈ શાહે જરૂરી સાધનો ડૉકટરો અને અન્ય મદદ પુરી પાડી હતી. તેમજ ડૉ. રોહિતભાઈ વિદ્યાર્થી, ડૉ. પ્રતિક ઠક્કર, ડૉ. રૂપિન શાહ, ડૉ. આર્શવી શાહ, ડૉ. પાર્થ, ડૉ. રાહુલ, ડૉ. નિશીથ વગેરે ડોકટરોની ટીમે બાળકોને તપાસીને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

(ડૉ. રમેશભાઈ પરીખ)

શ્રી રંગમહોલ ઘનશ્યામમહારાજનો પાટોત્સવ

કારતક સુદ-૧૨ના રોજ અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રંગમહોલમાં વિરાજમાન શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રીહરિકૃષ્ણ મહારાજને મહાભિષેક ષોડશોપચાર પૂર્વક વેદ વિધિસર રીતે ધામધૂમથી સંપન્ન થયો. યજમાન પરિવારના પ.ભ. રમેશભાઈ વિરચંદભાઈ પારેખે પ.પૂ. મહારાજશ્રીને પુષ્પહાર પહેરાવી પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. હજારો સંત હરિભક્તોએ પાટોત્સવ અને અન્નકૂટ દર્શન કરી ધન્ય ધન્ય બન્યા હતા. પૂજારી જ્ઞાન સ્વામીએ અલૌકિક અન્નકૂટ ઠાકોરજી માટે બનાવીને શ્રી ઘનશ્યામમહારાજ અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. *(શા. ભક્તિ સ્વામી)*

નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર

. સાબરમતીના તીરે આવેલા સુપ્રસિદ્ધ તીર્થ નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન સર્વોપરિ શ્રી ઘનશ્યામમહારાજના શુભ સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં શરદ પૂર્ણિમાના રોજ ભવ્ય રાસોત્સવ યોજવામાં આવેલ.

જેમાં સંત-હરિભક્તોએ સાથે રાસ રમી દિવ્યાનંદ માણ્યો હતો. આજના પ્રસંગના યજમાન પ.ભ. મગનભાઈ એન. રામાણી અને પ.ભ. હરેશભાઈ એન. રામાણી રહ્યાં હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં સંત-હરિભક્તોએ લાભ લીધો હતો. સારો રાસ રમનારને ઈનામ આપવામાં આવેલ. મંદિરના વિશાળ ચોકમાં સર્વોપરિ શ્રી ઘનશ્યામમહારાજની પ્રતિમા સમક્ષ ચાંદીના વાસણોથી સ્ટેજ સુશોભીત કરવામાં આવ્યું હતું. અત્રેના મહંત સ્વામી દેવપ્રકાશદાસજીએ સમગ્ર પ્રસંગનું સુંદર આયોજન કર્યું હતું.

સભા સંચાલન નાના પી.પી. સ્વામીએ સંભાળ્યું હતું. બદપુરા અને ઈશ્વરપુરા ગામના હરિભક્તોએ દૂધની સંપૂર્ણ સેવા કરી હતી. હરિભક્તોએ દૂધ પૌંવાનો પ્રસાદ લઈ રાસની મજા માણી, દર્શન કરી દિવ્યાનંદ માણ્યો.

(શા. ચૈતન્યસ્વરૂપદાસ)

કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા (રામબાગ) ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આસો સુદ-૧૪ કાળી ચૌદશના મારૂતિ યજ્ઞ પ્રસંગે પ.પૂ. મોટા

મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે યજ્ઞનું શ્રીફળ હોમી યજ્ઞની પૂર્ણાહુતિ વેદ વિધિસર થઈ હતી.

ઝયારબાદ પ્રાસંગિક સભામાં યજમાનોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી પુષ્પહાર પહેરાવી આશીર્વાદ મેળવ્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રીએ પોતાના દાદા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી પ્રસ્થાપિત ધર્મકુળના કુળદેવતા બાલ સ્વરૂપ કષ્ટભંજન દેવનો મહિમા માહાત્મ્ય સાથે સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા. અને ત્યારબાદ શ્રી કષ્ટભંજન દેવની આરતી ઉતારી હતી. જેના દર્શન હજારો ભક્તજનોએ કર્યા હતા.

<u>લાભ પાંચમ સમૈયો</u>

અત્રે લાભ પાંચમના કષ્ટભંજનદેવના સમૈયા પ્રસંગે આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહરાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે શ્રી બાલસ્વરૂપ કષ્ટ ભંજન દેવનો અભિષેક સુંદર રીતે સંપન્ન થયો.

પ્રાસંગિક સભામાં પૂજ્ય લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે આજના શુભ દિને કષ્ટ ભંજનદેવના દર્શન કરીને રાજીપો મેળવીને કષ્ટ દૂર કરવા પ્રાર્થના કરવી. તો કષ્ટભંજન દેવ આપણું દુઃખ-કષ્ટ જરૂર દૂર કરશે. તેમ જણાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. હરિભક્તોએ પૂ. લાલજી મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યાર બાદ ૮-૩૦ કલાકે અન્નકૂટ ધરાવવામાં આવેલ. પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પણ દર્શનાર્થે પધાર્યા હતા. અને સંત-હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ બન્ને ગાદીવાળાશ્રી દર્શનાર્થે પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદનું દિવ્ય સુખ આપ્યું હતું.

પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીએ આ પ્રસંગે અત્રેના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી, મહંત સ્વામી આનંદપ્રસાદદાસજી (મથુરા), પૂજારી દેવ સ્વામી અને શા. યજ્ઞપ્રકાશદાસજીની સેવા-પૂજાથી રાજી અને પ્રસન્ન થઈ નવા વર્ષના રૂડા આશીર્વાદ આપ્યા હતા. *(નરોત્તમભગત)*

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ દ્વારા સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયમાં પૂજ્ય મહારાજશ્રીની ઉપસ્થિતિમાં ભવ્ય અને આકર્ષક રીતે ઉજવાયેલ શારદીય મહોત્સવ

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી દ્વારા સંસ્થાપિત એવં પૂજ્ય મોટા મહારાજશ્રીના પૂર્ણ રાજીપાની સાથે-સાથે પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની સીધી દેખરેખ અને આજ્ઞાથી સંચાલિત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય અક્ષરમહોલવાડી જેતલપુરમાં અભ્યાસ કરતાં બન્ને ગાદીનાં સંતો-પાર્ષદો તેમજ ભૂદેવ બાળકો દ્વારા ખૂબજ ભવ્ય રીતે સાંસ્કૃતિક કાર્યક્રમ સહિત શારદીય મહોત્સવ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં તા. ૮-૧૦-૦૮ના રોજ ઉજવવામાં આવેલ. આ પાવન પ્રસંગે પ્રારંભમાં પૂજ્ય મહારાજશ્રીએ વિદ્યાદેવી સરસ્વતીનું ષોડશોપચારથી પૂજન-અર્ચન-આરતી કરી ત્યારબાદ દિપ પ્રાગટ્ય દ્વારા સંતોએ સાંસ્કૃતિક કાર્યક્રમનો શુભારંભ કર્યો. જે કાર્યક્રમ દર વર્ષ કરતાં વૈવિધ્યતાસભર હોવાથી પૂજ્ય મહારાજશ્રી તેમજ મહેમાન સંતો-ભક્તોએ મન મૂકીને માણ્યો હતો. આ કાર્યક્રમમાં વૈદિક લૌકિક મંગલાચરણ બાદ દાંડીયારાસ, ડાંગીરાસ, ભાંગડાનૃત્ય, બ્રેક ડાન્સ તેમજ અનેકવિધ યોગાસનોએ ઉપસ્થિત તમામ દર્શકોનાં મનને પ્રફુલ્લિત કરી દીધા હતા. લગભગ સાડાત્રણ કલાક કાર્યક્રમ ચાલ્યો ત્યાં સુધી પૂજ્ય મહારાજશ્રી સહિત સંત-હરિભક્તોએ એકાસને કાર્યક્રમ મન મૂકીને માણ્યો હતો. છેલ્લે શ્રી સ્વામિનારાયણનાં સનેડા બાદ પૂજ્ય મહારાજશ્રીના અંતરના આશીર્વાદનાં અંતે કાર્યક્રમને સમાપન કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ જેમનાં માધ્યમથી થયેલ તેવા મુળીના સંત શા.સ્વા. સત્યસ્વરૂપદાસજીને પૂજ્ય મહારાજશ્રીએ પ્રસન્નતાની સાથે રાજીપાનો હાર પહેરાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ પૂજ્ય મહારાજશ્રીની સાથે જેતલપુરના મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂજ્ય પી.પી. સ્વામી, કાંકરિયા મંદિર મહંત ગુરુપ્રસાદદાસજી, આનંદ સ્વામી, વી.પી. સ્વામી વગેરે સંતોએ પણ નિહાળ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમના યજમાનપદે ધર્મકુળ હતું તથા મહાપ્રસાદના યજમાન શ્રી રવિન્દ્રભાઈ તથા શ્રી ભરતભાઈ પટેલ રાણીપવાળા અને લંડનના પ.ભ. શ્રી કલ્યાણભાઈ પટેલ હ. સાં.યો. શ્રી મેઘનાબેન (ગઢપુરવાળા) રહ્યાં હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત આત્મીય હરિભક્તો પ્રસાદ લઈને છૂટા પડ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સુવ્યવસ્થિત સંચાલન વાડીના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિઓંપ્રકાશદાસજીએ કર્યું હતું.

(મહંત કે.પી. સ્વામી, જેતલપુર)

હર્ષદ કોલોની સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના આયોજનથી તા. ૧૪-૯-૦૮ ને રવિવારના રોજ બપોરના ૧૨ થી સાંજના ૫ કલાક સુધી શ્રી નરનારાયણ સોસાયટીની વાડીમાં શ્રી ઘનશ્યામબાળ મંડળના રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળ મંડળના દરેક વિદ્યાર્થીએ ખોખો, કબડ્ડી, કોથળા દોડ, લીંબુ ચમચી, સંગીત ખુરશી, ફુગા ફોડ, ચોકલેટ શોધ, બિસ્કીટ ખાવાની હરિફાઈ, સ્લો સાયકલ તથા ધાર્મિક પ્રશ્નોત્તરી વગેરે રમત-ગમત સ્પર્ધામાં ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અને એ રીતે દર રવિવારની ધાર્મિક સભાથી કંઈક નવીન બાલ સહજ આનંદ પ્રાપ્ત કર્યો હતો.

રમતોત્સવના અંતે ઈનામ વિતરણ કરી દરેક બાળકોને નાસ્તારૂપે પ્રસાદ આપવામાં આવ્યો હતો.

(ગોરધનભાઈ સીતાપરા)

મેઘાણીનગર મંદિરમાં બાળસભા

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર મેઘાણીનગર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ બાળ મંડળની સ્થાપના કરી ત્યારથી નિયમિત બાલ સભા થાય છે. હવે તો આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી બાળ સભાનું વિશેષ ધ્યાન રાખે છે. અહીનું બાળ મંડળ ૧૨ વર્ષ પુરા કરી ૧૩ માં વર્ષમાં પ્રવેશ કરે છે. દર રવિવારે બાળ સભામાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત અને સત્સંગનું પાયાનું જ્ઞાન આપવામાં આવે છે. તેમજ બાળકોને પેન-પેન્સીલ, કંપાસ, નોટબુક, ફૂટ વગેરે ઈનામરૂપે આપવામાં આવે છે. ધો-૧ થી ૧૦ સુધીના સારા ટકાએ પાસ થયેલ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવેલ. **૪૦ બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.** પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી બાળ મંડળની ખૂબજ પ્રગતિ થઈ છે.

(રણછોડભાઈ દેવાણી)

ચાંદખેડા જનતાનગરમાં રાત્રી કથા પારાયણ

અમદાવાદના ખૂબજ વિકસીત એરીયા ચાંદખેડાના જનતાનગર ન્યુ સી.જી. રોડ વિસ્તારમાં તા. ૧૯-૧૦-૦૮ થી ૨૫-૧૦-૦૮ પર્યન્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીકૃત યમદંડની કથા રાત્રે ૯ થી ૧૧-૩૦ દરમ્યાન શાસ્ત્રી ધર્મકિશોરદાસજી (ડી. કે. સ્વામી) ગુરુ મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજીના વક્તાપદે મધુર કંઠે સુંદર વાણીમાં થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો.

આ પ્રસંગે રોજે રોજ આપણા સંતો પધારતા હતા અને તેમની અમૃતવાણીનો લાભ આપતા હતા. જેમાં કોટેશ્વર ગુરુકુળથી શા. રામસ્વામી, અભયપ્રકાશદાસ, જમીયતપુરાથી વિજય સ્વામી, ચંદ્રપ્રકાશદાસ અમદાવાદ મંદિરથી કોઠારી રામાનુજ સ્વામી, ગઢપુરના શા. હરિપ્રસાદદાસજી, બળદેવ સ્વામી, હરિજીવન સ્વામી, સૂર્યપ્રકાશદાસજી, ધર્મકિશોરદાસ આદિ અનેક સંતો પારાયણ દરમ્યાન પધાર્યા હતા. અત્રેના હરિભક્તોએ યમદંડની કથાનું પાન કરી જીવન સુફળ બનાવ્યું.

(મુકુન્દ સ્વામી)

નવા વાડજ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી હરિભક્તોએ દિવાળીના પ્રસંગમાં મંદિરમાં કથા-વાર્તા-વિશેષ કરી હતી અને સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીનું જીવન ચરિત્ર કથા તેમજ ધૂન કીર્તન આદિ કરીને ઠાકોરજીની આરતી ઉતારવામાં આવી હતી.

(શંભુભાઈ પટેલ)

દહેગામ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મદિરમાં તા. ૨૭-૧૦-૦૮ ના રોજ કાળી ચૌદશના રોજ સાંજે ૬-૦૦ વાગે માકૃતિયજ્ઞ અને તા. ૨૯-૧૦-૦૮ના નૂતન વર્ષના મંગલ દિને ઠાકોરજી સમક્ષ ૧૧૦ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવેલ. હરિભક્તો દર્શન કરીને ખૂબજ આનંદિત થયા હતા.

(અરવિંદભાઈ કોઠારી)

માણસા મંદિર

શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં તા. ૨૪-૯-૦૮ના રોજ અત્રે માણેકપુર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (ચૌધરી) દ્વારા સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં શા. ઘનશ્યામસ્વામી, પી.પી. સ્વામી (માણસા) વિજય સ્વામી વગેરે સંતોએ કથા વાર્તાનો લાભ આપેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

(ચંદ્રપ્રકાશદાસ)

આદિશ્વરનગર નવા નરોડા મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા હરિભક્તોના સાથ સહકારથી સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણ સમક્ષ નૂતન વર્ષના વિવિધ પ્રકારના વ્યંજનોથી ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવેલ. હરિભક્તોએ કથા-વાર્તા કીર્તન ભક્તિ અને ધૂન અને રાસ રમ્યા હતા. સૌ હરિભક્તો દર્શન કરી કૃત્ય કૃત્ય થયા હતા. પ.ભ. નવિનભાઈ આદિ હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી.

(ચાવડા ઠાકરસીભાઈ)

વિસનગર

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા શ્રી સહજાનંદ કિશોર મંડળ દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાગટ્યોત્સવના ઉપલક્ષમાં સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વ જીવ હિતાવહ સંદેશને લોકો સુધી પહોંચાડવામાં સર્વજીવ હિતાવહ રેલી યોજાઈ. જેમાં ભાઈ બહેનોએ શિક્ષાપત્રીના સર્વજીવ હિતાવહ સિદ્ધાંતોના બેનરો સાથે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણ કમળોથી અંકિત પ્રસાદીના તમામ સ્થળોના દર્શન કરી રેલી ગામમાં ફરી હતી. છેલ્લે પ્રસાદીના ભીમનાથ મહાદેવ ખાતે સત્સંગ સભા થઈ હતી. જેમાં હરિભક્તોએ પ્રસંગોચિત કથાવાર્તા કરી હતી.

(કલ્પેશકુમાર ભાવસાર)

હનુમાનજી મંદિર અસારવા (જુના સ્વા. બાગ) ખાતે માકૃતિ યજ્ઞ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના જુના નિવાસ સ્થાન શ્રી સ્વામિનારાયણ બાગ (શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવા) આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ

પ્રસ્થાપિત કરેલા પ્રસાદીના વીર હનુમાનજીના નૂતન મંદિરને એક વર્ષ પૂર્ણ થતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૧૬-૧૦-૦૮ના રોજ મારૂતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણાથી પ.ભ. અજયભાઈ પટેલ અને શ્રી રમેશભાઈ પટેલે યજમાનનો લાભ લીધો હતો. સવારથી સાંજ પર્યન્ત વિધિ ચાલ્યો હતો. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને પોતાના શુભ વરદ્ હસ્તે પૂજન-અર્ચન કરી આરતી ઉતારી યજ્ઞમાં શ્રીફળ હોમી યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. સૌ ભક્તજનો શ્રી કષ્ટભંજનદેવ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના દર્શન કરી ખૂબ ધન્ય બન્યા હતા.

(શા. સત્યપ્રકાશદાસ)

કરજીસણ મંદિરમાં ૬ઠ્ઠો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

કરજીસણ શ્રી નરનારાયણદેવ ગાદીના તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૬ઠ્ઠો વાર્ષિક પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે તા. ૨૩-૧૦-૦૮ને ગુરુવારના રોજ પ.ભ. નરોતમદાસ મોતીદાસ પટેલના સુપુત્ર પ.ભ. અશ્વિનભાઈ પટેલ (ફલોરિડા અમેરિકા) તથા પ.ભ. મુકેશભાઈ પટેલના યજમાન પદે ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે વડનગરના સ.ગુ. શા. સ્વામી નારાયણવલ્લભદાસજી તથા પ.ભ. પ્રહલાદભાઈ વિ. પટેલના માર્ગદર્શન મુજબ શોભાયાત્રા, મહાપૂજા, અન્નકૂટ વગેરેનું મંગલ આયોજન કરવામાં આવ્યું હતું. અત્રેના યુવાન કોઠારી કૌશિકભાઈ પટેલ તથા અન્ય યુવા હરિભક્તોએ ખૂબજ ઉત્સાહથી રસ લઈ પ્રસંગ દિપાવ્યો હતો. સભા સંચાલન શા. સ્વામી નારાયણવલ્લભદાસજીએ સંભાળ્યું હતું. આ પ્રસંગે વડુ, ડાંગરવા, ભાઉપુરા, મોખાસણ આદિ ગામોના હરિભક્તોએ દર્શનનો અલૌકિક લાભ લીધો હતો.

(પ્રહલાદભાઈ વિ. પટેલ, ન્યુજર્સી)

નાથદ્વારા (રાજસ્થાન) મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

નાથદ્વારા (રાજસ્થાન) શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે તા. ૭-૧૧-૦૮ના રોજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ વેદ વિધિસર ધામધૂમથી સંપન્ન થયો.

પ્રાસંગિક સભામાં યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન ભેટ ધરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ અત્રેના સ.ગુ. ભંડારી જાનકીવલ્લદાસજી સ્વામી, મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી, શા. સ્વા. અખિલેશ્વરદાસજી આદિ સંત મંડળે પુષ્પહાર પહેરાવી પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૧૪-૧૧-૨૦૦૮ થી ૧૫-૧૧-૨૦૦૮ દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રી સંત હરિભક્તો સાથે અત્રે દર્શનાર્થે પધાર્યા હતા.

(અચલપ્રકાશદાસ)

વડું (તા. કલોલ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી વડુ ગામે પ.ભ.અ.નિ. ભીખાભાઈ ગોરધનદાસના સ્મરણાર્થે તા. ૯-૧૧-૦૮ થી તા. ૧૧-૧૧-૦૮ સુધી શ્રીહરિ ઐશ્વર્ય દર્શનની ત્રિદિનાત્મક કથા પારાયણનું આયોજન શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તા પદે થયું હતું. આ પ્રસંગે સમગ્ર ધર્મકુળે પધારી શુભાશીર્વાદ આપ્યા હતા. સભા સંચાલન શા. સ્વા. નારાયણવલ્લભદાસજીએ કર્યું હતું. યજમાન પરિવાર શ્રી અમૃતભાઈ તથા સ્નેહીજનોએ અલભ્ય લાભ લીધો હતો.

વડુ ગામનાં સમસ્ત હરિભક્તો કથા શ્રવણ અને ધર્મકુળ દર્શન કરીને ધન્ય ધન્ય બન્યા હતા. *(શૈલેષ ટી. પટેલ)*

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર

મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં નૂતન વર્ષના મંગલ દિને વિવિધ પ્રકારના ભાત ભાતના અનેક પ્રકારના પકવાનોનો ભવ્ય અન્નકૂટ ઠાકોરજીને ધરાવવામાં આવેલ. ઝાલાવાડ પ્રાંતના હજારો ભાવિક ભક્તોએ અન્નકૂટ દર્શન કરી જીવન ધન્ય બનાવ્યું. દિવાળીના પ્રસંગોએ ઘણાજ હરિભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા. અત્રેના મહંત શાસ્ત્રી સ્વામી નારાયણપ્રસાદદાસજીના માર્ગદર્શનથી સ્વામી હરિસ્વરૂપદાસજી, કોઠારી શા. આત્મપ્રકાશદાસજી તથા ભંડારી શ્રીપ્રકાશદાસ આદિ સંતમંડળે ખૂબજ સુંદર આયોજન કરી હરિભક્તોને રાજી કર્યા હતા.

(પાર્ષદ ભરત ભગત)

ધ્રાંગધ્રા (બહેનોનું) શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી શ્રાવણ

મહિનામાં અત્રેના મંદિરમાં શ્રી શિક્ષાપત્રી વાંચનનું સમાપન ધામધૂમથી થયું હતું. સાંજના ૬ થી બીજા દિવસ ભાદરવા સુદ-૧૫ સુધી અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન યોજવામાં આવી હતી. સાં. ગૌરીબા તથા સાં. હેતલબાની પુણ્ય તિથિ નિમિત્તે કથા વાર્તા અને કીર્તન ભક્તિ કરવામાં આવેલ. આ પ્રસંગે મોરબીથી સાં. ઉષાબા અને સાં. રાજકુંવરબા આદિ સૌ બહેનો ઉપસ્થિત રહ્યાં હતા. અહીંયા સૌ બહેનો ભગવાનનું ખૂબજ ભજન કરે છે. *(જયશ્રીબેન)*

લીંબડી મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી તથા સાધુ ભક્તવત્સલદાસ (મહંત સ્વામી)ની પ્રેરણાથી તા. ૧૪-૧૦-૦૮ના શરદ પૂનમના રોજ ઈન્દ્રપુરના (ગાંધીનગર) શ્રી નરનારાયણદેવ યુવક મંડળે બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજ સન્મુખ સુંદર રાસ રમીને સૌને આનંદિત કર્યા હતા. આરતીના યજમાનનો લાભ શ્રી બળવંતસિંહ પરિવારે (પી.એસ.આઈ.) લીધો હતો. દરેકને પ્રસાદ આપવામાં આવેલ. *(સાધુ વંદનપ્રકાશદાસ)*

શ્રી રોકડીયા હનુમાનજી દાદાના જીરાગઢ (હાલાર-મૂળી પ્રદેશ) ગામે પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

મૂળી દેશના હાલાર પ્રદેશના શિરમોર ગામ જીરાગઢ ખાતે શ્રી રોકડીયા હનુમાનજી મહારાજનો પાટોત્સવ અભિષેક તા. ૨૭-૧૦-૨૦૦૮ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સતત ૩૦ મિનિટ સુધી શુધ્ધ તેલથી વેદ વિધિસર સંપન્ન થયો. સુરત, મુંબઈ, નવસારી, રાજકોટ આદિ શહેરોમાંથી મોટી સંખ્યામાં દાદાના ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા. આ હાલાર પ્રદેશના હરિભક્તોમા મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રી નરનારાયણદેવ ગાદી પરત્વે અનન્ય નિષ્ઠા અને વફાદારી એકએક હરિભક્તના હૃદયમાં છે. ગામના વિશાળ ચોકમાં પ્રાસંગિક સભામાં જેતલપુરના પૂજ્ય પી.પી. સ્વામી, મૂળી મંદિરના મહંત શા. સ્વામી નારાયણપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી, ચરાડવા મહંત શા. સ્વામી હરિપ્રકાશદાસજી અને યુવાન નિષ્ઠાવાળા હરિભક્તોએ ખૂબજ ખમીરવંતુ, ભલભલાના શ્વાસ થંભી જાય તેવું, દેવ-આચાર્યના મહિમા માહાત્મ્ય સાથે ખૂબજ મનનીય અને રૂચિકર જ્ઞાન સભર પ્રવચન કરીને આખી સભાને રસ તરબોળ કરી દીધી હતી. છતાં પણ સૌને ઈતેજારી અને આતુરતા તો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદવચનો સાંભળવાની હતી. તાળીઓના ગડગડાટ સાથે ધર્મકુળના જયઘોષ જયનાદ સાથે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રી નરનારાયણદેવનો પક્ષ, દૃઢ આશરો, નિષ્ઠા અને ખૂબજ બળ રાખીને સત્સંગની પ્રવૃતિ સૌના સહકાર સાથે કરવી. એમ કહીને સૌને રૂડા આશીર્વાદ આપી ખૂબ ખૂબ રાજી થયા હતા. *(ચંદ્રેશ, જીરાગઢ)*

વિદેશ સત્સંગ સમાચાર

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો પ્રાગટ્યોત્સવ ઉજવાયો.

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે વિજયા દશમીના શુભ મંગલ દિને આપણા પ્રાણ પ્યારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પ્રાગટ્યોત્સવના ઉપલક્ષમાં વિશેષ કાર્યક્રમ રાખવામાં આવેલ.

અત્રેના મહંત સ્વામીએ પ્રાસંગિક સભામાં સૌ પ્રથમ દશેરાનું માહાત્મ્ય સરળ ભાષામાં સમજાવીને શ્રી નરનારાયણદેવ ગાદીના વર્તમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું મહિમા માહાત્મ્ય સમજાવ્યું હતું. અને દેશ વિદેશમાં પ.પૂ. મહારાજશ્રી દ્વારા સત્સંગ વિકાશની પ્રવૃત્તિની ઝલક સમજાવી હતી. યુવાનોએ કેક કાપીને જન્મોત્સવ ઉજવ્યો હતો. પ.પૂ. મહારાજશ્રીની પ્રતિમાનું સભામાં પૂજન અર્ચન કરવામાં આવેલ. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી, પ.પૂ. બિન્દુરાજા તથા શ્રી સૌમ્ય કુમાર અને શ્રી સુવ્રતકુમાર ખાસ પધાર્યા હતા. બહેનોએ તેમનું સ્વાગત પૂજન કરી દર્શન કર્યા હતા.

યજમાન પરિવાર અને મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ. મહંત સ્વામીએ જણાવ્યું કે આજે આપણને સૌને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ અને રાજીપો મળ્યો છે. તેમની આજના મંગલ દિને આજ્ઞા વિશેષ પળાય તેવી શ્રીહરિને પ્રાર્થના. છેલ્લે જન મંગલના પાઠ કરી ધૂન્ય કરી સૌએ પ્રસાદ લીધો હતો.

(પ્રવિણભાઈ શાહ)

વોશિંગ્ટન ડી.સી.

અત્રે તા. ૨૧-૯-૦૮ના રોજ રવિવારના સાંજના ૪ થી ૮ સર્વના પાર્ક કોમ્યુનિટી સેન્ટરના ભવ્ય હોલમાં સત્સંગ સભા યોજવામાં આવી હતી. 'આજ મારે ઓરડે' પદથી સભાનો પ્રારંભ થયો. ત્યારબાદ ૨૭૩ વચનામૃત વાચન, કીર્તન ભક્તિ અને ધૂન કરવામાં આવ્યા હતા. ૧ કલાક સુધી સેલફોન તથા માઈકની મદદથી ન્યુજર્સીથી સાધુ

વ્રજવલ્લભદાસ તથા હરિપ્રિયદાસ સ્વામી એ બાલચરિત્રની કથા સંભળાવી હતી. અહીં દરેક સભામાં નવા આશ્રિતોનો ઉમેરો થાય છે. એક ભાઈ અને બહેન જે આપણા ચૂસ્ત હરિભક્ત છે તેમણે અલૌકિક સુરમાં કીર્તન ભક્તિ કરીને સૌન રસ તરબોળ કર્યા હતા. શ્રી નરનારાયણદેવ ગાદી પરત્વેનું મમત્વ અને નિષ્ઠામાં ઉત્તરોત્તર વધારો જોવા મળે છે. પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી પ્રસંગની પ્રવૃત્તિ ખૂબજ સારી થાય છે.

(કનુભાઈ પટેલ)

લેસ્ટર (યુ.કે.) શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રાધ્ધમાં શ્રીહરિ પ્રસન્નાર્થે તા. ૨૬-૯-૦૮ થી ૨૮-૯-૦૮ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિ જીવનની ત્રિદિનાત્મક કથા શા. સ્વામી ઘનશ્યામદાસજીએ પોતાની સુંદર વાણીમાં કથામૃત પાન કરાવ્યું હતું. શાસ્ત્રી કેશવચરણદાસજીએ શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળનું માહાત્મ્ય સરળ ભાષામાં સમજાવ્યું હતું. પ.ભ. પ્રભુલાલભાઈ આણંદભાઈ ચોટલીયા પરિવારે યજમાન પદનો લાભ લીધો હતો.

તા. ૯-૧૦-૦૮ ગુરુવારના રોજ આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૩૬ માં પ્રાગટ્યોત્સવ પ્રસંગે સભામાં શાસ્ત્રી ઘનશ્યામસ્વામીએ ધર્મકુળ માહાત્મ્ય સમજાવ્યું હતું. કોલી મંદિરથી શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ પણ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે ધર્મવંશીનું મહિમા માહાત્મ્ય સમજાવ્યું હતું. લેસ્ટરના યુવક મંડળે આજના દિને કેક કાપી અને પૂ. મહારાજશ્રીની પ્રતિમાનું પૂજન-અર્ચન કરીને સૌ એ અંતરના આશીર્વાદ મેળવ્યા હતા.

કાળી ચૌદશના રોજ શ્રી કષ્ટભંજન દેવનું પૂજન - અર્ચન આરતી શાસ્ત્રોક્ત વિધિથી થયું હતું. તા. ૨૮-૧૦-૦૮ના રોજ શારદા પૂજન અને તા. ૨૯-૧૦-૦ના રોજ નૂતન વર્ષના મંગલ દિવસે ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવેલ. બપોરના ૧૨ થી ૪ સુધી અન્નકૂટ દર્શન કરાવવામાં આવ્યા હતા. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો નૂતન વર્ષનો આશીર્વાદ પત્ર વંચાવવામાં આવેલ.

આજના પ્રસંગમાં કષ્ટભંજનદેવ પૂજનના યજમાન શ્રી હરિશભાઈ ગોવિંદભાઈ પટેલ, અન્નકૂટના યજમાન પ.ભ. મુળજીભાઈ લક્ષ્મણભાઈ કાચા (કાચા ટેલર્સ) અને તેમના ભાઈ પ.ભ. વિનોદભાઈ લક્ષ્મણભાઈ કાચા (શ્રીજી ટેલર્સ) એ લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું. પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે.

(કાનજીભાઈ માલવી અને કિરણ ભાવસાર)

શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરન્ટો કેનેડામાં ઉજવાયો ભવ્ય દીપોત્સવ અને અન્નકૂટ મહોત્સવ

શ્રીહરિએ જેને સત્સંગદીપના ઉત્સવની ઉપમા આપી છે તે પંચ દિવસીય પ્રકાશનું પર્વ અત્રેના નૂતન અને ભવ્ય મંદિરમાં અતિ હર્ષ ઉલ્લાસ અને ધામધૂમથી ઉજવાયું.

તા. ૨૬-૧૦-૦૮ ને રવિવાર ધનતેરશના દિવસે સાંજે ૪ થી ૭ નિયમિત સત્સંગ સભા તથા શ્રી લક્ષ્મીપૂજન તથા વર્ષના અંતિમ દિવસની મનોહર આરતીના દર્શન થયા.

બુધવાર તા. ૨૯-૧૦-૦૮ ના નૂતન વર્ષનાં નવલા પ્રભાતે સવારે ૯ થી ૧૨ દરમ્યાન મનોહર શ્રી ઘનશ્યામમહારાજ, શ્રી નરનારાયણદેવ શ્રી રાધાકૃષ્ણદેવ ખૂબ સુંદર સાજ સજીને દર્શન દેવા પધાર્યા હતા. સર્વે હરિભક્તો પ્રેમપૂર્વક ઠાકોરજીના અન્નકૂટ માટે વ્યંજનો બનાવીને લાવેલા તે શ્રીહરિ સન્મુખ ધરાવવામાં આવ્યા, અને સંવત ૨૦૬૫ ના નવા વરસના પ્રથમ દિવસની મનોહર આરતી કરવામાં આવી.

રવિવાર તા. ૨-૧૧-૦૮ ના દિવસે સાંજે ૪ થી ૮ દરમ્યાન ભવ્ય અન્નકૂટોત્સવ ઉજવવામાં આવ્યો. સૌ ભક્તજનો અતિ પ્રેમપૂર્વક શ્રીહરિ માટે અવનવી વાનગીઓ તૈયાર કરીને લાવેલા હતા. મંદિરમાં પણ સેવા ભાવી બહેનોએ મહાપ્રભુ માટે સુંદર રસોઈ બનાવી હતી.

જ્યારે અન્નકૂટનાં એ સમગ્ર વ્યંજનો સુંદર રીતે શ્રીહરિ સન્મુખ ગોઠવવામાં આવ્યાં ત્યારે એ "ભવ્ય અન્નકૂટ" તથા ભવ્યાતિભવ્ય એવં શ્રી નરનારાયણદેવ, શ્રી ઘનશ્યામમહારાજ અને શ્રી રાધાકૃષ્ણદેવ સહિત સમગ્ર મંદિર અતિ સુંદર દીસતું હતું. આખુંય મંદિર બાઈ-ભાઈ ભક્તજનોની ભીડથી ગુંજતું હતું. ૪ થી ૭ દરમ્યાન પ્રત્યેક કલાકે શ્રીહરિની આરતી ઉતારવામાં આવી હતી. સુંદર ભાવવાહી કીર્તનો અને નારાયણ ધૂન્યની રમઝટ મચી હતી. "અન્નકૂટોત્સવ"ના અંતિમચરણમાં સર્વે ભક્તજનોએ ખૂબ શાંતિપૂર્વક અને વ્યવસ્થિત રીતે અન્નકૂટનો મહાપ્રસાદ લીધો હતો.

જે દિ'થી આ નોર્થ અમેરિકાના વિશાળ અને સોહામણા પ્રદેશમાં શ્રીહરિ પધાર્યા ત્યારથી લઈને અત્રે સત્સંગ ખૂબ વધતો ચાલ્યો છે અને ખાસ કરીને યુવા વર્ગ ઉત્સાહપૂર્વક સત્સંગના કોઈપણ કાર્યમાં ઉમળકાભેર ભાગ લઈ રહ્યો છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનાં આશીર્વાદ અમો સર્વ ઉપર ઉતરે એવી પ્રાર્થના આ નવા વરસે કરીએ છીએ.

(અતુલભાઈ પોથીવાલા)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૫૦૦૧-૦૦ શ્રી ચૌધરી કાંતિભાઈ હાથીભાઈ (પંડિત) તરફથી સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદીના પ્રથમ આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની ૨૦૦ મી જન્મજયંતી 'ધર્મકુળ વંદના મહોત્સવ' ધામધૂમથી ઉજવાય તેવા રૂડા સંકલ્પ સાથે	બાપુપુરા (માણસા)
૧૦૧-૦૦ શ્રી મુકતાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી જગદીશ બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી ભરત બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી કીર્તિકુમાર બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી મહેન્દ્રકુમાર બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી દિલીપ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામજગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી જય કીર્તિકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી હાર્દિક દિલીપકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૨૫૧-૦૦ શ્રી વિજ્યાબેન જયંતીલાલ ચૌહાણ શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૦૧-૦૦ શ્રી પ્રવિણચંદ્ર ડી. રાવલ શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૦૦-૦૦ શ્રી પરેશકુમાર રજનીકાંત કા. શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૧૦૦-૦૦ શ્રી સંજયકુમાર રવિશંકર કા. શ્રીજી પ્રસન્નાર્થે	ભાયંદર
૧૦૧-૦૦ શ્રી સુશીલાબેન દશરથલાલ પટેલ આખો પરિવાર અમેરિકા પહોંચ્યો તે નિમિત્તે	કોઠાવાળા
૧૧૧-૦૦ શ્રી કૈલાશબેન ભક્તિભાઈ બી. પટેલ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	દેઉસણાવાળા
૧૦૧-૦૦ શ્રી સંજયભાઈ નરેન્દ્રભાઈ ભાવસાર નવી દુકાન લીધી તે નિમિત્તે	અમદાવાદ
૫૦૧-૦૦ શ્રી કરશનભાઈ કાનજીભાઈ પટેલ શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો રાજ્ય સરકારે એવોર્ડ આપ્યો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી હિતેન્દ્રકુમાર ભીખાભાઈ શંકરલાલ પટેલ સિવીલ એન્જી.માં એડમીશન નિમિત્તે	વિહારવાળા
૧૦૧-૦૦ અ.નિ.શ્રી અમૃતભાઈ મોતીજી એચ. ચૌધરીના સ્મરણાર્થે	બાલવા
૧૦૧-૦૦ શ્રી છગનલાલ મુરજીભાઈ રાઠોડ ચિ. અમીષનું વેવિશાળ કર્યું તે નિમિત્તે	વિર્લે પારલે - મુંબઈ
૧૦૧-૦૦ શ્રી ચંદુભાઈ રામસંગભાઈ ખેર ચિ. શિતલબેનને બી.એડ.માં એડમીશન નિમિત્તે	દાંતીવાડા
૧૦૦-૦૦ શ્રી તૃષિતકુમાર શંકરભાઈ પટેલ એલ.આઈ.સી.માં કરોડપતિ થયા તે નિમિત્તે	કનીપુર
૧૦૧-૦૦ શ્રી અનીલભાઈ અમથાલાલ મહેતા ચિ. કેતન યુરોપની ટુરમાં ગયો તે નિમિત્તે	સેટેલાઈટ
૧૦૦-૦૦ શ્રી વિનુભાઈ બી. લીંબાચીયા ચિ. રિકીસને એમ.સી.એ.માં એડમીશન નિમિત્તે	
૫૦૧-૦૦ શ્રી જનકભાઈ લાલજીભાઈ પટેલ ચિ. પૂજાને એમ.બી.બી.એસ.માં સુરત ખાતે એડમીશન નિમિત્તે	નેત્રામલી
૧૦૧-૦૦ શ્રી કેયુર કુમુદભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	નવાગામ
૧૦૦-૦૦ શ્રી વિજયભાઈ મંગળદાસ પટેલ ચિ. કૌશલ એન્જી.માં પ્રથમવર્ષમાં સારા ટકાએ પાસ થયો તે નિમિત્તે	ગોવિંદપુરા
૧૦૦-૦૦ શ્રી ગોવિંદભાઈ જેશંગભાઈ ચાવડા ચિ. સહદેવસિંહના ૫ માં જન્મદિન નિમિત્તે	બળોલવાળા
૧૦૧-૦૦ શ્રી ભૂમિકા સતીષભાઈ ધો-૧૦ માં ૮૩% આવ્યા તે નિમિત્તે	દેવડા
૧૦૧-૦૦ અ.નિ.શ્રી વિદુરભાઈ રામભાઈ અમીનના સ્મરણાર્થે	વિરસદ
૧૫૧-૦૦ એક સત્સંગી બહેન શ્રીજી પ્રસન્નાર્થે	
૨૦૧-૦૦ અ.નિ.શ્રી વિશાલભાઈ સુરેશભાઈ પટેલ ફટ્ટી પુણ્ય તિથિ નિમિત્તે	વાવોલ
૧૦૧-૦૦ શ્રી નરનારાયણ કિરાણા સ્ટોર્સ શ્રીજી પ્રસન્નાર્થે	મારૂસણા
૧૦૧-૦૦ શ્રી વિનયકાન્ત નટવરલાલ ઠક્કર ચિ. દિવ્યેશને **ICICI** બેંક દ્વારા એવોર્ડ મળ્યો તે નિમિત્તે	બોપલ
૧૧૧-૦૦ શ્રી નટવરલાલ રણછોડલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી હરિકૃષ્ણ ઘનશ્યામભાઈ સોની જન્મદિન નિમિત્તે	જીવરાજપાર્ક
૧૦૧-૦૦ શ્રી નરેન્દ્રભાઈ પી. ભટ્ટ શ્રીજી પ્રસન્નાર્થે	વેજલપુર
૧૦૧-૦૦ શ્રી કાર્તિકભાઈ નરેન્દ્રભાઈ ભટ્ટ ધોરણ-૧૨ માં પાસ થયા તે નિમિત્તે	વેજલપુર
૧૦૧-૦૦ શ્રી રિયા ધર્મેશ વંડરા જન્મદિન નિમિત્તે	અમદાવાદ

૧૦૧-૦૦ અ.નિ.શ્રી નારણભાઈ ગોવિંદભાઈ સુહાગીયા પુણ્યતિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી મીતાબેન રાજેન્દ્રભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ધનસુરા
૫૦૧-૦૦ શ્રી નિતીનભાઈ જગાભાઈ ગજજર શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૦૧-૦૦ શ્રી દેવેન્દ્રભાઈ ગોપાલભાઈ ગોહિલ શ્રીજી પ્રસન્નાર્થે	જામનગર
૧૦૧-૦૦ શ્રી નિલેશભાઈ મહેશભાઈ કા.પ. ચિ. કેનાબેનના જન્મદિન નિમિત્તે	કઠલાલ
૧૦૧-૦૦ શ્રી સવિતાબેન માધવલાલ ભગત શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી સૌમ્ય કેતનભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	અસલાલી
૫૦૧-૦૦ શ્રી હરજીવનભાઈ જે. રાણપરા નવી મારૂતિવાન લાવ્યા તે નિમિત્તે	ચરખડી (અમદાવાદ)
૫૦૧-૦૦ શ્રી જિતેન્દ્રકુમાર હરજીવનભાઈ નવા બંગલાના વાસ્તુ નિમિત્તે	ચરખડી (અમદાવાદ)
૫૦૧-૦૦ અ.નિ.પ.ભ. બિપીનભાઈ નારણભાઈ પટેલ ચોથી પુણ્ય તિથિ નિમિત્તે (હ. રિન્કેશ, રિધ્ધિ)	ઉનાવા
૧૦૧-૦૦ શ્રી વલ્લભભાઈ ખેમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વસઈ ટીંબા
૧૦૧-૦૦ શ્રી હસમુખભાઈ પ્રહલાદભાઈ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	નારણપુરા
૨૧૦-૦૦ શ્રી છાયાબેન ભૂપેન્દ્રકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૧૦૧-૦૦ શ્રી ભાવનાબેન મનસુખભાઈ પટેલ નવું એકટીવા લીધું તે નિમિત્તે	નવાવાડજ
૧૫૧-૦૦ શ્રી કુશલ નટવરભાઈ મફતભાઈ પટેલ એકટીવા લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૫૦૧-૦૦ શ્રી પરેશભાઈ તુલસીભાઈ દોંગા શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૦૧-૦૦ શ્રી પ્રવિણસિંહ વાધુભા રાણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાગટ્યોત્સવ પ્રસંગે	તાવી
૧૦૦-૦૦ શ્રી બટુકભાઈ માવજીભાઈ પ્રજાપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે	બાવળા
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ ચંદુભાઈ પટેલ ૬૦ મા જન્મદિન નિમિત્તે	કણભાવાળા
૧૦૧-૦૦ અ.નિ.શ્રી અમૃતલાલ જે. ભટ્ટના સ્મરણાર્થે (૨૦-૭-૦૮)	જીરાગઢ-રાજકોટ
૧૦૦-૦૦ શ્રી અભિષેક નરસીભાઈ મારવી વિજયા દશમીના વકીલાતની ઓફિસના ઉદ્‌ઘાટન પ્રસંગે	જીરાગઢ-સુરત
૧૦૦-૦૦ શ્રી મનીષા રાજેશકુમાર દયાલજી ટાંક ચિ. જયનીશકુમારના જન્મદિન નિમિત્તે	જીરાગઢ
૧૦૦-૦૦ શ્રી દર્શનકુમાર, પુનિત તથા જય ટાંક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાગટ્યોત્સવ પ્રસંગે	સુરત
૧૦૧-૦૦ શ્રી જયંતીભાઈ લાલજીભાઈ ચૌહાણ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાગટ્યોત્સવ પ્રસંગે	ઓલપાડ
૧૫૧-૦૦ શ્રી ભરતભાઈ કાંતિલાલ પરમાર ને ત્યાં ભવ્યના જન્મપ્રસંગે	અમદાવાદ
૧૫૧-૦૦ ભવ્ય ફેશન ફેમીલી ફૂટવેરના મુહૂર્ત નિમિત્તે	સરસપુર
૧૦૧-૦૦ શ્રી પ્રેમજીભાઈ કાશીભાઈ પુરોહિત નવી અલ્ટો ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૫૦૦-૦૦ શ્રી નૈષદ બાબુલાલ પટેલ નવા સ્ટોરના ઉદ્‌ઘાટન પ્રસંગે	અમેરિકા
૨૦૨-૦૦ શ્રી પૃથા જગદીશભાઈ અમીન એમ.કોમ.માં પાસ થયા અને જન્મદિન પ્રસંગે	કાંકરિયા
૧૦૧-૦૦ શ્રી જસ્મીન જગદીશભાઈ અમીન અમેરિકા ગયા તે નિમિત્તે	કાંકરિયા
૧૧૦-૦૦ શ્રી ચંદુલાલ જીવાભાઈ પટેલ છપૈયા અયોધ્યા યાત્રા નિમિત્તે	ઈટાદરા
૧૫૧-૦૦ શ્રી હેમલબેન સુરેશભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	નડીયાદ
૧૦૧-૦૦ શ્રી વિમલ તથા સંજય મહેશકુમાર વર્ષ ગાંઠ નિમિત્તે	કોચરબ
૧૦૧-૦૦ શ્રી હરેશકુમાર રતિલાલ પટેલ નવું બાઈક લીધું તે નિમિત્તે	મેઘાણીનગર
૧૦૦-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી વિજયા દશમી નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦ શ્રી ગજુભા ઉદેસિંહ પુવાર (સરપંચ) ચિ. મીનબાના લગ્ન પ્રસંગે	વક્તાપુર
૧૦૧-૦૦ શ્રી બાબુભાઈ જીણાભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરા રોડ
૧૦૧-૦૦ શ્રી કાંતાબેન રામભાઈ પટેલ ચિ. કેતનના જન્મદિન નિમિત્તે	મોખાસણ
૧૦૧-૦૦ શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦ શ્રી વિજુબેન લક્ષ્મણસિંહ દરબાર ચારધામયાત્રા નિમિત્તે	વસઈ ટીંબા
૧૫૧-૦૦ શ્રી સ્નેહલ ગીરીશભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦ શ્રી જયરાજસિંહ ભરતસિંહ પરમાર જન્મદિન નિમિત્તે	બળોલવાળા
૧૦૧-૦૦ શ્રી વાલજી મુળજી રાઠોડ ચિ. કૌશિકના જન્મદિન નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦ શ્રી સચિન ભરતભાઈ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	મહેસાણા
૧૦૧-૦૦ શ્રી સુનીલ મોહનભાઈ પરમારને ત્યાં તનીશાના જન્મદિન નિમિત્તે	ચાંદલોડીયા
૧૦૧-૦૦ અંશ જીતેન્દ્રભાઈ પટેલ બાબરી નિમિત્તે	વક્તાપુર
૧૦૧-૦૦ શ્રી અનીતાબેન ભરતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રતનપુર
૧૦૧-૦૦ શ્રી હરજીવનદાસ રામાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રતનપુર
૧૦૧-૦૦ શ્રી રંજનબેન ગોવિંદભાઈ પંચાલ કાજલબેનની તબીયત સારી થઈ તે નિમિત્તે	અમદાવાદ

૧૦૧-૦૦ શ્રી મનોરમાબેન પિયુષભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીંબા
૧૦૧-૦૦ ક્રિસ દિપકભાઈ પ્રહલાદભાઈ જન્મદિન નિમિત્તે	ડાંગરવા
૧૦૦-૦૦ શ્રી ભગવાનભાઈ મહાદેવભાઈ મોરી ચિ. ભાણા અલૌકિકના જન્મપ્રસંગે	ડેડીયાસણ
૧૦૧-૦૦ અ.નિ.શ્રી જસવંતલાલ છનાલાલ ભાવસારના સ્મરણાર્થે (ભા.વ.-૧૧)	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી કાંતિલાલ જીણાભાઈ નાઈ રૂષભના જન્મદિન નિમિત્તે	ડેમાઈ
૧૦૧-૦૦ શ્રી નરનારાયણદેવ કિરાણા સ્ટોર્સ શ્રીજી પ્રસન્નાર્થે	મારૂસણા
૧૦૧-૦૦ શ્રી પિનાકીનભાઈ ગાંડાલાલ પટેલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	કોઠા
૧૦૧-૦૦ શ્રી કોકીલાબેન ભરતભાઈ મુલાણી ચિ. અમરના જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી પરસોતમદાસ હરજીવનદાસ પટેલ શ્રી નરનારાયણદેવની કૃપાથી બન્ને પૌત્રના ઉચ્ચ અભ્યાસાર્થે	
૧૦૧-૦૦ શ્રી હંસાબેન ગઢવી શ્રીજી પ્રસન્નાર્થે	સાદરા
૧૦૧-૦૦ શ્રી ધવલકુમાર રાજેશભાઈ પટેલ તેમના માતુશ્રી, પુષ્પાબેનના સ્મરણાર્થે	દહેગામ
૧૦૧-૦૦ શ્રી પિયુષભાઈ રસિકભાઈ પટેલ ચિ. હેતના જન્મદિન નિમિત્તે	મોખાસણ
૧૦૧-૦૦ શ્રી અરવિંદભાઈ પુરુષોત્તમદાસ પટેલ શ્રીજી મહારાજે સંકલ્પ પૂર્ણ કર્યો તે નિમિત્તે	ઉવારસદ
૧૦૧-૦૦ શ્રી કુશકુમાર નરેશભાઈ ડાહ્યાભાઈ જન્મદિન નિમિત્તે	સોજા
૧૦૧-૦૦ શ્રી અવનીબેન મુકેશભાઈ ખડાલીયા ધો-૧૦ માં ૯૦% આવ્યા તે નિમિત્તે	સૈજપુરબોધા
૧૦૧-૦૦ શ્રી પ્રશાંત અમૃતલાલ પટેલ બી.ઈ.માં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે	ધરમપુરવાળા
૧૦૧-૦૦ શ્રી ધ્રુવકુમાર પ્રમોધભાઈ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	વીરાવાડા
૧૦૧-૦૦ શ્રી ગીતાબેન પંકજકુમાર પરમાર ચિ. શ્લોકના જન્મદિન નિમિત્તે	મણીનગર
૧૦૧-૦૦ શ્રી હર્ષદભાઈ ચંદુલાલ મોદી ચિ. પ્રાર્થના ધો-૧૦માં ૮૧% એ પાસ થઈ તે નિમિત્તે	ઊંઝા
૧૦૦-૦૦ શ્રી હિરાકાન્તા હિંમતલાલ ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે	બાલાસિનોર
૧૦૦-૦૦ શ્રી નયન રમેશચંદ્ર પટેલ નોકરી મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી જગદીશભાઈ બાબુભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૧૦૧-૦૦ શ્રી દિશાંત જગદીશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ખેરોલ-નરોડા
૧૦૧-૦૦ શ્રી કેતનકુમાર બાબુલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ખેરોલ-નરોડા
૧૦૧-૦૦ દેવ કેતનકુમાર બાબુલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ખેરોલ-નરોડા
૨૦૧-૦૦ ડૉ. મનસુખભાઈ મનજીભાઈ પટેલ ફોરવીલ ગાડી લાવ્યા તે નિમિત્તે	નવાવાડજ
૨૫૧-૦૦ શ્રી પંકજકુમાર લક્ષ્મણભાઈ જોઈતારામપટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સોજાવાળા
૧૫૧-૦૦ શ્રી કનુભાઈ કેશવલાલ પટેલ ચિ. હાર્દિક માટે હોન્ડા પેસન લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી પરેશકુમાર વિનોદચંદ્ર ઠક્કર ચિ. શિવના જન્મદિન નિમિત્તે	સાણંદ
૧૦૧-૦૦ શ્રી વસંતબેન વિનોદચંદ્ર ચિ. ભાણો દેવના જન્મદિન પ્રસંગે	સાણંદ
૨૦૧-૦૦ શ્રી દિપકભાઈ હેમરાજભાઈ મારવી શ્રીજી પ્રસન્નાર્થે	જીરાગઢ
૨૦૧-૦૦ શ્રી ચુનીલાલ લલ્લુભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ અ.નિ. અ.સૌ. જ્યોત્સનાબેન બિપીનચંદ્ર જાનીના સ્મરણાર્થે	વરસોડા
૧૫૧-૦૦ શ્રી ખુશાલી કલ્પેશભાઈ શાહ ફીજીયોથેરાપીમાં બીજા વર્ષમાં પાસ થઈ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી પૌવિન અને નિશાન અરવિંદભાઈ પટેલ મનોકામના પૂર્ણ થઈ તે નિમિત્તે	હાંસોલ
૧૦૧-૦૦ શ્રી મરધાભાઈ હરિભાઈ પટેલ અ.નિ. મણીબાના સ્મરણાર્થે	કાળીગામ
૧૦૦-૦૦ શ્રી અશોક કરમશીભાઈ નવી વેગનઆર ગાડી લાધી તે નિમિત્તે	જીરાગઢ
૧૦૧-૦૦ શ્રી રસિકલાલ બાબુલાલ મોદી કોમ્પ્યુટર અને સોફા લાવ્યા તે નિમિત્તે	નરોડા
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ સુખડીયા શ્રીજી પ્રસન્નાર્થે	દહેગામ
૧૦૧-૦૦ શ્રી સુરેશભાઈ ડાહ્યાભાઈ દરજી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી સાક્ષીબેન પિયુષભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	ભાયંદર
૧૦૧-૦૦ શ્રી રણછોડભાઈ દેવજીભાઈ પટેલ ચિ. દિવાકર અને ચિ. ચિરાગના જન્મદિન નિમિત્તે	આણંદપુર (ભાલ)
૧૫૧-૦૦ ડૉ. હરિકૃષ્ણ ગોકળભાઈ પટેલ સેન્ટ્રો ગાડી લાવ્યા તે નિમિત્તે	સાપાવાડા
૧૦૦-૦૦ શ્રી ઘનશ્યામભાઈ ગોકળભાઈ પટેલ સેન્ટ્રો ગાડી લાવ્યા તે નિમિત્તે	સાપાવાડા
૧૫૧-૦૦ શ્રી મહેંક રાજેશભાઈ જન્મદિન નિમિત્તે	વાવોલ
૫૦૦-૦૦ શ્રી મનોજ કાંતિલાલ ટી. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૦૧-૦૦ શ્રી હિતેશ કરશનભાઈ રાઠોડ કોમ્પ્યુટર કલાસ ચાલુ કર્યા તે નિમિત્તે	રતનપર (ટીંબાવાળા)
૩૦૦-૦૦ શ્રી વનાજીભાઈ ચૌધરી શ્રીજી પ્રસન્નાર્થે	બાલવા
૧૦૧-૦૦ શ્રી તારાબેન લાલજીભાઈ પૂનમનિમિત્તે	સહીજ

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

તિથિ	રસોઇ આપનારનું નામ	ગામ
ભાદરવા સુદ-૧	પ.ભ. રમણભાઈ નારણદાસ પટેલ	
	પ.ભ. અમૃતભાઈ પ્રહલાદભાઈ પટેલ	
ભાદરવા સુદ-૬	પ.ભ. મહેન્દ્રભાઈ શાહ	શિયાણીવાળા
	પ.ભ. બાબુભાઈ શંભુભાઈ પટેલ	
	અનિ.પ.ભ. જયંતીલાલ ભાણજીભાઈ વૈદ્ય	ખંડીરાયા
ભાદરવા સુદ-૭	પ.ભ. પરાક્રમસિંહ કે. ઝાલા (સ્વા.મંદિર, કાલુપુર કર્મચારી)	અમદાવાદ
	પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ	ગાંધીનગર
ભાદરવા સુદ-૮	પ.ભ. નારણભાઈ જાદવજીભાઈ	મોરબી
ભાદરવા સુદ-૧૦	પ.ભ. જયંતીભાઈ ભલાભાઈ પટેલ	ધમીજ
ભાદરવા સુદ-૧૨	પ.ભ. તલશીભાઈ બેચરભાઈ પટેલ	લાલોડા
ભાદરવા સુદ-૧૩	પ.ભ. સવિતાબેન રવજીભાઈ પરમાર (ભક્તિ મહિલા મંડળ)	અમદાવાદ
ભાદરવા સુદ-૧૪	અનિ.પ.ભ. પોપટલાલ ગણપતલાલ ખત્રી	
ભાદરવા વદ-૩	પ.ભ. મહાદેવભાઈ અમૃતભાઈ ચૌધરી, જશુભાઈ અમૃતભાઈ ચૌધરી	
ભાદરવા વદ-૬	અનિ.પ.ભ. શંભુભાઈ નરસિંહભાઈ પટેલ	
ભાદરવા વદ-૯	પ.ભ. ગીતાબહેન બળદેવભાઈ પટેલ	ઝુલાસણ
ભાદરવા વદ-૧૦	રાધિકા મંડલ - સુહાસ ટેનામેન્ટ	નિકોલ ગામ
	શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ	બાપુનગર
ભાદરવા વદ-૧૨	પ.ભ. શાંતિલાલ ચતુરભાઈ (હ. નરેન્દ્રભાઈ) પટેલ	
	પ.ભ. ઉપેન્દ્રભાઈ લાલજીભાઈ ઠક્કર	
ભાદરવા વદ-૧૩	અનિ. પ.ભ. નારાયણભાઈ રણછોડદાસ પટેલ (હ. પ્રહલાદભાઈ નારાયણભાઈ)	
ભાદરવા વદ-૧૪	પ.ભ. મણીભાઈ નાથાભાઈ પટેલ	ઉનાવા
	અનિ. સ્વા. ધર્મજીવનદાસજી ગુરુ સ્વા. ધર્મસ્વરૂપદાસજી (હ. બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી)	
આસો સુદ-૪	પ.ભ. હરેશભાઈ રમણલાલ શાહ (એડવોકેટ)	અમદાવાદ
આસો સુદ-૬	પ.ભ. પ્રભાબહેન ઘનશ્યામભાઈ દેસાઈ	
	પ.ભ. રતનબહેન કાનજી પટેલ	
આસો સુદ-૯	પ.ભ. અરવિંદભાઈ આર. પટેલ	અમદાવાદ
આસો સુદ-૧૦	પ.ભ. હંસાબેન ટી. પટેલ (હ. પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી)	
	પ.ભ. લાલજીભાઈ મનજી મેઘાણી	બળદીયા
	પ.ભ. મયંક ધીરેનભાઈ અનંતરાય કામદાર	પોરબંદર
આસો સુદ-૧૨	પ.ભ. ઉમિયાશંકર ગૌરીશંકર રાવળ	ખંભાત
	પ.ભ. રણજીતભાઈ સોલંકી, અનિ. નિર્મળાબેન સોલંકી	
આસો સુદ-૧૪	અનિ. વેલજીભાઈ વીરજીભાઈ લાધાણી, અનિ. ધનબાઈ વેલજી લાધાણી	સામત્રા (કચ્છ)
આસો વદ-૩	અનિ. હજુરી પાર્ષદ પેઈન્ટર ભગત (પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તરફથી)	સ્વા. બાગ
આસો વદ-૫	પ.ભ. રમણલાલ મણીલાલ ભાવસાર	અમદાવાદ
	પ.ભ. કાંતિભાઈ વી. પટેલ	અમદાવાદ
આસો વદ-૮	પ.ભ. લાલજીભાઈ મનજી રાજપરીયા	માંડવી (કચ્છ)
આસો વદ-૧૨	અનિ. રળીયતબેન લાધાભાઈ રાઠોડ	
	પ.ભ. વિશ્રામનાથા પંચાણી	
	પ.ભ. પ્રવિણભાઈ ભોળાભાઈ પટેલ	રાજપુરવાળા
	પ.ભ. રૂપેશ રમેશ કેરાઈ	નારણપર
આસો વદ-૧૩	પ.ભ. હંસાબેન ટી. પટેલ (હ. પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી)	
	પ.ભ. વૈદિહીબહેન વિપુલકુમાર ભેંસાણીયા (હ. કનુભાઈ ડૉકટર)	
	પ.ભ. દ્રસમુખભાઈ	
આસો વદ-૧૪	પ.ભ. હંસાબેન ટી. પટેલ (હ. પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી)	
આસો વદ-૩૦	પ.ભ. હંસાબેન ટી. પટેલ (હ. પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી)	

શ્રી સ્વામિનારાયણ અંકના સભ્યો જોગ

શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે વ્હાલા વાચકો સભ્યોને જણાવવાનું કે નવેમ્બર-ડિસેમ્બર-૨૦૦૮ સંયુક્ત (બન્ને ભેગા) દિપોત્સવી અંક રૂપે પ્રકાશિત કરવામાં આવેલ છે. જેથી હવે પછીનો અંક જાન્યુઆરી ૨૦૦૯ માં પ્રકાશિત થશે. જે નિયત કરેલ ૧૧ મી જાન્યુઆરીએ પોસ્ટ કરવામાં આવશે. તેની સૌએ નોંધ લેવી.

(તંત્રીશ્રી)

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર : પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી દીક્ષીત અને મૂળીદેશના ગામોમાં છેલ્લી અવસ્થા સુધી સત્સંગ અર્થે વિચરણ કરતા એવા વયોવૃદ્ધ જ્ઞાનવૃદ્ધ પૂજ્ય સંત સ.ગુ. સ્વામી શ્રી રાધામનોહરદાસજી તા. ૧૯-૧૦-૨૦૦૮ના રોજ ૯૮ વર્ષની ઉંમરે શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી મૂળી દેશના સત્સંગમાં ખૂબજ મોટી ખોટ પડી છે.

શ્રી સ્વામિનારાયણ બાગ મેમનગર : પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ધર્મવંશી પરિવારની સતત પાંચ પેઢીથી હજુર સેવામાં અખંડ પ્રવૃત્ત અને કૃપાપાત્ર નિષ્ઠાવાન તેમજ જેમને આર્ટકલા હસ્તગત હતી. તેમના બનાવેલા ચિત્રો પેઈન્ટીંગ આર્ટ કલાના બેનમૂન અને ખૂબજ ખ્યાતિ પામેલા. પરંતુ તે બધું ધર્મવંશીની કૃપાને આભારી પોતે માનતા. આવા હજુરી પાર્ષદ શ્રી માધવસિંહજી (પેઈન્ટર ભગત) ભગત તા. ૫-૧૦-૨૦૦૮ના રવિવારના દિવસે સર્વોપરિ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સામત્રા (કચ્છ) : પ.ભ. કાનજીભાઈ હરજી નાથા વરસાણી તા. ૨૮-૧૦-૨૦૦૮ મંગળવાર દિવાળીના દિવસે શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. જેઓ દેવ આચાર્યશ્રીના અનન્ય નિષ્ઠાવાળા અને સત્સંગની ખૂબજ સેવા કરતા હતા. તેમના અક્ષરવાસથી કચ્છના સત્સંગમાં મોટી ખોટ પડી છે.

બાલવા : પ.ભ. અશોકભાઈ કનુભાઈ ચૌધરી તા. ૧૫-૧૦-૨૦૦૮ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ-ઘાટલોડીયા : પ.ભ. જસવંતલાલ છનાલાલ ભાવસાર તા. ૨૫-૯-૨૦૦૮ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

માણસા : પ.ભ. ઈશ્વરભાઈ પટેલના માતુશ્રી પ.ભ. મંગુબેન ત્રિભોવનદાસ પટેલ (૯૦ વર્ષ) તા. ૨૭-૯-૨૦૦૮ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


અમદાવાદ-ઈશનપુર : પ.ભ. મગનભાઈ ફકીરભાઈ પટેલ તા. ૨૭-૯-૦૮ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


અમદાવાદ : પ.ભ. બિપીનચંદ્ર ઘનશ્યામપ્રસાદજાની (વરસોડાવાળા)ના ધર્મપત્ની અ.સૌ. જ્યોત્સનાબેન તા. ૨૦-૯-૦૮ ને ભાદરવા વદ-૬ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

વડુગામના શ્રી નરનારાયણદેવ ગાદીના નિષ્ઠાવાન સેવાભાવી પ.ભ. અરવિંદભાઈ તથા પ.ભ. દશરથભાઈ (ચેરીહિલ મંદિર અમેરિકા)ના મોટાભાઈ પ.ભ. ઘનશ્યામભાઈ ભીખાભાઈ પટેલ (વડુવાળા) શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૩-૧૧-૦૮ ના રોજ અક્ષરનિવાસી થયા છે.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.














૧.શ્રી મુક્તિનાથ ભગવાનના દર્શનનાર્થે પગપાળા પધારતા પ.પૂ.મોટા મહારાજશ્રી. ૨.સુંદર રમણીય પોખરા(નેપાલ)ના સરોવરમાં નાવમાં(તરાપો) દર્શન આપતા પ.પૂ.મોટા મહારાજશ્રી. ૩.પુલ્હાશ્રમમાં જયાં શ્રી નીલકંઠવર્ણીએ તપ કરેલ તે દિવ્ય ભૂમિપર છત્રીમાં પધરાવેલ ચરણારવિંદની આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી. ૪.મુક્તિનાથ તીર્થક્ષેત્રમાં મહાપૂજા વિધિમાં બિરાજમાન પ.પૂ.મોટા મહારાજશ્રી. ૫.મહાન તીર્થભૂમિપુલ્હાશ્રમમાં ૧૦૮ ધારામાં પુણ્ય પાવનકારી સ્નાનવિધિ કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી. ૬.અમદાવાદ મંદિરમાં સંત મહાદીક્ષા આપતા પ.પૂ.ધ.ધુ મોટા મહારાજશ્રી.

Registered under RNI-No-GUJGUJ/2007\20221 “Permitted to post at
Ahd PSO on 11th every month under postal Regd. No.GAMC 003 issued SSP Ahd Valid
up to 31-12-08 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/07-08 valid up to 31/12/2













૧.૨.૩. નૂતન વર્ષના અક્ષરમહોલ શ્રી ઘનશ્યામમહારાજ, સર્વોપરિ શ્રીનરનારાયણદેવ, અને રંગમહોલ શ્રી ઘનશ્યામમહારાજના અન્નકૂટ દર્શન. ૪.શ્રી નરનારાયણ દેવના અન્નકૂટ દર્શન કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી. ૫. અમદાવાદ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં સમૂહ શારદાપૂજન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદવિધિસર સંપન્ન થયું. ૬.પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાગટ્યોત્સવ પ્રસંગે સંત-હરિભક્તોની વિશાળ સભામાં દર્શન આપતા શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપો.